بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

## અહલે સુન્નત વ જમાઅત

# برکاتِ خواجہ
# બરકાતે ખ્વાજા

યા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

**માસિક**

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧-જાન્યુઆરી-૨૦૦૮**

ઝીલ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૨૮-૧૪૨૯

વર્ષ : ૦૫, અંક : ૦૧, સળંગ અંક : ૪૯

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## ક઼દરો શાને અહલે બયત....

અઝ : **ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી** رحمۃ اللہ علیہ

બાગે જન્નત કે હૈં બહર મદહખ્વાને અહલે બયત
તુમ કો મુઝ઼દા નાર કા અય દુશ્મનાને અહલે બયત

કિસ ઝબાંસે હો બયાં ઈઝ્ઝો શાને અહલે બયત
મદહગો એ મુસ્તફા હૈ મદહખ્વાને અહલે બયત

ઉન્કી પાકી કા ખુદાએ પાક કરતા હૈ બયાં
આયએ તત્હીરસે ઝાહિર હૈ શાને અહલે બયત

ઉન્કે ઘર બે ઈજાઝત જિબ્રઈલ આતે નહીં
ક઼દરવાલે જાનતે હૈં ક઼દરો શાને અહલે બયત

રઝ્મ કા મયદાન બના હૈ જલ્વાગાહે હુસ્નો ઈશ્ક઼
કર્બલામેં હો રહા હૈ ઈમ્તેહાને અહલે બયત !

ફૂલ ઝખ્મોં કે ખિલાએ હૈં હવાએ દોસ્તને
ખૂનસે સીંચા ગયા હૈ ગુલિસ્તાને અહલે બયત

જુમ્આ કા દિન હૈ કિતાબેં ઝીસ્તકી તય કર કે આજ
ખેલતે હૈં જાન પર શહઝાદગાને અહલે બયત

અય શબાબે ફસ્લે ગુલ યે ચલ ગઈ કૈસી હવા !
કર રહા હૈ લહલહાતા બુસ્તાને અહલે બયત

કિસ શક઼્ક઼ી કી હૈ હુકૂમત હાએ કયા અંધેર હૈ
દિન દહાળે લુટ રહા હૈ કારવાંને અહલે બયત

ખાક પર અબ્બાસો ઉષ્માને અલમબરદાર હૈં
બે કિસી અબ કૌન ઉઠાએગા નિશાને અહલે બયત

બેઅદબ ગુસ્તાખ ફિર્ક઼ાકો સુના દે અય '**હસન**'
યૂં કહા કરતે હૈં સુન્ની દાસ્તાને અહલે બયત


**web. : www.barkatekhwaja.net**


**નોંધ** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

બરકાતે ખ્વાજા (માસિક) જાન્યુઆરી–૨૦૦૮
વર્ષ : ૦૫ અંક : ૦૧ સળંગ અંક : ૪૯


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **'ગુજરાત સમાચાર' દૈનિક સામે કાયદાકીય પગલાં ભરો !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૧ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૩ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૫ |
| ૦૫. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાના સાજિદ પટેલ–દયાદરા | ૧૭ |
| ૦૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૯ |
| ૦૭. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૧ |
| ૦૮. | શેરે ખુદાના કમાલો તથા કરામતો | **રજૂકર્તા** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૨ |
| ૦૯. | ઈમામ હુસૈનથી મહોબ્બત શા માટે ? અને મહોબ્બતનો તકાઝો શું ?! | **રજૂકર્તા** : મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી | ૨૭ |
| ૧૦. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૩૧ |
| ૧૧. | યૌમે આશૂરાની ઈબાદતો | **કાર્યાલય** | ૩૨ |
| ૧૨. | શહાદતે હુસૈનની લાજ રાખશો ?! | **કાર્યાલય** | ૩૩ |
| ૧૩. | કેટલાક જરૂરી મસાઈલ | **કાર્યાલય** | ૩૪ |
| ૧૪. | એક સાચો અને પ્યારો અકીદો | **લેખક** : મૌલાના અબુલખૈર મુહમ્મદ અલ્તાફ કાદરી<br>**અનુ.** : હઝરત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી | ૪૦ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૭ |
| ૧૬. | સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર | **કાર્યાલય** | ૪૮ |

**મુસલમાનો ! "કુર્બાનીમાં બકરી ઝબહ કરવાનો ઉપદેશ કુર્આનમાં ક્યાંય નથી !" એવું છાપનાર.......**

# "ગુજરાત સમાચાર" દૈનિક સામે કાયદાકીય પગલાં ભરો

તંત્રી લેખ



કોઈને કોઈથી વિરોધ હોય અને તે પોતાનો વિરોધ કોઈ સચોટ સબબ, પુરાવા તથા યોગ્ય આધાર હેઠળ કરે તો તેને કાંઈ કહી શકાય નહીં, પણ આટલા મોટા લોકશાહી દેશમાં જેના **બંધારણમાં દરેક ધર્મને પાળવાની તથા ફેલાવવાની સ્વતંત્રતા છે** તેવા દેશમાંનાં વર્તમાન પત્રો કશાય આધાર વિના તદ્દન જૂઠ ચલાવીને, પાયા વિનાની વાતો કરીને આખા જગતના લગભગ દોઢ અબજ મુસલમાનો પર સીધો આક્ષેપ લગાડે કે, **"તમે આ જે ઈબાદત કરો છો તેનો કુર્આનમાં ક્યાંય ઉલ્લેખ નથી !"** ત્યારે આઘાત સાથે આશ્ચર્ય થાય છે કે **જેમને પોતાના ધર્મની પૂરી માહિતી નથી !** તેવાં આ મુસ્લિમ વિરોધી વર્તમાન પત્રો કેવી બુદ્ધિવિહોણી વાતો તથા આંધળો વિરોધ કરી રહ્યાં છે.

જેમ કે **'ગુજરાત સમાચાર'** દૈનિક પત્રે તા. ૩–૧૨–૦૭, પેજ નં. ૧૪માં "ન્યૂઝ ફોકસ" લેખમાં આંખો મીંચીને છાપી માર્યું કે, "દેશભરના મુસ્લિમ બિરાદરો આત્મ નિરીક્ષણ કરે....કુર્આનમાં ક્યાંય નથી કે અલ્લાહે ઈબ્રાહીમને પુત્રનું બલિદાન આપવાની આજ્ઞા કરી હતી.... તો બકરીની કુર્બાની આપવાનો રિવાજ ઈસ્લામમાં ક્યાંથી આવ્યો ?" તેમજ જગા જગાએ લખે છે કે, "ઈસ્લામના જાણકારો કહે છે....." તથા "ઈસ્લામના સ્કોલરો કહે છે કે ઈસ્લામમાં ક્યાંય કુર્બાની ફરજિયાત નથી બનાવવામાં આવી......" વગેરે પણ કોઈ સ્કોલર કે જાણકારોનાં નામો નથી જણાવ્યાં.

**આ સમગ્ર મુસ્લિમ જાતિનું ઘોર અપમાન છે ! તથા કુર્આનને જૂઠલાવવાનો ઉઘાડો પ્રયાસ છે** કેમ કે ઈસ્લામના આગમનથી આજ સુધી સમગ્ર મુસ્લિમ જાતિ કશાય મતભેદ વિના ઈદે અદહા પર જાનવરની કુર્બાની ત્રણ દિવસો દરમ્યાન કરે છે અને તેનો આદેશ કુર્આનમાં સ્પષ્ટ છે અને રસૂલે પાક ﷺના ફર્માનો એટલે હદીષોમાં વિસ્તારપૂર્વક તેના હુકમો તેને લગતા પ્રસંગો વર્ણન કર્યા છે, છતાં આટલી દિલેરીપૂર્વક આવું લખવું એ **"મુસ્લિમોની લાગણી દુભાવવું તથા કૌમી ઉશ્કેરણી ઉભી કરી સમાજમાં તંગદિલી ફેલાવવું છે."**

કુર્બાની કરવી એ હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત (તરીકો) છે અને જેના પર મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺએ પણ અમલ કર્યો અને જાનવરની કુર્બાનીનો સ્પષ્ટ આદેશ આપ્યો, તેના શું સવાબો (પૂણ્યો) છે તે પણ દર્શાવ્યા છે. અને આ કાર્ય એ અલ્લાહની ઈબાદત છે. આ વર્તમાન પત્રનો લેખ એ એટલું મહાન જૂઠ છે જેમ કે મુસલમાનોને કહી દેવામાં આવે કે, "હે મુસલમાનો ! તમે એક ખુદાની ઈબાદત ન કરો ! નમાઝ ન પઢો ! કુર્આનમાં ક્યાંય એક ખુદાની ઈબાદતનો કે નમાઝનો હુકમ નથી !" એવું જ આ જૂઠ છે કે, "કુર્આનમાં ક્યાંય કુર્બાની ઝબહ કરવાનો આદેશ નથી." શું આ વાતોથી મુસલમાનોની ધાર્મિક લાગણી નહીં દુભાય ?! અને આ મુસ્લિમોને ઉશ્કેરીને વાતાવરણને ઉગ્ર કરવાનો પ્રયાસ નથી ?! અને **એવું કરીને દેશની કૌમી એકતા તથા અખંડિતતાને તોડવાનો આ પ્રયાસ નથી ?!**

સાંભળો ! જેમ કે કોઈ વર્તમાન પત્ર હિંદુઓને સીધુ સંબોધન કરીને છાપી મારે કે, "હે હિંદુઓ ! તમે જે પથ્થરોની પૂજા કરો છો તે ખોટુ છે ! તમારાં ધર્મ પુસ્તકોમાં એવું ક્યાંય નથી લખ્યું.... વગેરે

વગેરે અને પોતાની રીતે એના માટે પુરાવા પણ રજૂ કરે, તો શું એના પર હિંદુઓની ધાર્મિક લાગણીને ઉશ્કેરવાનો આક્ષેપ નહીં લાગે ?! જેમ કે આજકાલ વર્તમાન પત્રોમાં સમાચારો ચમકી રહ્યા છે :–

'દિવ્ય ભાસ્કર' દૈનિક પત્ર તા. ૮–૧૨–૦૭માં છે કે પશ્ચિમ બંગાળના મુખ્ય મંત્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્યએ કહ્યું કે, "ભગવાન રામનો જન્મ લોકોની કલ્પનામાં જ થયો હતો અને રામ સેતુ એ તો દરિયા નીચે કુદરતી રીતે રચાયેલો છે." જેનો વિરોધ ભાજપના વરિષ્ઠ નેતા અડવાણી તથા મહામંત્રી રાહુલ સિંહાએ કર્યો. અને એમના પર ધાર્મિક લાગણી દુભાવવાનો જ આક્ષેપ કર્યો છે. એમાં જ છે કે, "થોડા સમય અગાઉ તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કરૂણાનિધિએ પણ ભગવાન રામના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થ કરીને વિવાદ છેડયો હતો જેના કારણે સમગ્ર દેશના હિંદુઓની લાગણી દુભાતાં વિરોધ વંટોળ સર્જાયો હતો. *(દિવ્ય ભાસ્કર, તા. ૮–૧૨–૨૦૦૭)*

એ જ પ્રમાણે 'ગુજરાત સમાચારે' પણ કુર્બાની વિશે મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાય તેવો સ્પષ્ટ જ લેખ લખ્યો છે જેથી એનો ભરપુર વિરોધ થવો જ જોઈએ.

## 'ગુજરાત સમાચાર' સામે કાયદેસર કાર્યવાહી કરો !

આ પણ **મુસલમાનોની એક ઈબાદત પર સીધો આક્ષેપ છે છતાં મુસ્લિમો અજબનો સંયમ રાખીને બેઠા છે !** કે સૂરજ સામે ધૂળ ઉડાવાથી સૂરજનું કોઈ નુકસાન નથી જવાનું ! બલ્કે એ ધૂળ ખૂદ ફેંકનારના મોઢા પર જ પડવાની છે. પણ **મુસલમાનોએ આવા બેલગામ વર્તમાન પત્રોને તદ્દન જતાં કરવાં ન જોઈએ બલ્કે તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ.** નહીં તો વારંવાર આવાં લખાણો એઓ છાપતા જશે. **વિના કારણે કોઈની ધાર્મિક લાગણી ઉશ્કેરવી તથા દુભાવવી એ હિંદુસ્તાનના બંધારણની દષ્ટિએ ગુનો બને છે** તથા એવાં લખાણો લખવાં **જેનાથી કૌમી ઉશ્કેરણી થાય અને વાતાવરણ તંગ થઈને સામાજિક શાંતિ દહોરાય તે પણ ગુનો બને છે.** તો આ મુદ્દે વકીલોની સલાહો મેળવી તેમના પર કેસો કરવા જોઈએ. તો **જાગૃત મુસ્લિમોને મારી વિનંતિ છે કે આ બાબતને ગંભીરતાથી લઈને આ વર્તમાન પત્ર પર જરૂર ઠેર ઠેર કેસો દાખલ કરે.** જો તમે કુર્આન તથા ઈસ્લામના માનને સમજો છો તો આ દિશામાં જરૂર આગળ આવો !

## કુર્બાનીમાં ઝબહ કરવાનો આદેશ કુર્આનમાં

આ પુસ્તકિયા જ્ઞાનવાળા અવાચક જેવા લેખકો **જેમને પોતાના જ ધર્મનું ભાન નથી તેઓ મુસલમાનોને ઈસ્લામ તથા કુર્આન શીખવાડવા નીકળ્યા છે !** જો તેમને કુર્આનનું ખરેખર જ્ઞાન હોત તો કુફ્રના અંધકારમાં ન પડયા હોત ! બલ્કે આજે તેઓ પણ "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહીને કુર્બાની કરતા હોત ! આવો ! કુર્આનમાં તથા ઈસ્લામમાં કુર્બાનીના શું આદેશો છે અને તેનું શું મહત્વ છે તેને સમજી લઈએ :–

એકાએક એક રાત્રે અલ્લાહના ખલીલે (હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ) ખ્વાબમાં જોયું કે ગૈબથી પોકારનાર પોકારી રહ્યો છે, **"પ્યારા ઉઠો ! અને એને પરવરદિગારના નામ પર કુર્બાન કરો !"** તો આપે સો ઘેટાં અલ્લાહની રાહમાં કુર્બાન કર્યાં. બીજા દિવસે ફરી ખ્વાબ આવ્યો તો આપે સો ઊંટ

કુર્બાન કર્યાં. ત્રીજી રાત્રે ફરી ખ્વાબ આવ્યો તો આપે પૂછયું કે કઈ ચીજની કુર્બાની પેશ કરું ? ત્યારે હુકમ થયો કે, "તમારા પ્યારા પુત્ર ઈસ્માઈલની કુર્બાની કરો !" **નબીનો ખ્વાબ એ અલ્લાહની વહી હોય છે અને એના પર અમલ કરવામાં આવે. સામાન્ય માણસોના ખ્વાબ પર અમલ જાઈઝ નથી એ યાદ રાખશો.** ટૂંકમાં એ કે હઝરત ઈબ્રાહીમ عليه السلام એ પોતાના જિગરના ટુકડા હઝરત عليه السلام ને જે કહ્યું તેને **કુર્આને આ પ્રમાણે વર્ણવ્યું છે :–**

(અર્થ) : "હે બેટા ! મેં ખ્વાબ જોયો છે કે તમને ઝબહ કરી રહ્યો છું. આ બારામાં તમારો શો ખયાલ છે ?" *(કુર્આન શરીફ, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૨)*

તેના જવાબમાં હઝરત ઈસ્માઈલ عليه السلام એ જવાબ આપ્યો તે પણ **કુર્આનમાં છે :–**

(અર્થ) : "કહ્યું, અબ્બાજાન ! જે તમને હુકમ થયો છે તેને પાર પાડો ! ઈન્શાઅલ્લાહ ! મને સબ્ર કરનારાઓમાં પામશો." *(કુર્આન શરીફ, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૨)*

અલ્લાહના હુકમ સમક્ષ ગરદન ઝુકાવી દેવી તે આનું નામ ! **નબી જાણતા હોય છે કે અલ્લાહના દરેક હુકમમાં કાંઈ કેટલીય હિકમતો, રહસ્યો છુપાં હોય છે, જેથી જેવો હુકમ થયો તેવું જ પાલન કર્યું.** જેનો ઉલ્લેખ પણ **કુર્આનમાં જ છે કે :–**

(અર્થ) : "જ્યારે બંનેએ ખુદાની હુઝૂર (સમક્ષ) ગરદનો નમાવી દીધી અને બેટાને પેશાનીભેર સૂવાડી દીધો." *(કુર્આન શરીફ, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૩)*

પણ બન્યું એવું કે જ્યારે હઝરત ઈબ્રાહીમ عليه السلام એ પોતાના પુત્રની ગરદન પર છરી ચલાવી તો રબના હુકમથી હઝરત જિબ્રઈલ عليه السلام ફરિશ્તાએ જન્નતમાંથી એક ઘેટુ લાવી હઝરત ઈસ્માઈલ عليه السلام ના સ્થાને રાખી દીધું અને તે ઘેટુ ઝબહ થઈ ગયું અને હઝરત ઈસ્માઈલ عليه السلام ને હઝરત ઈબ્રાહીમ عليه السلام એ એક તરફ ઉભેલા જોયા.

**કુર્આનમાં તેનું આ પ્રમાણે વર્ણન છે,** "હે ઈબ્રાહીમ ! તેં ખ્વાબને સાચો કરી દેખાડયો, બેશક ! અમે પણ એહસાન કરનારાઓને આવો જ બદલો આપીએ છીએ." *(કુર્આન શરીફ, સૂરએ સાફ્ફાત, આયત–૧૦૫)*

આ મહાન કુર્બાનીની યાદમાં મુસલમાનો પર કુર્બાની **વાજિબ** થઈ. જેનો આદેશ પણ **કુર્આન શરીફમાં છે.** આપણા નબી મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ ને હુકમ થયો કે, "તમારા રબને માટે નમાઝ પઢો અને 'કુર્બાની' કરો !" *(સૂરએ કૌષર, આયત–૨)*

**વળી કુર્આનમાં છે** કે રબ તઆલા ફર્માવે છે :–

"ફર્માવી દો (હે નબી !) બેશક ! મારી નમાઝ અને મારી કુર્બાની, મારી જિંદગી અને મારું મૌત અલ્લાહના માટે જ છે, જે બંને જહાનોનો પરવરદિગાર છે." *(કુર્આન શરીફ, સૂરએ અન્આમ, આયત–૧૬૨)*

પોતાના રબના માટે આપણા દિલમાં કેટલો ઈખ્લાસ (નિખાલસતા) છે તેની પરીક્ષા કુર્બાનીઓ વડે જ થાય છે. ભૂતકાળના સમયમાં **જાહિલિયતના (ઈસ્લામ પહેલાં અજ્ઞાનતાના) જમાનામાં** લોકો જાનવરો ઝબહ કરીને તેમનું લોહી કા'બાની દિવાલ પર લગાડતા હતા. કુર્આને અઝીમે આ પદ્ધતિને નિરર્થક દર્શાવી અને સ્પષ્ટતા કરી કે, **ખુદા તઆલાના નામ પર નિખાલસ દિલે "જાનવરને ઝબહ**

**કરવાનું નામ કુર્બાની"** છે. અલ્લાહ તઆલાને ગોશ્ત તથા લોહી સાથે કાંઈ લેવા દેવા નથી, તે તો નિય્યતની સચ્ચાઈ તથા નિખાલસતાને જ જુએ છે જેમ કે **કુર્આનમાં રબ તઆલા ફર્માવે છે :–**

(અર્થ) : "અલ્લાહને હરગિઝ ન તેમના ગોશ્ત પહોંચે છે અને ન તેમનાં લોહી, હા ! તમારી પરહેઝગારી ત્યાં સુધી પહોંચે છે." *(કુર્આન શરીફ, સૂરએ હજ્જ, આયત–૩૭)*

એટલે કે કુર્બાની કરનાર કેવળ નિય્યતના ઈખ્લાસ અને તક્વાની શરતની કાળજી સાથે અલ્લાહને રાજી કરી શકે છે. *(ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૪૧૦)*

**અલ્લાહે આંખો આપી હોય તો** એવું કહેનારા કે, "કુર્આનમાં કુર્બાનીનો કોઈ ઉલ્લેખ નથી, જાનવર ઝબહ કરવાનો આદેશ નથી." તેઓ જોઈ લે કે **કુર્આનમાં અગણિત આયતો થકી કેટલા સ્પષ્ટપણે કુર્બાનીમાં જાનવરને ઝબહ કરવાના આદેશો છે.** અને ઈસ્લામમાં **લોહીનાં છાંટા ક્યાંય ઉડાડવાની જરૂર નથી !** બલ્કે અલ્લાહના નામે "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહીને સાચી નિય્યતે કુર્બાનીના જાનવર પર છરી ચલાવવાનું મહત્વ છે. **છાંટા ઉડાડવામાં બાહ્ય આડંબર તથા લોકોને દેખાડવું પણ હોઈ શકે છે જેથી એવી કુર્બાની ઈસ્લામમાં માન્ય નથી,** બલ્કે સાચી નિય્યતનું જ મહત્વ છે.

હજી પણ કુર્આનમાં કુર્બાની વિશે હુકમો છે પણ થોડીક પણ બુદ્ધિ હોય તેના માટે આટલી વાતો પૂરતી છે.

## કુર્બાની કરવા વિશે પયગંબરના સ્પષ્ટ આદેશો

ઈસ્લામના મહાન પયગંબર મુહમ્મદ મુસ્તફા ﷺની વાતો એ ખુદાઈ ફર્માનો જ છે અને કુર્આનની તફસીર (ખુલાસાઓ) જ છે. તો એમણે શું આદેશો આપ્યા તથા કુર્બાનીનું શું મહત્વ દર્શાવ્યું છે તેને પણ જોતા ચાલીએ !

**'ગુજરાત સમાચાર'** દૈનિક પત્રના એ લેખમાં કુર્બાનીનો મતલબ "દાન આપવું" એવો સમજાવવા પ્રયાસ થયો છે, તો સાંભળો ! અલ્લાહના રસૂલ શું ફર્માવે છે ? :–

**"કુર્બાનીના દિવસોમાં માણસનો કોઈ અમલ (કાર્ય) અલ્લાહને કુર્બાનીના લોહી વહેવડાવવા કરતાં વધુ પસંદ નથી.** કુર્બાનીનું જાનવર કયામતના દિવસે પોતાની શીંગો, વાળો તથા ખરીઓ સાથે આવશે અને **જાનવરનું લોહી રબની હુઝૂરમાં જમીન પર પડતાં પહેલાં જ મકબૂલ થઈ જાય છે, તો ખુશી ખુશી કુર્બાની કર્યા કરો."** *(મિશ્કાત શરીફ)*

સહાબાએ કિરામે (નબીના સાથીઓએ) કુર્બાનીના બારામાં પ્રશ્ન કર્યો કે, યા રસૂલલ્લાહ ! ﷺ આ કુર્બાનીઓ શું છે ? આપે ફર્માવ્યું, તમારા બાપ ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત (તરીકો) છે. સહાબાએ પૂછયું, અમારા માટે એમાં શું છે ? ફર્માવ્યું, દરેક વાળના બદલામાં એક નેકી. કહ્યું, ઉનમાં ? ફર્માવ્યું, ઉનના પણ દરેક વાળના બદલે એક નેકી મળશે. *(વર્ણન કરી અહમદે, મિશ્કાતુલ મસાબીહ)*

વધુમાં ફર્માવ્યું, **"તમારી કુર્બાનીઓ (ના જાનવર)ને તંદુરસ્ત કરો કેમ કે તે પુલ સિરાત પર તમારી સવારીઓ બનશે."**

અને કુર્બાનીની રીત પણ નબી કરીમ ﷺએ જ દર્શાવી કે :–

કુર્બાનીના જાનવરને ઝબહ કરતાં પહેલાં ચારો પાણી આપી દે. છરી તેજ કરી લે પણ જાનવરની સામે નહીં. જાનવરને ડાબા પડખે એ રીતે સૂવડાવે કે કિબ્લાની તરફ તેનું મોઢું હોય અને ઝબહ કરનાર પોતાનો જમણો પગ તેના પડખા પર રાખીને તેજ છરી વડે જલ્દીથી ઝબહ કરી આપે, અને ઝબહથી પહેલાં આ દુઆ પઢે :–

''મેં મને પોતાને ધ્યાનિત કર્યો તે ઝાતની તરફ જેણે આસ્માન તથા જમીનને પેદા કર્યું, એ હાલમાં કે હું હક્ક દીન પર છું અને શિર્ક કરવાવાળો નથી. નિઃશંક ! મારી નમાઝ અને મારી કુર્બાની, મારું જીવવું, મારું મરવું અલ્લાહ રબ્બુલ આલમીનના માટે જ છે જેનો કોઈ શરીક નથી અને મને એનો હુકમ આપવામાં આવ્યો છે અને હું મુસલમાનોમાં છું. **હે અલ્લાહ ! આ કુર્બાની તારી જ ઈબાદત તથા ખુશ્નૂદીના માટે છે** અને તારી જ તૌફીકથી છે, અલ્લાહના નામથી ઝબહ કરું છું જે સૌથી મહાન છે.''

દુઆ પૂર્ણ થતાં જ છરીને ઝડપભેર ચલાવે. કુર્બાની પોતાના તરફથી હોય તો ઝબહ પછી આ દુઆ પઢે :–

''હે અલ્લાહ ! મારી આ કુર્બાનીને કબૂલ ફર્માવ જેમ કે તારા ખલીલ ઈબ્રાહીમ عليه السلام અને તારા હબીબ صلى الله عليه وسلم થી કબૂલ કરી.''

**હજી શું જોઈએ છે ?!** કુર્આનમાં તથા હદીષોમાં એટલે કે અલ્લાહના કલામ (આદેશો)માં તથા તેના પયગંબરના આદેશોમાં સ્પષ્ટપણે જાનવરને ઝબહ કરવાના હુકમો તથા પદ્ધતિ પણ વર્ણન કરવામાં આવી છે. અને **ઈસ્લામ**નું નામ જ એ છે કે, **''અલ્લાહ તથા રસૂલના હુકમો સમક્ષ ગરદન ઝુકાવી લેવી.''**

સારાંશ કે ''ગુજરાત સમાચાર'' દૈનિક પત્રના એ લેખમાં સદંતર જૂઠાણુ ચલાવી સામાન્ય વતની ભાઈઓ તેમજ અજ્ઞાન મુસ્લિમોને ગૈર માર્ગે દોરવા પ્રયાસ કરાયો છે જેથી તેની સમક્ષ કાયદાકિય પગલાં લેવાવાં જોઈએ.

## કહેવાતા જીવદયા પ્રેમીઓને સણસણતો જવાબ !

સાંભળી લો ! માનવ એ સર્વ સર્જન પામેલ સજીવ નિર્જીવ ચીજોમાં શ્રેષ્ઠ (અશ્રફુલ મખ્લૂકાત) છે એવો કુર્આનનો આદેશ છે. અને સમગ્ર ચીજો માનવના માટે સર્જન પામેલી છે જેમાંથી જેને અલ્લાહે હલાલ તથા જાઈઝ ઠરાવી તેનો માનવી પોતાના ખોરાક તરીકે ઉપયોગ કરી શકે છે,એમાં કોઈ જ ક્રૂરતા નથી. હા ! જાનવરને ઝબહ કરવામાં વપરાતી રીતો ક્રૂરતાપૂર્વકની ન હોવી જોઈએ. તથા જાનવરો પાસે ક્રૂરતાપૂર્વક તેની કેપેસીટી બહારનાં કામો લેવાં એ ક્રુરતા છે, તેમને ભૂખ્યાં તરસ્યાં તડપાવવાં એ ક્રૂરતા છે, તેમને રઝળતાં છોડી મૂકવાં કે જ્યાં ત્યાં અથડાતાં ફરે એ ક્રૂરતા છે.... વગેરે. વળી વિના વાંકે માનવ હત્યાની ઈસ્લામે ના પાડી છે અને **એક નિર્દોષ માનવની હત્યા કરવી એ સમગ્ર માનવજાતની હત્યા સમાન દર્શાવ્યું છે.**

પણ આશ્ચર્યની વાત છે કે જાનવરની હત્યા પર બનાવટી આંસૂ સારતા આ કહેવાતા જીવદયા પ્રેમીઓ કયારેક નિર્દોષ માનવોની કત્લેઆમ થવા પર કાંઈ બોલ્યા હોય એવું સાંભળ્યું નથી ! ઈ.સ. ૨૦૦૨ના ગોધરા કાંડના પછી ગામે ગામે શહેર શહેર નિર્દોષ મુસલમાનોને સામુહિક રીતે પ્રવાહી

છાંટી જીવતા સળગાવી દેવામાં આવ્યા, રહેંસી નાખવામાં આવ્યા, સગર્ભા સ્ત્રીઓનાં તલ્વારથી પેટ ચીરીને તેમાંના બાળકને ઉછાળીને તલ્વાર પર ઝીલવામાં આવ્યાં..... વગેરે તેના સંબંધે આ કહેવાતા જીવદયા પ્રેમીઓ કેમ ચૂપ ચાપ તમાશાઈ બની રહ્યા ?! શું એ માનવોમાં જીવ ન હતો ? અને એ ક્રૂરતા ન હતી ?! અહીં કેમ તેમનાં મોઢાં સીવાઈ ગયાં ?! કેમ કોઈ વિરોધી નિવેદન પણ ન આપ્યું ?! હવે આગળ વિગતવાર જવાબ સાંભળો !

માનવના દિલો દિમાગ તથા શરીરની તંદુરુસ્તીના પોષણ માટે પ્રોટિનયુકત ખોરાક આજે આખા વિશ્વનો વાસ્તવિક પ્રશ્ન બની ચૂકયો છે. દુનિયાભરના ડોકટરો તથા તબીબો દરેક યુગમાં પ્રોટિનયુકત ખોરાકની જરૂરત તથા તેના મહત્વ પર જોર દેતા આવ્યા છે. પણ આશ્ચર્ય છે કે આજે પણ કેટલાય લોકો કુર્બાની અને કટીંગને જુલ્મ (ક્રૂરતા, ઘાટકીપણા) સાથે સરખાવે છે ! તેમણે વિચારવું જોઈએ કે જો કુર્બાની જુલ્મ છે તો હર્યા ભર્યા ઝાડોનાં ફળો તોડવાં અને લહલહાતી ખેતીઓને કાપવી પણ જુલ્મ જ ગણાશે. હરીયાળી શાકભાજીથી ફાયદો ઉઠાવવાનો મશ્વરો પણ બકવાસ જ ઠરશે, આ હૃદયાકર્ષક હરીયાળા નઝારા પણ સૃષ્ટિના સૌંદર્યની તસ્વીરો હોય છે અને તેમનામાં પણ એક પ્રકારની જિંદગી જોવામાં આવે છે.

અને માનવ દુનિયા એ દ્રષ્ટિ બિંદુથી અમલ કરતી થઈ જાય તો તેના માટે રણની રેતી તથા ધૂળ ફાકવાના સિવાય કોઈ માર્ગ નથી ! અને હવામાં પણ સુક્ષ્મ જીવો હોય છે, પાણીમાં પણ હોય છે તો તેની હત્યાથી બચવા પાણીનો પણ ત્યાગ કરવો પડશે અને શ્વાસ લેવાનું પણ છોડી દેવું પડશે. અને શરીરે ઘા થાય તો જંતુનાશક દવાઓ બંધ કરવી પડશે અને ખેતીમાં જીવાત પડે તો દવાઓ મારવાનુ પણ બંધ કરવુ પડશે. યાદ રાખશો કે ઈસ્લામે કુર્બાનીનો હુકમ આપીને તેનાથી ઘણા બધા ફાયદા હાંસલ કરવા અને અન્યોને ફાયદો પહોંચાડવાનો પણ હુકમ આપ્યો છે. ઈસ્લામનો કોઈ હુકમ હિકમતોથી ખાલી નથી, એ અલગ વાત છે કે આપણી ખામીયુકત દિમાગી શકિત ત્યાં સુધી પહોંચ પ્રાપ્ત ન કરી શકે. એના અનુસંધાનમાં **કુર્આની ફર્માનો જોઈ લો** :–

"તો એ કુર્બાનીઓમાંથી પોતે પણ ખાવ અને મોહતાજ ગરીબને પણ ખવડાવો." *(કુર્આન શરીફ, સૂરએ હજ્જ, આયત–૨૮)*

"પછી જયારે તે ઝબહ થઈને પડે તો તેમાંથી પોતે ખાવ અને ખામોશ જરૂરતમંદોને ખવડાવો." *(કુર્આન શરીફ, સૂરએ હજ્જ, આયત–૩૬)*

'ગુજરાત સમાચાર' દૈનિકની જેમ યુ.પી.ના એક દૈનિકમાં કોઈ કેવળ નામના મુસ્લિમે પ્રશ્નો કરેલા જેનો પણ જવાબો સાથે અભ્યાસ કરી લો, જેનાથી કુર્બાની સંબંધી ઘણી શંકાઓ દૂર થઈ જશે.

હમણા થોડાક દિવસો પહેલાં *એસ.એમ. સલ્માન એડવોકેટ*નું એક લખાણ "શું ખરેખર ઈસ્લામ જાનવરોને ઝબહ કરવાનો હુકમ આપે છે ?" એ શિર્ષક હેઠળ શાહજહાંપૂરથી પ્રસિધ્ધ થતા વર્તમાનપત્ર *"દિશા સંકેત"* ૧૫ તથા ૨૧ માર્ચ ઈ.સ. ૧૯૯૯ના પેપરમાં પ્રસિધ્ધ થયું. લખાણનાં અમુક વાકયો આ પ્રમાણે છે :–

**૧.** કહેવામાં આવે છે કે ઈસ્લામ માંસાહારની ઈજાઝત આપે છે, શું ખરેખર એવું જ છે ? શું પયગંબર હઝરત મુહમ્મદ ﷺ દુનિયાના મહાપુરૂષોથી અલગ હટીને આ પ્રમાણે વ્યવસ્થાને બગાડવાની ઈજાઝત આપી શકે છે ?

**૨.** ઈદુદ્દોહા (બકરી ઈદ) એક એવો તહેવાર છે જેમાં કુર્બાની કરવું અનિવાર્ય (વાજિબ) બતાવવામાં આવે છે. શું સચમુચ એવું જ છે ? જે કુર્આનના થકી ખુદા આપણને મહોબ્બત, પ્યાર, દયા, રહમદિલીનો સંદેશો આપે છે અને દરેક જાનદારથી રહમ તથા પ્યારથી વર્તવાની તાકીદ કરે છે, શું તે જ કુર્આન થકી ખુદા આપણને કોઈ જાનદારને કત્લ કરવાની ઈજાઝત પણ આપી શકે છે ?

**૩.** કુર્બાની સંબંધે હઝરત ખલીલનો પ્રસંગ રજુ કર્યા બાદ લેખક લખે છે : "વિચારવાની વાત છે કે જાનવરોને એ આધારે કત્લ કરીને આપણે કઈ ઈમ્તેહાન આપી રહ્યા છીએ ? જ્યાં આ બનાવથી આપણે દુનિયાની મહોબ્બતને છોડવા અને આખેરતના ઈશ્કમાં મશ્ગૂલ થવાનો સબક લેવો જોઈએ, ત્યાં આપણે જાનવરોને કત્લ કરીને કયાંક આપણી આખેરતને તો નથી બગાડી રહ્યા ?! આમ પણ ઈસ્લામ કોઈ પણ સ્થિતિમાં લોહીના ઉપયોગની વિરૂધ્ધ છે. એ એક સચ્ચાઈ છે કે લોહીને સંપૂર્ણપણે ગોશ્તથી અલગ નથી કરી શકાતુ. એનાથી સાફ જણાય છે કે અલ્લાહ નથી ચાહતો કે આપણે જાનવરોને કત્લ કરીએ." *(દિશા સંકેત)*

**જવાબ** : હવે પૂછવાની વાત એ છે કે લેખકના લખ્યા મુજબ શું સચમુચ ઈસ્લામ આપણને ગોશ્ત ખાવાની ઈજાઝત નથી આપતો ? શું ખરેખર ખુદા આપણને કોઈ જાનદારના કત્લની ઈજાઝત નથી આપતો ? શું ખરેખર કુર્બાની જાનવરોનું કત્લ છે ? અને તેની આપણને ઈસ્લામ ઈજાઝત નથી આપતો ? એવો શખ્સ જે આવા ખયાલો ધરાવતો હોય તેના બારામાં શરીઅતનો શું હુકમ છે ? આ તમામ સવાલોને જયારે **ફકીહે આ'ઝમે હિંદ મુફતી મુહમ્મદ શરીફુલ હક્ક અમજદી** رحمۃ اللہ علیہની બારગાહમાં રજૂ કરવામાં આવ્યા તો આપે ખૂબ જ ચિંતનાત્મક અને સમૃધ્ધ જવાબ લખ્યો જે નીચે પ્રમાણે છે :–

અમારે કોઈ ખાસ વ્યકિત સાથે બહષ નથી. સવાલમાં જે વાતો વર્ણન કરવામાં આવી છે તેને કહેનારો લખનારો કોઈ પણ હોય **અમ્ર** હોય કે **બક્ર** પણ તે **મુસલમાન નથી.** એટલા માટે કે તેણે કુર્આને કરીમની મોટા ભાગની આયતોનો ઈન્કાર કર્યો છે, કે જો તે સૌને એકત્ર કરવામાં આવે તો એક જાડી કિતાબ તૈયાર થઈ જાય. રબ તઆલાનો હઝરત મૂસા علیہ السلامની કૌમને ઈર્શાદ થયો : "એક ગાય ઝબહ કરો." *(સૂરએ બકરહ)* બીજી આયતમાં છે : "શિકારી જાનવર મારીને તમારા માટે રહેવા દે, તે જાનવરને ખાવ." *(સૂરએ માઈદા, આયત–૭)* અને ફર્માવ્યું : "તે જાનવરોને ખાવ જેના પર અલ્લાહનુ નામ લેવામાં આવ્યું." *(સૂરએ અન્આમ, આયત–૧૧૮)* અને ફર્માવ્યું : "અને તમને શું થઈ ગયું છે કે તે જાનવરોને નથી ખાતા જેના પર અલ્લાહનુ નામ લેવામાં આવ્યું છે." *(સૂરએ અન્આમ, આયત–૧૧૮)*

કુર્બાનીના બારામાં સ્પષ્ટ શબ્દોમાં ફર્માવ્યું : "તમારા રબને માટે નમાઝ પઢો અને કુર્બાની કરો." *(સૂરએ કૌષર, આયત–૨)*

તે શખ્સે એક નહીં હજારો હદીષોનો ઈન્કાર કર્યો છે. તે માણસે જાણી બુઝીને કુર્આન મજીદના ઈર્શાદો અને હજારો હજાર મુબારક હદીષોની સ્પષ્ટતાનો ઈન્કાર કર્યો. એવું કહેવું કે, "ઈસ્લામ ગોશ્ત ખાવાની ઈજાઝત નથી દેતો" એ સૂર્યને જૂઠલાવવા બરાબર છે. દલીલોને જોતાં ડંકાની ચૌટ પર હલાલ તથા પાક જાનવરોને અલ્લાહના નામ પર ઝબહ કરીને ખાવાની ઈજાઝત આપે છે અને તેને કુદરતના બંધારણની વિરૂધ્ધ સમજવું જેહાલત છે અને કુદરતના બંધારણથી આંખો બંધ કરી લેવું છે. મને સમય નથી અને હું મઅઝૂર (મજબૂર) છું નહીં તો વિગતે લખત.

દષ્ટાંત રૂપે તમે કેવળ એક સરખામણીનો અભ્યાસ કરો. કૂતરુ હરામ છે અને એક કૂતરી ચાર ચાર છ છ બચ્ચાંને જન્મ આપે છે તેને કોઈ નથી ખાતુ. તેની સંખ્યાની ગણત્રી ભેગી કરો. બીજી બાજુ બકરી હલાલ છે અને કેવળ હિંદુસ્તાનમાં જ લાખો બકરીઓ રોજ ઝબહ થાય છે. જ્યારે કે બકરી વધુમાં વધુ બે બચ્ચાંને જન્મ આપે છે. ખૂબ જ ઓછી એવી બકરીઓ છે જે ત્રણ બચ્ચાં જણતી હોય છે. **તેમ છતાં બકરીઓની સંખ્યા ભેગી કરો તો કૂતરાં કરતાં સેંકડો ગણી વધારે છે !** તે મૂર્ખાઓને કોઈ પૂછે કે આ કેવું કુદરતનું બંધારણ છે કે જે જાનવરોને કોઈ ખાતુ નથી, જેની માદા વધુ બચ્ચાં પણ જણે છે તેઓ સંખ્યામાં થોડાં છે ! પરંતુ જે જાનવરોને ખાવામાં આવે છે જેની માદા બચ્ચાં પણ પેલાની નિસ્બતે ઓછાં જણે છે તેની સંખ્યા ઘટતી નથી ! અને કુદરતના ગૈર માલૂમ બંધારણ (નિઝામ)ના પ્રમાણે તેમની વધારે ને વધારે સંખ્યા મૌજૂદ રહે છે.

જાનવરોને ઝબહ કરીને ખાવું જુલ્મ નથી પણ તેમના પર રહમ છે. યકીનન ! ઝબહમાં તકલીફ થાય છે પણ તે તકલીફ અમુક જ સેકંડોની છે. જો જાનવરને ઝબહ ન કરવામાં આવે અને છોડી દેવામાં આવે તો તે કેટલી તકલીફની સાથે પોતાની જિંદગીના દિવસો પસાર કરશે એ વિચારવાની વાત છે ! શું ખાશે, બીમાર થશે તો કેટલી તકલીફ ઉઠાવશે, હાથ પગો તૂટી જશે, આંખો જતી રહેશે તો તેમના માટે એ સિવાય કોઈ માર્ગ નથી કે એક જગાએ પડયા પડયા ભૂખ્યાં તરસ્યાં ઘુંટાઈને તડપી તડપી દમ તોડી દે. આ સતત તકલીફો તથા પીડાઓના મુકાબલામાં ઝબહમાં અમુક સેકંડની તકલીફ શું હેસિયત ધરાવે છે ?! ઈન્સાનથી ઉલ્ટુ કે ઈન્સાન સમજદાર છે, બોલવા માટે શકિતમાન છે અને તેનું કુટુંબ છે, ખાનદાન છે, ઈલાજના માટે ડોકટર છે, દવા છે, અશકત થયા બાદ ખિદમત માટે પુત્રો છે, પૌત્રા છે...વગેરે. (તેની વાત અલગ છે.)

જ્યારે બીચારાં જાનવરોને કોણ પૂછવાવાળુ છે ?! મેં ખૂદ એવી ગાયના હાલ જોયા છે જેના હાથ પગો તૂટી ગયા હતા, ન ઉઠી શકતી હતી, ન હરી ફરી શકતી હતી. તેને કૂતરાં ચૂંથી રહ્યાં હતાં અને કૂતરાં હટી જાય તો કાગડા તેના ઝખ્મને ખાતા. વિચારો કે આ ગાયનો શું હાલ હશે ! જે ગાયો દૂધ આપવાને લાયક નથી રહી તેને ગૌશાલાએથી પણ બહાર કાઢી નાખવામાં આવે છે, બલ્કે અમુક ગુપ્ત માહિતી પ્રમાણે સસ્તા ભાવ પર ગોશ્ત ખાનારાઓને વેચી દેવામાં આવે છે !

વળી, એવું કહેવું કે ગોશ્ત ખાવો મહાપુરૂષોનો તરીકો નથી, તો એ પણ ગલત છે. અબુલ અંબિયા સૈયેદના ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام અને સૈયદના ઈસ્માઈલ, સૈયેદના ઈસ્હાક, સૈયેદના મૂસા علیہم السلام સર્વ માન્ય મહાપુરૂષો છે. હઝરત ઈસા علیہ السلامના અનુયાયીઓની સંખ્યા હાલમાં આખા વિશ્વમાં સૌથી અધિક છે. **આ સૌ ગોશ્ત ખાતા હતા.** વળી, આ લેખ લખનાર પોતાના જ મહાપુરૂષોને જુએ ! શું તેની નજીક રામચંદ્ર અને લક્ષ્મણ મહાપુરૂષ ન હતા ? શું એ લોકો ગોશ્ત ખાતા ન હતા ? મામલો એક એવી કૌમ સાથે છે જે પોતાના ધર્મના ચોખ્ખા આંતરિક ભેદોને ઉઘાડવાને સહન કરી શકતી નથી ! નહીં તો હું એવાં એવાં રહસ્યો બહાર પાડતે કે મોટા મોટા એડવોકેટ સાહેબો મોઢું તાકતા રહી જાત ! ભલે, **સારાંશ કે આ લખનારનો લેખ સેંકડો આયતોની વિરૂધ્ધ છે અને સેંકડો હદીસોને જૂઠલાવે છે.** તે ઉપરાંત દુનિયાના ઈતિહાસ, મહાપુરૂષોના જીવનના ઉસૂલો અને ફિતરતના ઉસૂલની વિરૂધ્ધ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

*(હવાલો : 'અશરફિયહ' ઉર્દૂ માસિક, મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી., માર્ચ-૧૯૮૮)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

اَلشَّهْرُ الْحَرَامُ بِالشَّهْرِ الْحَرَامِ وَالْحُرُمٰتُ قِصَاصٌ ۭ فَمَنِ
اعْتَدٰى عَلَيْكُمْ فَاعْتَدُوْا عَلَيْهِ بِمِثْلِ مَا اعْتَدٰى عَلَيْكُمْ ۠
وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ ۝ وَاَنْفِقُوْا فِيْ
سَبِيْلِ اللّٰهِ وَلَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ ۚ وَاَحْسِنُوْا ۚ
اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُحْسِنِيْنَ ۝ وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ لِلّٰهِ ۭ فَاِنْ
اُحْصِرْتُمْ فَمَا اسْتَيْسَرَ مِنَ الْهَدْيِ ۚ وَلَا تَحْلِقُوْا رُءُوْسَكُمْ
حَتّٰى يَبْلُغَ الْهَدْيُ مَحِلَّهٗ ۭ فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا اَوْ بِهٖٓ
اَذًى مِّنْ رَّاْسِهٖ فَفِدْيَةٌ مِّنْ صِيَامٍ اَوْ صَدَقَةٍ اَوْ نُسُكٍ ۚ

**તર્જુમો** : હુર્મતવાળો મહિનો[૨૩૬] હુર્મતવાળા મહિનાનો બદલો છે અને સર્વ હુર્મતોમાં (બંને પક્ષોના વર્તાવમાં) સમાનતા હોવી જોઈએ તો જે તમારા પર બળ પ્રયોગ કરે તમો તેના પર બળ વાપરી લો (પરંતુ) એટલા પ્રમાણમાં જેટલો બળ પ્રયોગ તેણે તમારા પર કર્યો હોય. અને ડરતા રહ્યા કરો અલ્લાહથી, અને જાણી લો યકીનન ! અલ્લાહ (ની મદદ) પરહેઝગારોની સાથે છે. અને ખર્ચ કર્યા કરો અલ્લાહની રાહમાં[૨૩૭] અને ન ફેંકો તમને પોતાને સ્વ હસ્તે તબાહીમાં[૨૩૮]. અને સારાં કામો કર્યા કરો. બેશક ! અલ્લાહ તઆલા મહોબ્બત કરે છે સારાં કામો કરવાવાળાઓથી. અને પૂર્ણ કરો[૨૩૯] હજ્જ તથા ઉમરો અલ્લાહ (ની રઝા) માટે. પછી જો તમે ઘેરાઈ જાવ[૨૪૦] તો કુર્બાનીનું જાનવર જે સરળતાથી મળી જાય (તે મોકલી આપો). અને ન મૂંડાવો તમારું માથુ ત્યાં સુધી કે પહોંચી જાય કુર્બાનીનું જાનવર પોતાના ઠેકાણા પર. પછી જે શખ્સ તમારામાંથી બીમાર થઈ જાય અથવા તેને કાંઈ તકલીફ થાય માથામાં (અને તે માથુ મૂંડાવી લે) તો તે ફિદીયો આપી દે રોઝાથી અથવા ખયરાતથી અથવા કુર્બાનીથી.

**તફસીર...............**

**૨૩૬** : અરબો હમેશાં એકબીજાથી ટકરાતા રહેતા હતા, પરંતુ તેમનો એ આપસમાં કરાર હતો કે વરસમાં ચાર મહિના મુહર્રમ, રજબ, ઝીકઅદા તથા ઝુલ હજ્જહ્‌માં જંગ બંધ કરી દેવામાં આવતી હતી. પરંતુ જ્યારે મુસલમાન ઝીલ કઅદા હિ.સ. ૭માં ઉમરા માટે ગયા તો કાફિરોએ જંગની તૈયારી શરૂ કરી આપી અને પોતાના વરસો પૂરાણા દસ્તૂરને પણ ભૂલાવી દીધો. અલ્લાહ તઆલા મુસલમાનોને ફર્માવે છે કે જો તેઓ આ માહે હરામનો લેહાઝ નથી રાખતા તો તમે પણ ન કરો અને જો તેઓ જંગ કરે તો તમે પણ તેના સામાના ખાતર જંગ માટે તૈયાર થઈ જાવ.

**૨૩૭** : પ્રથમ જાની જેહાદનો હુકમ આપ્યો અને હવે માલી જેહાદનો હુકમ આપવામાં આવી રહ્યો છે.

**૨૩૮** : હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ એ ફર્માવ્યું, (અર્થ) : ''પોતાના હાથે પોતે પોતાને હલાકતમાં નાખવાનો મતલબ એ છે કે માણસ અલ્લાહના માર્ગમાં જેહાદ છોડી આપે.'' ઈમામ

તિર્મિઝી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે અસ્લમ અબી ઈમરાનથી રિવાયત છે કે જયારે અમે ''કુસ્તુન્તુનિયા'' પર હુમ્લો કર્યો તો રોમીઓનું એક જબરદસ્ત લશ્કર અમારા મુક઼ાબલામાં ગોઠવાઈ ગયું. મુસલમાનોની ફોજ પણ તેમના મુક઼બલામાં ગોઠવાઈ ગઈ. એક મુસલમાન સિપાહીએ એકલા હાથે રોમના લશ્કર પર હુમ્લો કરી આપ્યો અને તેમની સફમાં ઘૂસી ગયો. લોકો બૂમો પાડી ઉઠયા કે સુબ્હાનલ્લાહ ! તેણે પોતાના હાથે પોતાને હલાક કર્યો. હઝરત અબૂ ઐયૂબ ઉભા થઈ ગયા અને કહેવા લાગ્યા, હે લોકો ! તમે આ આયતનો મતલબ ગલત સમજયો છે, આવો ! હું તમને એનો ''શાને નુઝૂલ'' દર્શાવું. જયારે ઈસ્લામને ગલ્બો (પ્રભુત્વ) પ્રાપ્ત થઈ ગયો અને મુસલમાન મુજાહિદોની સંખ્યા પણ ઘણી વધી ગઈ તો અમે અન્સારે ગૃપ્ત મશ્વરો કર્યો કે હવે જાન નિછાવર કરનારાઓની કમી પણ નથી રહી અને ઈસ્લામને ઈજ્જત તથા અઝમત પણ પ્રાપ્ત થઈ ગઈ છે. અને સતત કેટલાય વરસો સુધી આપણે આપણી ખેતીવાડી તથા કારોબાર પ્રતિ કોઈ ધ્યાન નથી આપી શક્યા જેથી હવે આપણે આપણી આર્થિક સ્થિતિ ઠીક કરવા માટે સર્વ કોશિશો ખર્ચ કરવી જોઈએ. એ સમયે અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફર્માવી જેમાં એ સ્પષ્ટતા હતી કે, હે અન્સાર ! જો તમે જેહાદને છોડીને ખેતી તથા વ્યાપારમાં ગુમ થઈને રહી ગયા તો સમજી લો કે તમે તમારા હાથે પોતાને તબાહીના ખાડામાં ફેંકી દીધા છે. હઝરત અબૂ ઐયૂબ લડતા રહ્યા ત્યાં સુધી કે શહાદતનો જામ પી લીધો, અને કુસ્તુન્તુનિયામાં જ તેમનો મઝાર પુરઅન્વાર છે જે માલ મસ્ત અને કાલ મસ્ત (માલમાં અને વાતોના વડાં કરવામાં ગુમ) મુસલમાનોને આજે પણ આ જદ્દો જેહદની દુનિયામાં ઈજ્જતના સ્થાનનો સાચો માર્ગ દર્શાવી રહેલ છે.

**૨૩૯** : અરબો પૂરાણા કાળાથી હજ્જ કર્યા કરતા હતા પરંતુ તેમની નજીક, હજ્જ એક ''મેળો'' અથવા ''વેપારીની મંડી'' બનીને રહી ગયો હતો. ઈબાદતનું પાસુ તો તદ્દન ખત્મ થઈ ગયું હતું અથવા એટલું મહત્વવિહિન થઈને રહી ગયું હતું કે તેની કોઈ અસર જ મેહસૂસ કરવામાં આવતી ન હતી. લોકો આવતા અને હરી ફરીને ચાલ્યા જતા, શાયરો પોતાની કવિતાઓ, પ્રવચનકર્તાઓ પોતાનાં શોલાબાર બયાનો સંભળાવીને લોકોનાં દિલો પર પોતાની ફસાહત તથા બલાગત (વાણીની ઉચ્ચતમ શૈલી તથા છટા)નો સિક્કો જમાવીને ચાલ્યા જતા. થોડાક દિવસો સુધી વેપારનું બજાર પણ ખૂબ ગરમ રહેતું. અલ્લાહ તઆલા ફર્માવે છે : હજ્જ–ઉમરા કરો, પરંતુ અલ્લાહની ઈબાદત અને તેની રઝામંદીના માટે. એટલે કે પૂર્ણ નિયમો (આદાબ) અને શરતોની સાથે, પૂર્ણ નિખાલસતા (ઈખ્લાસ) અને સારી નિય્યતની સાથે.

**૨૪૦** : જો તમે એહરામ બાંધી ચૂક્યા છો અને માર્ગમાં બીમાર થઈ ગયા અથવા દુશ્મને રસ્તો બંધ કરી આપ્યો અને તમે હજ્જના દિવસોમાં ત્યાં નથી પહોંચી શક્તા, તો હવે એહરામથી નીકળવાનો એ માર્ગ છે કે કુર્બાનીનું જાનવર તમે ઘરેથી લઈ આવ્યા છો તે કોઈકના હાથે મોકલી આપો અથવા તેની કિંમત રવાના કરી આપો, અને તેમને એવું કહો કે હરમમાં પહોંચીને તમારા તરફથી જાનવર ઝબહ કરી આપજો. જ્યારે તમો એ ખયાલ કરો કે તે હરમમાં પહોંચી ગયા હશે અને જાનવર ઝબહ કરી આપ્યું હશે તો માથુ મૂંડાવીને અથવા વાળો કપાવીને એહરામની પાબંદીઓથી આઝાદ થઈ શકો છો. પરંતુ જો બીમારીના કારણે જલ્દી માથુ મૂંડાવવાની જરૂરત પડી જાય તો ફિદીયાના રૂપે રોઝા રાખી લો, સદક઼ો આપી દો અથવા જાનવર ઝબહ કરી આપો. સહીહ હદીષથી સાબિત છે કે ત્રણ રોઝા અથવા છ મિસ્કીનોને બે બે શેર ઘઉં અથવા ૪–૪ શેર જવ (સદક઼ાએ ફિત્રના માપ પ્રમાણે) આપે, અથવા કમસે કમ બકરી ઝબહ કરી આપે અને હજામત બનાવી લે.

## ★ હદીષ : ૫૭ ★

હઝરત મત્ર ઈબ્ને ઉકાસ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જયારે અલ્લાહ કોઈ બંદાના વિશે જે જમીનમાં મરવાનો ફેંસલો ફર્માવી દે છે તો તેના માટે ત્યાં જરૂરી કામ રાખી દે છે[૨]. *(અહમદ, તિર્મિઝી)*

હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا થી રિવાયત છે : ફર્માવે છે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મુસલમાનોનાં બાળકો[૩] (ક્યાં જશે ?) ફર્માવ્યું, તે પોતાના બાપદાદાઓમાંથી છે[૪]. તો હું બોલી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم વિના અમલે ?! ફર્માવ્યું, અલ્લાહ જાણે છે કે તેઓ શું કરત[૫]. મેં અર્ઝ કરી કે, તો કાફિરોનાં બાળકો ?! ફર્માવ્યું, તેઓ પોતાનાં બાપદાદાઓમાંથી છે[૬]. હું બોલી, વિના કાંઈ કર્યે ?! ફર્માવ્યું, અલ્લાહ સારી રીતે જાણે છે જેને તેઓ કરતા[૭]. *(અબૂ દાઊદ)*

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જીવંત દફન કરનારી માં અને જીવતી દફન કરવામાં આવેલી બાળકી બંનેવ દોઝખમાં છે[૮]. *(અબૂ દાઊદ)*

અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત છે[૯] ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, યક઼ીનન ! અલ્લાહ તઆલા પોતાની મખ્લૂકમાં દરેક બંદાના વિશે પાંચ ચીજોથી ફારિગ થઈ ચૂક્યો છે.[૧૦] તેના મૃત્યુથી, તેના અમલથી[૧૧], દરેક ગતિ વિધિથી[૧૨] અને તેની રોજીથી. *(અહમદ)*

### સ....મ....જૂ....તી....

**૧.** આપ સલ્લમી છે. કૂફાવાળાઓમાં આપની ગણના થાય છે. આપના થકી કેવળ આ જ એક હદીષ રિવાયત પામેલી છે. આપની સહાબિયતમાં મતભેદ છે, હક્ક એ છે કે આપ સહાબી છે. સહાબિયતના માટે એક ક્ષણ માટે નબી પાક صلی اللہ علیہ وسلم ની સોહબત પૂરતી છે.

**૨.** દુનિયવી કે દીની. જેમ કે અમુક રોઝા પાકની ઝિયારતના માટે કે હજ્જના માટે મદીના પાક જાય કે મક્કા શરીફ જાય છે અને ત્યાં મૃત્યુ પામે છે. આવી હાલત પણ મુબારક અને મૌત પણ મુબારક છે.

**૩.** એટલે કે જેઓ હોશ આવતાં પહેલાં મૃત્યુ પામે તેઓ ક્યાં જશે.

**૪.** એટલે કે જન્નતી છે અને જહન્નમમાં જે દરજો તેમના બાપદાદાઓનો હશે તે જ તેમનો હશે. જેથી હઝરત ક઼ાસિમ, હઝરત ઈબ્રાહીમ વગેરે હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે હશે. ઔલાદ તો ખૂબ જ ઉચ્ચ કુર્બ (નિકટતા) ધરાવે છે. ઈન્શાઅલ્લાહ ! હુઝૂર صلی اللہ علیہ وسلم ને ચાહનારા હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે હશે. ગુલદસ્તાની ઘાસ પણ ફૂલના કારણે બાદશાહના હાથમાં પહોંચી જાય છે.

**૫.** એટલે કે જન્નતમાં પ્રવેશના માટે અમલ કરતા હોવું જ શર્ત નથી, તક઼દીરી અમલ પણ પૂરતા છે કે જો તેઓ જીવતા રહેત તો મુસલમાનોનાં બાળકો હતાં જેથી સારા જ અમલો કરત, એના આધારે જન્નતમાં જશે, બલ્કે અમુક ગુનેહગારો નેક લોકોના તુફૈલ જન્નતી છે, જેમ કે વર્ણન કરવામાં આવી ચૂક્યું છે.

**૬.** એટલે કે તેમની સાથે દોઝખમાં.

**૭.** કે જો તેઓ જીવતાં રહેત તો કાફિરનાં બાળકો હતાં કુફ્ર જ કરતાં. જમહૂર (બહુમતિ) ઉલમાનું કથન એ છે કે આ જુઝ્વએ આયતોથી મન્સૂખ છે જેમાં ફર્માવ્યું કે જુર્મ વિના દોઝખ આપવામાં નહીં આવે. એ વારંવાર વર્ણન કરવામાં આવી ચૂક્યું છે. રબ તઆલા ફર્માવે છે : وَمَا كُنَّا مُعَذِّبِيْنَ ---

**૮.** માલદાર અરબ કાફિર પોતાની પુત્રીઓને જન્મતાં જ જીવતી દાટી દેતા હતા. હદીષનો જાહેરી અર્થ એ છે કે એમાં તથા બાળકી બંનેવ જહન્નમી છે, માં હક્કી કુફ્રના કારણે અને બાળકી હુકમી કુફ્રના કારણે. ત્યારે તો એની તેહકીક એ છે જે ઉપર વર્ણન થઈ ચૂકી. એક અવકાશ એ છે જે **વાઈદા**થી મુરાદ સુવાવડ કરાવનારી દાયણ જે બાળકીને દફન કરાવતી હતી. **મવઊદા**થી મુરાદ તે માં જેની બાળકી દફન કરવામાં આવી. તો આ હદીષ એકદમ જાહેર છે કે બંને સ્ત્રીઓ પોતપોતાના કુફ્રના કારણે જહન્નમમાં ગઈ.

**૯.** આપનું નામ શરીફ ખુવૈમર ઈબ્ને આમિર છે, અન્સારી છે, ખુઝરમી છે દરદા તેમની પુત્રીનું નામ છે. એ પોતાનાં ઘરવાળાંઓમાં સૌથી છેલ્લે ઈમાન લાવ્યા. ફકીહ, આબિદ સહાબી છે. શામ (સીરિયા)માં સ્થાયી થયા. હિ.સ. ૩૨માં દમિશ્કમાં વફાત પામ્યા અને ત્યાં જ દફન થયા.

**૧૦.** એટલે કે અટલ ફેંસલો ફર્માવી ચૂક્યો, નહીં તો અલ્લાહ તઆલા મશ્ગૂલ થવાથી કે ફારિગ થવાથી પાક છે. જો કે રબ તઆલાનો ફેંસલો દરેક પ્રકારનો થઈ ચૂક્યો છે, પણ ખાસ રીતે તે પાંચેવનો ઉલ્લેખ એટલા માટે ફર્માવ્યો કે માણસને તેમની ચિંતા અધિક રહે છે. મતલબ એ છે કે તમે એ ફિકરોમાં જિંદગી બર્બાદ શા માટે કરો છો ? જે ફેંસલો થઈ ચૂક્યો છે તે થઈને જ રહેશે.

**૧૧.** કે શું કરશે, અને ક્યાં અને ક્યારે મરશે.

**૧૨.** **મઝજઅ**નો અર્થ છે પાસુ રાખવાની જગા એટલે સૂવાની જગા. અસર, નિશાન ડગલાને કહે છે કે એટલે કે ક્યાં રહેશે અને ક્યાં ફરશે, ક્યાં જશે અને ક્યાં દફન થશે અથવા દફન પણ ન થશે.

પેજ નં. **૧૬** નું ચાલુ....

"હું તો બને ત્યાં સુધી સુધારવા જ માંગું છું અને મને અલ્લાહ તરફથી જ દોરવણી મળે છે મેં તેના પર જ ભરોસો કર્યો અને તેની તરફ જ કેન્દ્રિત થાઉં છું." *(સૂરએ હૂદ, આયત–૮૮)*

અને હઝરત લૂત علیہ السلام ના વિશે ફર્માવ્યું :

"અને લૂતને અમે રાજ્ય તેમજ ઈલ્મ આપ્યો." *(સૂરએ અંબિયા, આયત–૭૪)*

કેટલાક અંબિયાએ કિરામની ચર્ચા કરી તેમની શાનમાં આમ ફર્માવ્યું :–

"બેશક ! તે સદ્‌કાર્યોમાં ઉતાવળ કરતા હતા અને અમને આશા તેમજ ડરથી પોકારતા હતા." *(સૂરએ અંબિયા, આયત–૯૦)*

હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ઉપરોક્ત આશા અને ડરની હાલત તેમના પર હમેશાં છવાયેલી રહેતી હતી.

કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અલ્લાહ તઆલાએ કેટલીય આયતોમાં હઝરાતે અંબિયાએ કિરામની ખૂબસૂરત આદતો અને પ્રશંસિત ખૂબીઓની ચર્ચા કરી છે જે તેમના વિશિષ્ટ મર્તબા પર દલીલો પુરવાર કરે છે. આ હઝરાતના કેટલાય ગુણોની મુબારક હદીષોમાં પણ ચર્ચા છે. જેવું કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે, બેશક ! તેઓ કરીમ બિન કરીમ બિન કરીમ બિન કરીમ એટલે હઝરત યૂસફ બિન હઝરત યા'કૂબ બિન હઝરત ઈસ્હાક બિન હઝરત ઈબ્રાહીમ علیہم السلام છે. એહલે નબી બિન નબી બિન નબી બિન નબી.

અને એવી રીતે હઝરત અનસ رضی اللہ عنہ ની રિવાયતમાં છે, "એહલે અંબિયાએ કિરામની આંખો સૂવે છે અને તેમના દિલ સૂતા નથી." *(પાના–૧૧૮)*

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## હુઝૂર ﷺની નમ્રતા હદીષની રોશનીમાં

સરવરે કોનો મકાં ﷺએ ફર્માવ્યું કે, હઝરત મૂસા علیہ السلام ખૂબ જ શરમાળ અને ઉચ્ચ દરજ્જાના શરમવાળા હતા તેના કારણે કોઈ તેમનું શરીર જોઈ શકયા ન હતા. બની ઈસરાઈલના કેટલાક વિરોધીઓએ આપને સતાવવાનું શરૂ કરી દીધું. કોઈ કહેતું કે તેમને કોઢની બીમારી છે, કોઈ કહેતું કે તેમના વૃષણ ઘણા વજનદાર છે તે માટે શરીરને એ હદથી વધુ છુપાવે છે. અલ્લાહ તઆલાએ પોતાના કલીમ علیہ السلام ને આ આક્ષેપથી મુક્ત કરવા ઈચ્છયું ત્યારે બનાવ એમ બન્યો કે એક દિવસે હઝરત મૂસા علیہ السلام નાહવા લાગ્યા અને તેમણે પોતાનાં કપડાં ઉતારીને એક પથ્થર પર મૂકી દીધાં. ખુદાના હુકમથી તે પથ્થર આપનાં કપડાં લઈને દોડવા લાગ્યો. હઝરત મૂસા علیہ السلام તેનાથી કપડાં માંગતા અને તેના પાછળ દોડતા જતા હતા કે, બની ઈસ્રાઈલની એક જમાઅતના પાસે અચાનક જઈ પહોંચ્યા અને લોકો આપને પગથી માથા સુધીનું કદ પોતાની આંખે જાતે જોઈને બોલી ઉઠયા કે, ખુદાની કસમ ! તેમના મુબારક શરીરમાં તો કોઈ દોષ નથી. આપે તે પથ્થરને મારવાનું શરૂ કરી દીધું જેના કારણે તેના પર નિશાન પડી ગયાં. આ વિષયમાં બારી તઆલાનો આ પણ ઈર્શાદ છે : "તો મારા પરવર દિગારે મને હુકમ અર્પણ કર્યો અને મને પયગંબરોમાંથી કર્યો." *(સૂરએ શુઅરા, આયત-૨૧)*

અને અંબિયાએ કિરામની પ્રશંસા કરતાં તેની જાહેરાત કરતાં આ પ્રમાણે ફર્માવ્યું :-

"બેશક ! હું તમારા માટે અલ્લાહનો અમાનતદાર અને રસૂલ છું." *(સૂરએ શુઅરા, આયત-૧૨૫)*

(તેવી જ જાહેરાત હઝરત નૂહ, હઝરત હૂદ, હઝરત સાલેહ, હઝરત લૂત, હઝરત શોએબ અને હઝરત મૂસા علیہم السلام ને ફર્માવ્યું હતું.) અને હઝરત મૂસા علیہ السلامને પ્રશંસામાં ફર્માવ્યું છે.

"બેશક ! સારા નોકર તે જે તાકાતવાન અને પ્રમાણિક હોય." *(સૂરએ કસસ, આયત-૨૬)*

અને પોતાના હબીબ સરવરે કાયનાત ﷺથી ફર્માવ્યું, "તો તમે સબર કરો જેવી રીતે હિમ્મતવાળા રસૂલોએ સબર કરી." *(સૂરએ અહકાફ, આયત-૩૫)*

અને કેટલાક અંબિયાએ કિરામની ચર્ચા કરતાં ફર્માવ્યું, "અને અમે તેમને (હઝરત ઈબ્રાહીમ علیہ السلامને) ઈસ્હાક અને યાકૂબ આપ્યા. તે બધાને અમે માર્ગ દેખાડયો અને એમનાથી આગળ નૂહને માર્ગ દેખાડયો અને તેની ઔલાદમાંથી દાવૂદ અને સુલેમાન અને ઐયૂબ અને યૂસફ અને મૂસા અને હારૂનને. અને અમે નેક લોકોને આવો જ બદલો આપીએ છીએ. અને ઝકરિય્યા અને યહ્યા અને ઈસા અને ઈલ્યાસને, આ બધા અમારી નજીકીના લાયક છે. અને ઈસ્માઈલ અને યૂસઅ અને યૂનુસ અને લૂતને, અને અમે દરેકને તેના સમયમાં બધા પર શ્રેષ્ઠતા આપી અને અમુક તેમના બાપ-દાદા અને ઔલાદ અને ભાઈઓમાંથી અમુકને, અને અમે તેમને ચૂંટી લીધા અને સીધો માર્ગ દેખાડયો. આ અલ્લાહની હિદાયત છે કે, પોતાના બંદાઓમાંથી ઈચ્છે તેને આપે. અને જો તેઓ શિર્ક કરતા તો જરૂર તેમનું કરેલું નિષ્ફળ જાત, આ છે જેમને અમે કિતાબ અને હુકમ અને નબુવ્વત આપી, તો અગર એ લોકો એનાથી મુન્કિર હોય તો અમે એના માટે એક એવી કૌમ લગાડી રાખી

છે જે નકારવાવાળી નથી. આ છે જેમને અલ્લાહે હિદાયત આપી તો તમે તેમના જ માર્ગે ચાલો." *(સૂરએ અન્આમ, આયત ૮૪ થી ૯૦)*

ઉપરની આયતોમાં અલ્લાહ ﷻએ અંબિયાએ કિરામની પ્રશંસા કરતાં તેમની ભલાઈ, હિદાયત, પવિત્રતા હુકમ અને નબુવ્વત જેવી શાનદાર ખૂબીઓનું વર્ણન કર્યું છે.

ઈર્શાદે બારી તઆલા છે :–

"અને તેને (હઝરત ઈબ્રાહીમે) એક ઈલ્મવાળા દીકરાની ખુશખબરી આપી." *(સૂરએ ઝારિયાત, આયત–૨૮)*

અને તેમના વિશે આ પણ ફર્માવ્યું :–

"તો અમે તેને એક બુદ્ધિમાન છોકરાની વધામણી આપી."*(સૂરએ સાફ્ફાત, આયત–૧૦૧)*

અને મૂસા علیہ السلامની ચર્ચા કરતાં ફર્માવ્યું :–

"અને બેશક ! અમે એમનાથી પહેલાં ફિરઔનની કૌમને અજમાવી અને તેમની પાસે એક આબરૂદાર રસૂલ પધાર્યા કે અલ્લાહના બંદાઓ મારા હવાલે કરી આપો. બેશક ! હું તમારા માટે અમાનતદાર રસૂલ છું." *(સૂરએ દુખાન, આયત–૧૭, ૧૮)*

અને હઝરત ઈસ્માઈલ علیہ السلامની પ્રશંસા કરતાં ફર્માવ્યું : "અય મારા બાપ ! તમને જે વાતનો આદેશ અપાય છે તે કરો અલ્લાહે ઈચ્છયું તો નજીક છે કે તમે મને સબર કરનાર પામશો." *(સૂરએ સાફ્ફાત, આયત–૧૦૨)*

અને એમની પ્રશંસામાં આ પણ ફર્માવ્યું છે :–

"બેશક ! વાયદાનો સાચો હતો અને રસૂલ હતો ગૈબની ખબરો કહેનાર અને પોતાના ઘરવાળાઓને નમાઝ અને ઝકાતનો આદેશ આપતો હતો અને પોતાના રબને પસંદ હતો અને હઝરત મૂસા علیہ السلامની આ પ્રમાણે પ્રશંસા કરી." *(સૂરએ મરયમ, આયત–૫૪, ૫૫)*

"બેશક ! તે ચૂંટી લીધેલો હતો અને રસૂલ હતો ગૈબની ખબરો આપનાર." *(સૂરએ મરયમ, આયત–૫૧)*

અને હઝરત સુલયમાન علیہ السلامની પ્રશંસા કરતાં ફર્માવ્યું :–

"કેટલો સારો બંદો બેશક ! તે ખૂબ જ કેન્દ્રિત થનાર (હતો)." *(સૂરએ સ્વાદ, આયત–૩૦)*

અને કેટલાક અંબિયાએ કિરામની પ્રશંસા આ પ્રમાણે કરી : "અને યાદ કરો અમારા બંદાઓ ઈબ્રાહીમ અને ઈસ્હાક અને યાકૂબ, કુદરત અને ઈલ્મવાળાઓને, બેશક ! અમે તેમને એક ચોખ્ખી વાત દ્વારા નોખા પાડી દીધા જે આ ઘરની યાદ છે, અને બેશક ! તેઓ અમારી પાસે ચુનંદા અને પસંદ કરાએલા છે." *(સૂરએ સ્વાદ, આયત : ૪૫ થી ૪૭)*

અને હઝરત દાવૂદ علیہ السلام ની શાનમાં ફર્માવ્યું :

"બેશક ! તે ખૂબ કેન્દ્રિત થનાર છે." *(સૂરએ સ્વાદ, આયત–૧૭)*

અને હઝરત દાવૂદ علیہ السلام ની શાનમાં આ પ્રમાણે ફર્માવ્યું :–

"અને અમે તેના રાજ્યને મજબૂત કર્યું અને તેને હિકમત તેમજ ફેંસલાની વાત આપી." *(સૂરએ સ્વાદ, આયત–૨૦)*

અને અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ علیہ السلامની આ પ્રમાણે ચર્ચા આમ કરી :–

"યૂસુફે કહ્યું, મને ધરતીના ભંડારો પર (મંત્રી) બનાવી દે. બેશક ! હું જાણનાર વિદ્વાન છું." *(સૂરએ યૂસુફ, આયત–૫૫)*

હઝરત મૂસા علیہ السلامની પ્રશંસામાં આ પ્રમાણે બારી તઆલાનો ઈર્શાદ છે :–

"નજીકમાં જ અલ્લાહ ચાહશે તો તમે મને ધીરજવાન પામશો." *(સૂરએ કહફ, આયત–૬૯)*

અને હઝરત શોએબ علیہ السلامના વિશે ફર્માવ્યું :–

"નજીક છે કે ઈન્શાઅલ્લાહ ! તમે મને નેક લોકોમાં ભાળશો." *(સૂરએ કસસ, આયત–૨૭)*

અને તેમની પ્રશંસામાં આ પ્રમાણે ફર્માવ્યું છે :

વધુ પેજ નં. ૧૪ પર....

# રહમતે દારૈનના صلی اللہ علیہ وسلم શયદાઈ

રજૂકર્તા ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ઈસ્લામના સિપાહી

હઝરત સઅદ رضی اللہ عنہએ મદાઈનને પોતાની રોકાવાની જગા બનાવી અમારત (અમીરપણા)ની ફર્ઝો એવી ખૂબી અને ઈન્સાફની સાથે અદા કરી કે બધી પ્રજા એહસાનથી ગદગદ થઈ ગઈ. મુસલમાનોના પાકીઝા તથા પસંદીદા તૌર તરીકાએ ઈરાનીઓનાં દિલ મોહી લીધાં અને તેઓ ધડાધડ ઈસ્લામ કબૂલ કરવા લાગ્યા. હઝરત સઅદ رضی اللہ عنہએ ઘણા જ થોડા સમયમાં જીતેલ ઈલાકાના માણસોની ગણતરી અને જમીનની માપણી કરાવી જમીનના અસલ માલિકોનો કબ્જો એના પર એ જ પ્રમાણે ચાલુ રાખ્યો અને દૂર બેકાર જમીન પર લાયક અને મુસ્તહિક઼ લોકોને કબ્જો મેળવવાથી રજા આપી. ટેક્ષ અને જિઝયાના ઘણા જ ન્યાયી કાયદાઓ બનાવ્યા અને આરામ ચૈનના અસંખ્ય કામ કરાવ્યાં. થોડા જ સમયમાં આખા દેશમાં અમનો અમાન અને ખુશહાલી સ્થાપિત થઈ ગઈ. એવી રીતે પોતાની સારી કામગીરીથી હઝરત સઅદ رضی اللہ عنہએ સાબિત કરી આપ્યું કે તેઓ માત્ર એક કાબિલ સિપેહસાલર જ નથી બલ્કે બેહતરીન ગવર્નર પણ છે.

મદાઈનમાં મુસલમાનોના રોકાણને જ્યારે એક મુદ્દત પસાર થઈ ગઈ તો હઝરત સઅદ رضی اللہ عنہએ અનુભવ્યું કે અહીંયાની આબોહવા મુસલમાનોને રાસ નથી આવી જેથી એમણે આ હાલત હઝરત ઉમર رضی اللہ عنہને લખી મોકલી. ત્યાંથી હુકમ આવ્યો કે અરબની સરહદ પર કોઈ યોગ્ય જગા શોધીને એક નવું શહેર આબાદ કરો જ્યાંની આબોહવા ખુશનુમા હોય. હઝરત સઅદ رضی اللہ عنہએ સ.હિ. ૧૭માં કૂફાનું શહેર આબાદ કર્યું અને પાટનગર પણ મદાઈનથી કૂફા બદલી નાખ્યું. કૂફા આવીને હઝરત સઅદ رضی اللہ عنہએ બધાની ભલાઈનાં કામો પર અધિક વધારે ધ્યાન આપ્યું, નાની નહેરો ખોદાવીને પાણીની નહેરો વહેવડાવવાનું ઘણુ જ સારું કામ કર્યું, ઘણા બધા પુલ અને મુસાફિરખાનાંઓ બનાવ્યાં અને પોતાના અંગત માલથી કેટલાંય કિતાબ ઘર અને મદરસાઓ સ્થાપ્યા. ફૌજમાં પગારની વહેંચણીનો ઘણો જ સારો બંદોબસ્ત કર્યો અને કૂફાને લશ્કરની સંખ્યા તથા શસ્ત્ર સરંજામના લેહાઝથી આલમે ઈસ્લામની સૌથી મોટી છાવણી બનાવી આપી.

હઝરત સઅદ رضی اللہ عنہના કૂફાના રોકાણ દરમ્યાન કૂફાવાળાઓની એક જમાઅત એમની વિરોધી થઈ ગઈ અને એણે હઝરત ઉમર رضی اللہ عنہની પાસે શિકાયત કરી કે હઝરત સઅદ رضی اللہ عنہ સારી રીતે નમાઝ નથી પઢાવતા. હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત મુહમ્મદ બિન મુસલમાન رضی اللہ عنہને મોકલીને તેહકીક઼ કરાવી તો આ તોહમત બિલકુલ પાયા વગરની અને બેકાર સાબિત થઈ, તેમ છતાં સ. હિ. ૨૧માં હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત સઅદને દેશની ભલાઈની મસ્લેહતોને લક્ષમાં રાખી સરદારીના હોદ્દાથી આપને આઝાદ કરી દીધા અને આપ મદીના મુનવ્વરા પાછા આવી ગયા.

સ.હિ. ૨૩માં એક મજૂસી ગુલામ અબૂ લૂલૂ ફીરૌઝે હઝરત ઉમર رضی اللہ عنہ પર ખૂંખાર હુમ્લો કર્યો જેનાથી એટલા સખત ઝખમ થયા કે એમની જાન બચવાની કોઈ ઉમ્મીદ ન રહી, જેથી લોકોએ એમનાથી દરખાસ્ત કરી કે આપ પોતાના જાનશીન નક્કી કરી દે. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ સોચી વિચારીને સારા મહાન સહાબાના નામ લઈને એ લોકો એમનામાંથી જેને ચાહે ખલીફા નક્કી કરી લે. એમનામાંથી એક સઅદ رضی اللہ عنہ હતા. બીજા પાંચ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم, હઝરત ઉષ્માન رضی اللہ عنہ, હઝરત ઝુબૈર બિન અવ્વામ رضی اللہ عنہ, હઝરત તલ્હા

બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ અને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ હતા.

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ વફાતથી પહેલાં હઝરત સઅદ رضی اللہ عنہના સંબંધે ખાસ શબ્દો ઈર્શાદ ફર્માવ્યા : ''મેં સઅદ رضی اللہ عنہને ફર્ઝની આળસના કારણે કે ખયાનતના લીધે દૂર નથી કર્યા. જો સઅદ رضی اللہ عنہની ખિલાફતના માટે પસંદગી થઈ જાય તો તેઓ એના લાયક છે, અને જો તેઓ નક્કી ન થાય તો જે ખલીફા બનાવવામાં આવે તે એમનાથી મદદ લે.''

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની વફાતના પછી મજલિસે શૂરામાં ચર્ચા પછી હઝરત ઉષ્માન رضی اللہ عنہને એમના જાનશીંન નક્કી કર્યા. એમણે ખિલાફતની ગાદી પર બેસતાં જ હઝરત સઅદ رضی اللہ عنہને બીજીવાર કૂફાના વાલી નક્કી કરી દીધા. આ વખતે તેઓ આ હોદ્દા પર ત્રણ વર્ષ સુધી રહ્યા. સ.હિ. ૨૬માં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ બૈતુલ માલના વ્યવસ્થાપકથી વિરોધ થઈ જતાં હઝરત ઉષ્માન رضی اللہ عنہએ પણ એમને અમીરના હોદ્દાથી આઝાદ કરી દીધા. અને પછી હઝરત સઅદ رضی اللہ عنہ દેશના રાજકરણથી એકદમ સંબંધ કાપી નાખ્યો અને મદીના મુનવ્વરાથી દસ માઈલની દૂરી પર અક઼ીક઼ના મકામમાં એકાંતવાસી થઈ ગયા. એમના અક઼ીક઼ના રોકાણના લાંબા સમયમાં ઈસ્લામની દુનિયામાં મોટા મોટા ઉતાર ચઢાવ અને ફિત્ના ફસાદ થયા પણ તેઓ એ બધાથી અલગ રહ્યા. હઝરત ઉષ્માન رضی اللہ عنہના ખિલાફતના હોદ્દાના છેલ્લા દિવસોમાં જયારે વિદ્રોહીઓએ હઝરત ઉષ્માન ગનીના ઘરની નાકાબંધી કરી લીધી તો હઝરત સઅદ رضی اللہ عنہ અક઼ીક઼થી મદીના તશરીફ લાવ્યા અને બાગીઓને જ્યાં સુધી શક્ય હતું સમજાવવાની કોશિશ કરી પરંતુ એ લોકોએ હઝરત સઅદ رضی اللہ عنہની નસીહતની કોઈ અસર કબૂલ ન કરી છેવટે આપ માયૂસ થઈને અક઼ીક઼ પાછા આવી ગયા. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની મઝલૂમાના શહાદતના પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم તખ્તનશીન થયા તો હઝરત સઅદ رضی اللہ عنہએ કોઈ ખચકાટ વગર એમની બયઅત કરી લીધી. પરંતુ જુમલ અને સિફફીનની લડાઈઓમાં એમણે કોઈમાં ભાગ ન લીધો. જંગે જુમલમાં લોકોએ એમને સાથે આવવાની દા'વત આપી તો ફર્માવ્યું :–

''મને એવી તલ્વાર બતાવો જે કાફિર અને મુસ્લિમમાં ફર્ક રાખે.''

હાફિઝ ઈબ્ને કષીર رضی اللہ عنہએ ''અલ્ બિદાયા વન્નિહાયા''માં લખ્યું છે કે ફિત્નાના જમાનામાં એકવાર હઝરત સઅદ رضی اللہ عنہના ભત્રીજા હાશિમ બિન ઉત્બા رضی اللہ عنہએ એમને કહ્યું કે, ''જો આપ આ સમયે ખિલાફતનો દાવો કરી દો તો એક લાખ તલ્વારો આપની મદદના માટે તૈયાર છે.'' એમણે જવાબ આપ્યો, ''ભત્રીજા ! એ એક લાખ તલ્વારોમાંથી હું માત્ર એક એવી તલ્વાર ચાહું છું જે કાફિર પર તો ચાલે, પરંતુ કોઈ મુસલમાન પર ન ચાલે.''

હઝરત સઅદ رضی اللہ عنہને અક઼ીક઼ની એકાંતવાસની જિંદગી પસાર કરતાં જયારે એક લાંબો સમય પસાર થઈ ગયો તો ઘડપણ એમના પર આવવાનું શરૂ થયું, બદનની તાક઼ાત કમજોર થઈ ગઈ અને આંખોની જોવાની શક્તિએ જવાબ આપી દીધો. છેવટે ખાલિક઼ે હક઼ીક઼ીનો બોલાવો આવી પહોંચ્યો અને સ.હિ. ૫૫માં એમની વફાત થઈ. જનાઝો મદીના મુનવ્વરા લાવવામાં આવ્યો તો ત્યાં ધમાલ મચી ગઈ અને દરેક બાજુથી લોકો જનાઝામાં હાજરીના માટે ઉમટી પડયા. વાલીએ મદીના મરવાન બિન હકમે ઉમ્મહાતુલ મો'મિનીન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના હુજરાઓની સામે નમાઝે જનાઝા પઢાવી અને પછી ઈસ્લામના એ મહાન સહાબીને જન્નતુલ બકીઅમાં ખાકને સોંપ્યા.

હઝરત સઅદ رضی اللہ عنہએ વિવિધ સમયોમાં વિવિધ નિકાહો કર્યા અને અલ્લાહ તઆલાએ એમને વધારે ઔલાદથી નવાઝયા. સીરત લખનારે એમના અઢાર છોકરા અને અઢાર છોકરીઓનાં નામ તેહક઼ીક઼ની સાથે લખ્યાં છે.

ઈબ્ને સઅદ رضی اللہ عنہએ હઝરત સઅદ رضی اللہ عنہનો દેખાવ આ રીતે લખ્યો છે, ઊંચાઈ ઓછી, મોઢુ મોટુ, નાક ચપટુ, શરીર તંદુરસ્ત, વાળ ગાઢ, હાથની આંગળીઓ મોટી અને મજબૂત હતી.

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ઈસ્તિન્જાનું વર્ણન

**મસ્અલો** : પાયખાના, પેશાબ કરતી વેળા કે પાકી કરતી વેળા કિલ્લા તરફ મોં કે પીઠ ન હોવી જોઈએ. ભલે ઘરમાં હોય કે બહાર મેદાનમાં. જો ભૂલથી કિબ્લા તરફ મોં કે પીઠ કરી બેસી જવાયું હોય તો યાદ આવતાં જ ફરી જવું, એમાં આશા છે કે એને તરત બખ્શી આપવામાં આવે. *(ફતહુલ ક઼દીર)*

**મસ્અલો** : બાળકને, પેશાબ, પાયખાના માટે બેસાડનાર માણસે કિબ્લા તરફ મોં કે પીઠ કરી બેસાડવું મકરૂહ છે, બેસાડનાર માણસ ગુનેહગાર થશે. *(આલમગીરી)*

**મસ્અલો** : પેશાબ, પાયખાના કરતી વેળાએ સૂરજ, ચાંદ તરફ મોં કરી બેસવું નહીં, એવી જ રીતે હવાના રૂખ તરફ પેશાબ કરવું પણ મનાઈ છે, અને એવી તમામ જગાઓએ પેશાબ કરવો મના છે કે જ્યાંથી છાંટા ઉડી શકે.

**મસ્અલો** : ઉઘાડા માથે, પેશાબ, ટોયલેટ (જાજરૂ) જવું **મકરૂહ** છે. એવી જ રીતે જેના ઉપર અલ્લાહ તઆલા કે રસૂલુલ્લાહ કે કોઈ પીર, બુઝુર્ગોનાં નામ લખ્યાં હોય અથવા દુઆ કે આયત લખેલ હોય તેવી ચીજ સાથે લઈ જવી મનાઈ છે. *(આલમગીરી વગેરે)*

### ❖ ઈસ્તિન્જાની રીત ❖

જ્યારે પેશાબખાના કે જાજરૂ (ટોયલેટ)માં જવામાં આવે તો મુસ્તહબ એ છે કે જાજરૂ (ટોયલેટ રૂમ)ની બહાર આ દુઆ પઢવી. **બિસ્મિલ્લાહિ અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિક મિનલ્ ખુબુષિ વલ્ ખબાઈષ.** પછી પ્રથમ ડાબો પગ અંદર મૂકવો. જ્યારે બેસવાને બિલકુલ નજીક થાઓ ત્યારે શરીર પરથી જરૂર જેટલું જ કપડું હટાવવું, જરૂરતથી વધુ શરીર ન ખુલવા પામે, પછી પગ પહોળા રાખી ડાબા પગ ઉપર વજન આપીને માથુ નીચું રાખી બેસવું, ચુપચાપ ફારિગ થવું, જ્યારે પરવારી જાવ ત્યારે મર્દ પોતાની શર્મગાહને ડાબા હાથ વડે પેશાબનાં રોકાયેલાં ટીપાં ટપકાવવાની કોશિશ કરે.

પછી માટી વડે (પાણી ન હોય તો) સફાઈ કરી ઉભા થઈ જવું પરંતુ તદ્દન ઉભાં થતાં પહેલાં શરીરને કપડાંથી છુપાવી લેવું અને પછીથી જ બહાર આવવું. નીકળતી વેળા પ્રથમ જમણો પગ બહાર કાઢવો અને નીકળ્યા પછી આ દુઆ પઢવી :–

**ગુફરાનક, અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી અઝહબ અન્ની મા યૂઝીની વ અમ્સક અલય્ય મા યન્ફઉની.** (પછી જ્યાં પાણી વડે પાકી કરવા માટે જાવ તો આ દુઆ પઢીને જવું.) **બિસ્મિલ્લાહિલ અઝીમિ વબિહમ્દિહી વલ્હમ્દુલ્લિાહી અલા દીનીલ ઈસ્લામિ. અલ્લાહુમ્મજ અલ્ની મિનત્તવ્વાબીન વજઅલ્ની મિનલ્ મુતતહ્હિરીન લ્લઝીન લા ખવ્ફુન અલયહિમ વલાહુમ યહઝનૂન.**

પ્રથમ ત્રણ વખત હાથ ધોવા. પછી બેસીને જમણા હાથથી પાણી રેડી ડાબા હાથ વડે ધોવું અને પાણીનો લોટો ઊંચો રાખવો જેથી છાંટા ન પડે. પ્રથમ પેશાબની જગ્યા ધોવી પછી જાજરૂની જગ્યા ધોવી. ધોતી વેળા શ્વાસનું જોર આપીને જાજરૂની જગ્યા ઢીલી રાખવી જેથી સારી રીતે ધોવાય. ધોવામાં ખૂબ જ ચીવટાઈ રાખી ધોવું ત્યાં સુધી કે

હાથમાં જરા સરખી પણ ગંધ રહેવા ન પામે. પછી કોઈ પાક કપડાથી લુંછી નાખવું કે ખાલી નજીવી ભીનાશ રહે. કપડું ન હોય તો વારંવાર હાથ ફેરવી લુંછી લેવું અને જો વસવસાની આદત હોય રૂમાલ ઉપર પાણી છાંટી લઈ પછી બહાર નીકળી આવી આ દુઆ પઢવી :–

અલ્હમ્દુલિલ્લાહિલ્લઝી જઅલલ માઅ તહુરંવ વલ ઈસ્લામ નુરંવ વ કઈદવ વદલીલન ઈલલ્લાહિ તઆલા વ ઈલા જન્નાતિન્નઈમ અલ્લાહુમ્મ હસ્સિન ફર્જી વતહ્હિર કલ્બી વ મહહીસ જુનૂબી.

**મસ્અલો** : જ્યારે આગળ અથવા પાછળથી નાપાકી નીકળે એટલે કે પેશાબ જાજરૂ કર્યા પછી માટીના ઢેફાથી પાક કરવું (ઈસ્તિન્જા) સુન્નત છે. અને જો ફક્ત પાણી વડે જ પાકી કરી તો પણ જાઈઝ છે. પણ મુસ્તહબ એ છે કે પ્રથમ માટી વડે સફાઈ કરી પછીથી પાણીથી પાકી કરવી.

**મસ્અલો** : ફકત માટીનાં ઢેફાં વડે પાકી કરી લેવી ત્યારે જ ચાલી શક્શે કે નાપાકીથી એની નીકળવાની જગ્યાએથી એક દિરહમ (એક રૂપિયા) કરતાં વધારે જગ્યા બગડી ન હોય, જો દિરહમથી વધુ જગ્યામાં લાગી જાય તો ધોવું ફર્ઝ છે. તે છતાં પ્રથમ ઢેફાથી સાફ કરવું સુન્નત રહેશે.

**મસ્અલો** : જાજરૂ–પાયખાનું કર્યા પછી મર્દ માટે માટી વડે સાફ કરવાની મુસ્તહબ રીત એ છે કે ગરમીની ઋતુમાં પહેલું ઢેફું આગળથી પાછળ તરફ લઈ જવું અને બીજું ઢેફું પાછળથી આગળ તરફ લાવવું અને ત્રીજું ફરીથી આગળથી પાછળ તરફ લઈ જવું અને ઠંડીની ઋતુમાં પહેલું ઢેફું પાછળથી આગળ તરફ ફરીથી લાવવું.

**મસ્અલો** : સ્ત્રીઓ દરેક ઋતુમાં પ્રથમ ઢેફું આગળથી પાછળ, બીજું પાછળથી આગળ અને ત્રીજુ ફરી આગળથી પાછળ તરફ લઈ જાય. *(કાઝીખાન, આલમગીરી)*

**મસ્અલો** : જો ત્રણ ઢેફાંથી બરાબર સફાઈ ન થાય તો એ જ પ્રમાણે બીજાં લેવાં પરંતુ પાંચ, સાત, નવ વગેરે એકી સંખ્યામાં લેવાં.

**મસ્અલો** : પેશાબ કર્યા પછી કોઈને એવો ખ્યાલ હોય કે કોઈક ટીપાં રહી ગયાં છે અથવા હશે અને તે પાછળથી આવશે તો તેણે ઈસ્તિબરા કરવું વાજિબ છે. એટલે કે પેશાબ કર્યા પછી એવું કામ કરવું કે જેના કારણે પેશાબના રોકાયેલાં ટીપાં નીકળી જાય. ઈસ્તિબરા ટહેલવાથી કે જમીન પર જોરથી પગ મારવાથી થાય છે અથવા ઊંચી જગ્યાથી ઉતરવાથી કે નીચી જગ્યાએથી ઉપર ચઢવાથી થાય છે. અથવા જમણા પગને ડાબા પગ ઉપર અને ડાબાને જમણા પગ ઉપર જોરથી મારવાથી થાય છે. અથવા ખંખારવાથી કે ડાબા પાસાં ઉપર સૂવાથી થાય છે. ઈસ્તિબરા એટલીવાર સુધી કરવો જોઈએ કે શાંતિ અને ખાત્રી થઈ જાય કે હવે પેશાબનાં ટીપાં નહીં આવે, ઈસ્તિબરાનો હુકમ મર્દો માટે છે. સ્ત્રીઓએ ફરાગત પછી થોડીવાર રોકાઈને પછીથી પાકી કરી લેવી.

**મસ્અલો** : કાંકરા, પથ્થર, ફાટેલું કપડું એ બધાં માટીના ઢેફાના હુકમમાં જ ગણાય છે. એમનાથી પણ સફાઈ કરી લેવી કરાહત વિના જાઈઝ છે.

**મસ્અલો** : મર્દનો હાથ બેકાર થઈ ગયો હોય તો તેની ઔરત ઈસ્તિન્જા કરાવે અને જો ઔરતનો હાથ બેકાર હોય તો તેનો ધણી કરાવે. બીજું કોઈ સગુ ભાઈ, બહેન, છોકરો, છોકરી ઈસ્તિન્જો કરાવી શકતું નથી, પરંતુ એવી હાલતમાં માફ છે. (ઈસ્તિન્જો ન કરે.)

**મસ્અલો** : વુઝૂના વધેલા પાણીથી ઈસ્તિન્જો ન કરવો જોઈએ.

**મસ્અલો** : પાકી (ઈસ્તિન્જો) કરતાં વધેલા પાણીને ઢોળી ન દેવું જોઈએ કેમ કે એ ખોટું વેડફી નાખવા બરાબર છે. બલ્કે બીજા કોઈક કામમાં લેવું એનાથી વુઝૂ પણ કરી શકાય છે.

# ગુનાહોનો ઈલાજ

**લેખક :** હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી
**અનુવાદક :** મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

### ❊ મસ્જિદમાં દુનિયવી વાતો ન કરવી ❊

આ ગુનાહ ખાસ કરી મસ્જિદની અંદર જોવામાં આવે છે. મસ્જિદમાં નમાઝ પઢવા માટે આવનાર લોકો આ ગુનાહમાં પડી જાય છે. ખાસ કરી તે નમાઝી જે પોતાનો વધુ સમય મસ્જિદમાં ગુજારે છે અને નમાઝના સમય પહેલાં મસ્જિદમાં પહેલી સફમાં જમાઅતની રાહ જુએ છે. મસ્જિદમાં જલ્દી જવું અને સફે અવ્વલમાં જમાઅતની રાહ જોવી ખરેખર મોટી સઆદત (સદનસીબી) છે. અલ્લાહ તઆલા આપણને સૌને એ તૌફીક અતા ફર્માવે. પરંતુ જે નેક કામની જેટલી મોટી ફઝીલત હોય છે તે નેક અમલના સવાબથી રોકવા માટે શૈતાન પણ પોતાની પૂરી તાકાત લગાડી આપે છે. શૈતાન આમ કરે છે કે જે નમાઝી સમય પહેલાં મસ્જિદમાં પહોંચે છે તેને કોઈપણ બહાને દુનિયવી વાતોમાં લગાડી દે છે. પરિણામે મસ્જિદોમાં જલ્દી આવી જે નેકીઓ તેણે મેળવી હતી તે બધી જ ઉપરોક્ત ગુનાહના કારણે બરબાદ થઈ જાય છે. મસ્જિદમાં બેસી દુનિયાની વાતો કરવી ઘણો જ મોટો ગુનોહ છે.

યાદ રાખો કે મસ્જિદો માત્ર નમાઝ તથા ઝિક્રો દુઆ, તિલાવતે કુર્આન, તસ્બીહ તથા દુરૂદ શરીફ પઢવા માટે છે. મતલબ કે મસ્જિદ ગુનાહો માટે નથી જેથી તેમાં ગુનાહનાં કામ કરવું સખત મોટો ગુનોહ છે અને બુરુ છે. એનાથી બચવાનો એક જ ઉપાય છે કે પોતાની જબાન બંધ રાખે અને ખોલે તો અલ્લાહ તથા તેના પ્યારા રસૂલ ﷺના ઝિક્ર માટે ખોલે.

### ❊ મસ્જિદમાં જરૂરી વાતો કરવી ❊

ઘણીવાર મસ્જિદમાં બેઠાં બેઠાં અચાનક દુનિયાની કોઈ જરૂરી વાત કહેવાની જરૂર પડે છે દા.ત. સંદેશ વગેરે કહેવાની જરૂર પડી અને તે માણસની મુલાકાત મસ્જિદમાં જ થઈ ગઈ તો આવા સંજોગોમાં થોડી છૂટ છે. એનો તરીકો એ છે કે જે માણસને વાત કહેવી છે તેની પાસે જઈ ધીમા સ્વરે વાત કહી આપે જેથી બીજા લોકોની ઈબાદતમાં કોઈ ખલલ ન પડે. પરંતુ બેહતર એ છે કે આ પ્રકારની જાઈઝ તથા જરૂરી વાત પણ મસ્જિદમાં ન કહે અને જેની સાથે વાત કરવાની છે તેને ઈશારો કરી બહાર તથા વુઝૂખાના પર બોલાવે. ટૂંકમાં એ કે મસ્જિદમાં બેકાર તથા દુનિયાની વાતો કરવી સખત ગુનોહ છે.

હદીષે પાકમાં ઈર્શાદ છે કે મસ્જિદમાં દુનિયાવી વાતોથી નેકીઓ એ રીતે ખતમ થઈ જાય છે જે રીતે આગ લાકડીને ખતમ કરી દે છે.

મસ્જિદમાં આપણે નેકીઓ કમાવવા માટે જતા હોય છીએ ન કે કમાયેલ નેકીઓ બરબાદ કરવા, આ કેટલી ખોટની વાત છે !

બીજી એક હદીષમાં છે કે જ્યારે માણસ મસ્જિદમાં દુનિયાની વાતો કરવા લાગે છે તો ફરિશ્તા તેને સંબોધી કહે છે કે, હે અલ્લાહના વલી ચુપ થઈ જા ! આ યોગ્ય નથી કે તું અલ્લાહના ઘરમાં બેસી એવી વાતો કરે જેથી તારો પરવરદિગાર તારાથી નારાજ થઈ જાય ! જો તે માણસ ચૂપ થઈ જાય છે તો ઠીક છે, નહીં તો ફરી વાર ફરિશ્તા તેને આ રીતે સંબોધે છે, હે અલ્લાહની નજરમાં ઉતરી ચૂકેલ માણસ ચૂપ થઈ જા ! હજુ જો તે માણસ ચુપ થઈ જાય તો ઠીક છે, પણ જો ચુપ નથી થતો અને લગાતાર વાતો કરતો રહે છે તો ફરિશ્તા તેને સંબોધી કહે છે. "ચુપ થઈ જા ! તારા ઉપર અલ્લાહની લઅનત છે." *(અલ મદખલ)*

આથી વધીને અલ્લાહ તઆલાનો ગઝબ તથા તેની નારાઝગી શું હશે ?! મસ્જિદ બજાર અથવા આપણુ ઘર નથી કે જે પણ ઈચ્છા હોય તે કરીએ બલ્કે આ મસ્જિદ અલ્લાહનું ઘર છે અને માત્ર ઈબાદત માટે બનાવવામાં આવ્યું છે. માટે જ્યારે આપણે અલ્લાહના ઘરમાં દાખલ થઈએ તો બજાર, ઘર તથા બજારની વાતો બહાર જ છોડી દેવી જોઈએ, જો મસ્જિદમાં આવ્યા પછી પણ દુનિયાની વાતો ન છોડીએ બલ્કે દુનિયાની વાતોમાં મશ્ગૂલ રહીએ તો એ બદ્તરીન ગુનોહ છે.

## શેરે ખુદાના كرم الله تعالى وجهه الكريم કમાલો તથા કરામતો

રજૂકર્તા : મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી

સૈયદેના હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ના કમાલોની ગણત્રી કોણ કરી શકે ! આપ ﷺએ આપની ચહીતી સાહબઝાદી હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاના નિકાહ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم સાથે કર્યા હતા, આપ ખુલફાએ રાશિદીનમાંથી ચોથા ખલીફા અને અશરાએ મુબશ્શિરામાંથી છે. જેમને દુનિયામાં હુઝૂર ﷺએ અલલ એલાન જન્નતી હોવાનું જાહેર કરી આપ્યું હતું. ઉપરાંત હુઝૂર ﷺએ ખૂદ આપની શાનમાં ઘણી હદીસો બયાન કરી છે. અત્રેના લેખમાં આપના કમાલોની એક ઝલક વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ જે **બરકાતે ખ્વાજા** (માસિક)ના વાંચકોની અક઼ીદત તથા ઈમાનમાં તાજગી પૂરી પાડશે. (ઈન્શાઅલ્લાહ !)

### અલી ન હોત તો ઉમર હલાક થઈ જાત !

મશ્હૂર છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ સમક્ષ એક એવી સ્ત્રી હાજર કરવામાં આવી જેને ઝિનાનો ગર્ભ હતો. શરઈ ગવાહી બાદ હઝરત ઉમર رضی اللہ عنہએ તેણીને સંગસાર કરવાનો હુકમ આપ્યો. હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ યાદ અપાવ્યું કે હુઝૂર علیہ السلامએ સગર્ભાને સુવાવડ પછી સંગસાર કરવામાં આવે, કારણ કે ઝિના કરનાર સ્ત્રી ભલે ગુનેહગાર છે પણ તેણીના પેટમાં જે બાળક છે તે બેકસૂર હોય છે. હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ના યાદ અપાવ્યા પછી હઝરત ઉમરે પોતાના ફેંસલાથી રુજૂઅ ફર્માવ્યું અને ફર્માવ્યું કે જો અલી ન હોત તો ઉમર હલાક થઈ જાત ! અલીની હાજરીના કારણે ઉમર હલાકતથી બચી ગયા.

### આપના લાજવાબ ફેંસલાઓ

પ્યારા વાંચકો ! હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ના ફેંસલા એટલા અનોખા તથા અજીબો ગરીબ છે જેને જોઈ મોટા મોટા અકલમંદો તથા તત્વચિંતકોની બુધ્ધિ હેરાન છે. આ સરકાર અક઼દસ ﷺના દસ્તે મુબારક તથા મુક઼દસ દુઆઓની બરકત છે. પોતે હઝરત મૌલાએ કાએનાત كرم الله تعالى وجهه الكريم ફર્માવે છે કે અલ્લાહના પ્યારા રસૂલ ﷺએ મને યમનનો ક઼ાઝી બનાવી મોકલવા ઈચ્છયું તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું હજુ તર્જુબા વિનાનો એક નવયુવાન છું, વસ્તુઓના નિરાકરણ તથા ફેંસલા કરવા વિશેનો તર્જુબો નથી. આ સાંભળી પ્યારા નબી ﷺએ મારા સીના પર હાથ માર્યો અને ફર્માવ્યું, "ઈલાહલ આલમીન ! આના દિલને રોશન કરી દે અને જબાનમાં તાષીર અતા ફમાવ." કસમ છે તે ઝાતની જે નાના બીજથી મોટુ ઝાડ પૈદા ફર્માવે છે ! આ દુઆ પછી મને કોઈ પણ મુકદમાના ફેંસલામાં જરાયે શક ન રહ્યો, વિના શકે મેં દરેક મુક઼દમાનું નિરાકરણ કર્યું.

હવે આવો આપણે મૌલાએ કાએનાત હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ના ફેંસલાઓનો અભ્યાસ કરીએ :–

### કોણ માલિક, કોણ ગુલામ ?!

હઝરત બરાઅ્ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એક માણસે પોતાના પુત્ર સાથે એક ગુલામને કૂફા મોકલ્યો. બન્યું એવું કે રસ્તામાં બંનેનો પરસ્પર ઝઘડો થયો. છોકરાએ ગુલામને માર્યો અને ગુલામે છોકરાને ગાળો ભાંડી. કૂફા પહોંચી ગુલામે દાવો કર્યો કે આ છોકરો મારો ગુલામ છે અને તેણે વેચવા ચાહ્યું. આ મુક઼દમો હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની બારગાહમાં પહોંચ્યો. આપે પોતાના ખાદિમને ફર્માવ્યું કે આ રૂમની દિવાલમાં બે મોટા મોટા કાણાં બનાવવામાં આવે અને આ બંનેને કહો કે પોત પોતાનાં માથાં એની બહાર કાઢે. આમ કરી દેવામાં આવ્યું. ત્યાર પછી આપે પોતાના ખાદિમને હુકમ ફર્માવ્યો કે સરકાર ﷺની તલવાર મુબારક લાવો ! જ્યારે આપનો ગુલામ તલવાર લઈ આવ્યો તો ફર્માવ્યું કે ગુલામનું ગરદન વાઢી લેવામાં આવે. આ સાંભળતાં જ જે ગુલામ હતો તેણે પોતાનું માથું અંદર ખેંચી લીધું અને

પેલો છોકરો પોતાની હાલત પર જ રહ્યો. આ રીતે વિના કોઈ ગવાહ તથા શહાદતે આપની આ મજલિસમાં ફેંસલો થઈ ગયો કે આકા કોણ છે અને ગુલામ કોણ છે. આપે ગુલામને સજા આપી અને તેને યમન મોકલી આપ્યો. *(અશ્રએ મુબશ્શિરા)*

## સગી માં કોણ ?!

હઝરત સુહેલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત છે, એક વખત બે ઔરતો એક છોકરા માટે ઝઘડો કરતી હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની પાસે આવી. બંનેનું કહેવું હતું કે આ છોકરો મારો છે. આપે પહેલાં એ બંનેને ખૂબ સમજાવી પરંતુ જ્યારે એમણે હંગામો કરી નાખ્યો તો આપે હુકમ કર્યો કે આડી લાવો ! એમણે પૂછયું, આડી શા માટે મંગાવવામાં આવે છે ? આપે ફર્માવ્યું કે આ છોકરાના બે ટુકડા કરીને બંનેને અડધો અડધો આપીશ. હકીકતમાં એ છોકરાની જે માં હતી તે આ સાંભળી બેકરાર થઈ ગઈ અને એના ચેહરા પર ગમગીની છવાઈ ગઈ. એણે ખૂબ જ આજીજીથી અર્ઝ કરી, યા અમીરુલ મુ'મિનીન ! હું એ છોકરાને નથી લેવા માંગતી. આ એ ઔરતનો છે એને જ દઈ દો, પરંતુ ખુદાના વાસ્તે એને કત્લ ન કરશો. આપે એ છોકરો એ જ બેકરાર (ગમગીન) ઔરતને દઈ દીધો અને જે ઔરત ખામોશ ઊભી રહી હતી આપે એને કહ્યું, તમને શર્મ આવવી જોઈએ કે તેં મારી મેહફિલમાં જૂઠુ બયાન કર્યું. છેવટે એ ઔરતે પોતાના જુર્મનો એકરાર કરી લીધો. *(અશ્રએ મુબશ્શિરા)*

## એક માણસની વસિયત

હઝરત ઝૈદ ઈબ્ને અરકમ رضی اللہ عنہથી રિવાયત છે કે એકવાર એક માણસે મરતી વખતે પોતાના મિત્રને દસ હજાર દિરહમ આપ્યા અને વસિયત કરી કે જ્યારે તારી મારા પુત્ર સાથે મુલાકાત થાય તો આમાંથી તારી ઈચ્છા મુજબની રકમ તેને આપજે. બન્યું આમ કે અમુક દિવસો પછી તેનો પુત્ર વતન પરત આવ્યો તે સમયે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું કે તું મૃતકના પુત્રને કેટલી રકમ આપીશ ?! તે માણસે જવાબ આપ્યો કે એક હજાર. આપે ફર્માવ્યું કે હવે તું તેને નવ હજાર આપીશ. કારણ કે તે મર્હૂમે કહ્યું હતું કે જે તું ઈચ્છે તે મારા પુત્રને આપજે અને તારી ઈચ્છા નવ હજાર (૯૦૦૦) હતી માટે તારી ઈચ્છા મુજબની રકમ તું એને આપીશ. *(અશ્રએ મુબશ્શિરા)*

## હિકમત તથા અદાલતનો અજોડ નમૂનો !

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની બારગાહમાં ત્રણ માણસો આવ્યા, તેમની પાસે સત્તર ઊંટ હતા. તેમણે આપની બારગાહમાં અર્ઝ કરી કે આ ઊંટોને અમારા દરમ્યાન સમાન રીતે વહેંચી આપો. અમારામાંનો એક માણસ અડધાનો (૧/૨)નો ભાગીદાર છે, બીજો માણસ (૧/૩) ત્રીજા ભાગનો હિસ્સેદાર છે અને ત્રીજો માણસે (૧/૯) નવમા ભાગનો હિસ્સેદાર છે. પણ શર્ત એ છે કે આખા આખા ઊંટ દરેક માણસને મળે, કાપીને વહેંચવામાં ન આવે અને ન તો કોઈથી પૈસા અપાવવામાં આવે. મોટા મોટા બુદ્ધિશાળી જે આપની બારગાહમાં હતા તે કહેવા લાગ્યા કે આ કઈ રીતે થઈ શકે છે ? આખા ઊંટ તમને મળે, કાપવામાં પણ ન આવે અને ન તો પૈસા અપાવવામાં આવે. કારણ કે જે માણસ અડધાનો હક્કદાર છે તેને (૧૭)માંથી સાડા આઠ ($૮\frac{૧}{૨}$) મળશે, જે ૧/૩નો હક્કદાર છે તેને ($૫\frac{૨}{૩}$) મળશે. અને જેને નવમો હિસ્સો છે તેને પણ બે (૨) થી ઓછુ મળશે. આથી એક બે નહીં બલ્કે ત્રણ ઊંટોને ઝબહ કર્યા વિના ૧૭ ઊંટોની વહેંચણી તેમના દરમિયાન નહીં થઈ શકે.

પરંતુ કુર્બાન જાવ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની સમજ તથા દાનાઈ પર અને આપની ફેંસલો કરવાની કુવ્વત પર ! આપે વિના સંકોચે તરત જ તેમનાં ઊંટોને એક લાઈનમાં ઉભાં કરી દીધાં અને પોતાના ખાદિમને હુકમ આપ્યો કે આ ઊંટોમાં આપણુ એક ઊંટ સાથે ઉભુ કરી દેવામાં આવે, જ્યારે આપના એક ઊંટને મિલાવી કુલ ૧૮ ઊંટ ઉભા થઈ ગયા તો જે માણસ અડધાનો ભાગીદાર છે તેને ૯ ઊંટ અને ૧/૩ ભાગીદારને ૬ ઊંટ અને ૧/૯ના હક્કદારને ૧૮માંથી ૨ ઊંટ આપ્યાં અને પોતાના ઊંટને પોતાની જગ્યાએ

પાછુ મોકલી આપ્યું.

આ રીતે આપે ન કોઈ ઊંટ કાપ્યું અન ન તો કોઈને પૈસા અપાવ્યા. ૧૭ ઊંટોને તેમની શરત મુજબ વહેંચી નાખ્યાં અને કોઈને કોઈ પણ એતેરાઝ ન થયો. આપના આ ફૈંસલાને સાંભળી હાજર જનો દંગ રહી ગયા અને એક જબાન થઈ બધા જ બોલી ઉઠયા કે ખરેખર આપનો સીનો ઈલ્મ તથા ફઝ્લનો ખઝાનો છે, હિકમત તથા અદાલતનો સફીનો અને ઈલ્મે નબુવ્વતનું શહેર છે.

## આઠ રોટલીઓની વહેંચણી

સફરમાં બે માણસો એક સાથે ખાવા બેઠા જેમાંથી એકની પાંચ રોટલીઓ હતી અને બીજાની ત્રણ રોટલીઓ હતી. એવામાં એક માણસ ત્યાંથી પસાર થયો અને તેણે તેમને સલામ કરી. તેમણે તેને ખાવા બેસાડયો અને ત્રણેવે મળીને બધી રોટલીઓ ખાધી. ખાવાથી ફારિગ થયા પછી તે ત્રીજા માણસે આઠ (દિરહમ) આપ્યા અને કહ્યું કે પરસ્પર વહેંચી લેજો. જ્યારે તે ચાલ્યો ગયો તો પાંચ (૫) રોટલીવાળાએ કહ્યું કે હું પાંચ દિરહમ લઈશ કારણ કે મારી પાંચ (૫) રોટલીઓ હતી અને તું ત્રણ જ દિરહમ લે કારણ કે તારી ત્રણ રોટલી હતી. ત્રણ રોટલીવાળાએ કહ્યું કે નહીં આપણે સરખા ભાગે દિરહમ વહેંચવાના છે, કારણ કે બધી રોટલીઓ આપણે ભેગા મળી ખાધી છે. જ્યારે બંનેમાં મતભેદ થયો તો તેના નિવારણ માટે તેઓ મૌલાએ કાએનાતની બારગાહમાં હાજર થયા. મૌલા અલી كرم الله تعالى وجهه الكريم એ આખો વાકિઓ સાંભળી ત્રણ રોટલીવાળાને કહ્યું કે તારો સાથી જે ત્રણ દિરહમ આપે છે તે લઈ લે. ત્રણ રોટલીવાળાએ કહ્યું કે આ ન્યાય વિપરીત ફૈંસલાથી હું રાજી નથી. હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ ફર્માવ્યું કે આ અન્યાય નથી, હિસાબના આધારે તો તને એક જ દિરહમ મળે ! તેણે કહ્યું કે મને આ હિસાબ સમજાવી આપો તો હું એક દિરહમ લઈ લઈશ.

મૌલાએ કાએનાત હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ ફર્માવ્યું કે કાન ખોલી સાંભળી લે ! તારી ત્રણ રોટલી હતી અને તારા સાથીની પાંચ રોટલીઓ હતી અને ખાવાવાળા ત્રણ હતા. તમારા બંનેની આઠ રોટલીઓ થઈ. આઠ રોટલીને ત્રણ ત્રણ ટુકડામાં વહેંચવામાં આવે તો કુલ ૨૪ ટુકડા થાય છે. આ ચોવીસ ટુકડાને ત્રણ લોકો પર વહેંચવામાં આવે તો દરેક માણસના હિસ્સામાં આઠ આઠ ટુકડા આવશે. મતલબ કે આઠ ટુકડા તમે ખાધા, આઠ તારા સાથીએ અને આઠ પેલા ત્રીજા માણસે. હવે ધ્યાનથી સાંભળજે ! તારા ત્રણ રોટલીઓના ત્રણ ત્રણ ટુકડા કરવામાં આવે તો કુલ નવ ટુકડા થયા. માટે તેં તારા નવ ટુકડામાંથી આઠ ટુકડા ખાધા. હવે તારા સાથીની પાંચ રોટલીઓના ત્રણ ત્રણ ટુકડા કરવામાં આવે તો કુલ પંદર ટુકડા થાય છે અને પંદરમાંથી આઠ તેણે ખાધા. તેં તારા નવ ટુકડામાંથી આઠ ટુકડા ખાધા માટે તારો એક જ ટુકડો બચ્યો. જે તે માણસે ખાધો. તારા સાથીએ પોતાના પંદરમાંથી આઠ ટુકડા ખાધા માટે સાત વધ્યા. જે ત્રીજા માણસે ખાધા માટે તારો માત્ર એક દિરહમ થયો. અને તારા સાથીના સાત દિરહમ થયા. આ ફૈંસલો સાંભળી ત્રણ રોટલીવાળો માણસ અચંબામાં પડી ગયો. કચવાટા મને એક દિરહમ પર સંતુષ્ઠ થવું પડયું, અને દિલમાં કહેવા લાગ્યો કે કાશ ! મેં ત્રણ દિરહમ પહેલાં લઈ લીધા હોત !

## હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની કરામતો

મૌલા અલી كرم الله تعالى وجهه الكريم થી અનેક કરામતો જાહેર થઈ છે જેમાંની અમુક આપની સમક્ષ વર્ણન કરીશું.

### હઝરત અલીનો ઈલ્મે ગયબ

હઝરત અબ્દુર્રહમાન અલ્લામા જામી رحمة الله عليه લખે છે કે કૂફામાં એક દિવસ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ સવારની નમાઝ પઢયા પછી એક માણસને ફર્માવ્યું કે ફલાણી જગ્યાએ મસ્જિદની બાજુમાં એક ઘર છે તેમાં દંપતિ ઝઘડો કરી રહ્યાં છે, જેમને મારી પાસે લઈ આવો. આપના હુકમ મુજબ તે માણસ બંનેને સાથે લઈ આવ્યો. અમીરુલ મુ'મિનીને ફર્માવ્યું કે આજે રાત્રે તમારા દરમ્યાન ખૂબ

જ લડાઈ થઈ છે. નવજવાને કહ્યું કે અમીરુલ મુ'મિનીન આ સ્ત્રી સાથે મારા નિકાહ થયા પણ જ્યારે હું તેણી પાસે આવ્યો તો તેની શકલથી મને નફરત થઈ ગઈ. મારી તાકાત હોત તો હું તેણીને પોતાની પાસેથી દૂર કરી આપત. તેણીએ મારી સાથે ઝઘડો કરવાનું શરૂ કરી દીધું અને સવાર સુધી લડાઈ ચાલુ રહી, ત્યાં સુધી કે તમારો મોકલેલ માણસ આવી પહોંચ્યો. હાજરજનોને હઝરત અલી كرم الله وجهه الكريم એ જવાનો ઈશારો કર્યો અને બધા ચાલ્યા ગયા. ત્યાર બાદ મૌલા અલી كرم الله وجهه الكريم એ સ્ત્રીને સવાલ કર્યો કે તું આ મર્દને ઓળખે છે ? તેણીએ કહ્યું કે ના ! માત્ર એટલું જ જાણું છું કે આ મર્દ કાલથી મારો પતિ છે. આપે ફર્માવ્યું, હવે તું સારી રીતે જાણી લઈશ પણ બિલકુલ સાચુ બોલજે. તેણીએ કહ્યું કે હું વાયદો કરું છું જૂઠુ નહીં બોલું. આપે ફર્માવ્યું કે તું ફલાણાની છોકરી ફલાણી નથી ? તેણીએ અર્ઝ કરી કે, હા ! હું તે જ છું. પછી આપે ફર્માવ્યું કે તારા કાકાનો એક છોકરો હતો તે તને ચાહતો હતો અને તું પણ તેને ચાહતી હતી ? તેણીએ તેનો પણ ઈકરાર કર્યો. પછી આપે ફર્માવ્યું કે તું એક દિવસ કોઈ જરૂરતને માટે ઘરથી બહાર નીકળી તો તેણે તને પકડીને તારી સાથે ઝિના કર્યો અને તું સગર્ભા થઈ ગઈ. આ વાતને તેં તારા બાપથી છુપી રાખી. તેણીએ કહ્યું કે, બેશક ! એવું જ થયું હતું. આપે ફર્માવ્યું કે, પણ તારી માં સઘળો બનાવ જાણતી હતી. અને જ્યારે બાળક પેદા થવાનો સમય આવ્યો તો રાત હતી. તારી માં તને ઘરની બહાર લઈ ગઈ અને તને પુત્ર જન્મ થયો તેને તેં એક કપડામાં લપેટીને દીવાલ પાછળ મૂકી દીધો. સંજોગોવસાત ત્યાં એક કૂતરો પહોંચી ગયો જેણે એને સૂંઘ્યો. તેં એ એ કૂતરાને એક પથ્થર માર્યો જે બાળ કના માથા પર વાગ્યો જેનાથી તે ઝખ્મી થઈ ગયો. તારી માંએ ઈજારના નાડા વડે કાંઈક કપડુ બાંધી દીધું પછી તમે બંનેવ પરત ચાલી નીકળી અને પછી એ બાળકની કોઈ ભાળ ન મળી. તો સ્ત્રીએ જવાબ આપ્યો કે, હા હુઝૂર ! એવું જ થયું હતું. પણ હે અમીરુલ મુ'મિનીન ! આ બનાવને મારા તથા મારી માતા સિવાય ત્રીજુ કોઈ જાણતુ ન હતું.

હઝરત અલી كرم الله وجهه الكريم એ ફર્માવ્યું કે જયારે સવાર થઈ તો ફલાણો કબીલો તે છોકરાને ઉઠાવીને લઈ ગયો અને તેને ઉછેર્યો ત્યાં સુધી કે તે યુવાન થઈ ગયો અને કૂફા શહેરમાં આવ્યો અને હવે તારી સાથે શાદી કરી લીધી. પછી આપે તે યુવાનને કહ્યું કે તારુ માથુ ખોલ ! તેણે પોતાનું માથુ ખોલ્યું તો ઝખ્મની અસર જોવા મળી. આપે ફર્માવ્યું, આ તારો પુત્ર છે, ખુદા جل جلاله એ તેને હરામ ચીજથી બચાવ્યો. લે ! એને તારી સાથે લઈ જા, તું એની પત્ની નથી પણ માં છે અને આ તારો પતિ નથી પણ પુત્ર છે. *(શવાહિદુન્નબુવ્વત)*

આ પ્રસંગ પરથી સાફ જાહેર છે કે અલ્લાહના મહબૂબ બંદાઓ સામાન્ય માણસો જેવા નથી, બલ્કે એમનામાં એવો કમાલ હોય છે કે તેઓ લોકોની સર્વ હાલતો જાણતા હોય છે. મૌલાના રૂમ رحمة الله عليه ફર્માવે છે, ''અલ્લાહના મહબૂબ તમારી હાલતોની રજે રજથી માહિતગાર હોય છે એટલા માટે કે એમનામાં રબ્બાની રહસ્યો ભરેલાં હોય છે.''

## ફુરાત નદીમાંથી પુર ઉતરી ગયું !

કૂફાવાસીઓએ આપને વિનંતિ કરી, હે અમીરુલ મુ'મિનીન ! ફુરાત નદીમાં પુરના કારણે અમારી ખેતિઓ બર્બાદ થઈ રહી છે, કેટલું સારું થાય કે તમે અલ્લાહ તઆલાથી દુઆ કરો કે નદીનાં પાણી ઉતરી જાય. આપ ઉઠીને મકાનમાં તશરીફ લઈ ગયા. લોકો ઘરના દરવાજા પર આપનો ઈંતેઝાર કરી રહ્યા હતા, એવામાં અચાનક આપ સરકારે અક્દસ صلى الله عليه وسلم નો જબ્બા મુબારક પહેરી, માથે અમામો બાંધી અને અસા મુબારક હાથમાં લઈ બહાર તશરીફ લાવ્યા અને એક ઘોડો મંગાવીને તેના પર સવાર થયા અને ફુરાતની તરફ રવાના થયા. પબ્લિકના તેમજ ખાસ લોકો આપની પાછળ પાછળ ચાલ્યા. જ્યારે આપ ફુરાતના કિનારે પહોંચ્યા તો ઘોડાથી ઉતરીને આપે

બે રકાત નમાઝ પઢી. પછી ઉઠીને અસા મુબારક હાથમાં લીધો અને ફુરાતના પુલ પર આવી ગયા. એ વખતે હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما આપની સાથે હતા. આપે અસા વડે પાણી તરફ ઈશારો કર્યો તો પાણીની સપાટી એક હાથ ઉતરી ગઈ. આપે ફર્માવ્યું, શું આટલું પૂરતું છે ? લોકોએ કહ્યું કે, નહીં ! આપે ફરીથી અસા વડે પાણી તરફ ઈશારો કર્યો તો પાણી એક હાથ ઓર ઉતરી ગયું. આ રીતે જ્યારે ત્રણ ફૂટ પાણીની સપાટી નીચે ઉતરી ગઈ, તો લોકોએ કહ્યું કે, અમીરુલ મુ'મિનીન ! બસ, આટલુ પૂરતુ છે. *(શવાહિદુન્નબુવ્વત)*

સાચુ ફર્માવ્યું મૌલાના રૂમ સાહબે કે, ''ખુદા તઆલાની યાદ જો તમારા જાનની સાથી બની જાય તો બંને જહાન તમારા તાબે થઈ જાય.''

## પાદરીનો ઈસ્લામ સ્વીકાર

જ્યારે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم જંગે સિફફીનમાં મશ્ગૂલ હતા એવામાં આપના સાથીઓને પાણીની સખત જરૂરત પડી. લોકોએ ખૂબ જ દોડધૂપ કરી પણ પાણી ન મળી શક્યું. આપે ફર્માવ્યું, ઔર આગળ ચાલો ! થોડેક દૂર ગયા તો એક દેવળ (ચર્ચ) જોવા મળ્યું. આપે તે દેવળના રહેવાવાળાને પાણી વિશે પૂછયું તો તેણે કહ્યું કે અહીંથી છ માઈલના અંતરે પાણી છે. આપના સાથીઓએ કહ્યું કે, હે અમીરુલ મુ'મિનીન ! તમો અમને ઈજાઝત આપો કે કદાચ અમે અમારી શક્તિ ખત્મ થતાં પહેલાં પાણી સુધી પહોંચી જઈએ. આપે કહ્યું કે એની જરૂરત નથી ! પછી પોતાની સવારીને પશ્ચિમ તરફ વાળી અને એક તરફ ઈશારો કરતાં ફર્માવ્યું, અહીંથી જમીન ખોદો ! હજી થોડીક જ જમીન ખોદવામાં આવી હતી એવામાં નીચે એક મોટો પથ્થર દેખાયો જેને હટાવવાના માટે કોઈ હથિયાર પણ કામ ન આવી શક્યું. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ કહ્યું કે આ પથ્થર પાણી ઉપર આવેલો છે કોઈ પણ રીતે તેને હટાવો. આપના સાથીઓએ ખૂબ જ કોશિશ કરી પણ તેને તેના સ્થાનેથી હલાવી ન શક્યા. હવે શેરે ખુદાએ પોતાની બાંયો ચઢાવીને આંગળીઓ તે પથ્થરની નીચે રાખીને જોર લગાડયું તો પથ્થર હટી ગયો અને તેની નીચે અતિશય ઠંડુ, મીઠુ, સાફ પાણી જાહેર થયું જે એટલુ સરસ હતું કે આખી સફરમાં તેમણે એવું પાણી પીધુ ન હતું. સૌએ ધરાઈને પાણી પીધું અને જેટલું ઈચ્છયું ભરી લીધું પછી આપે તે પથ્થર ખસેડીને તે ઝરણા પર મૂકી દીધો અને ફર્માવ્યું, એના પર માટી નાખી દો. પાદરીએ આ જોયું તો આપની નજીક ઉભા રહીને ખૂબ જ અદબભેર પૂછયું કે, શું તમે પયગંબર છો ? ફર્માવ્યું, નહીં ! શું તમે મુકર્રબ ફરિશ્તા છો ? ફર્માવ્યું, નહીં ! પછી પૂછયું કે, તો પછી તમે કોણ છો ? ફર્માવ્યું કે હું સૈયદેના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો જમાઈ તથા ખલીફા છું. પાદરીએ કહ્યું કે, હાથ લાંબો કરો જેથી હું આપના હાથ પર ઈસ્લામ સ્વીકાર કરું. આપે હાથ લંબાવ્યો તો પાદરી કલ્માએ શહાદત પઢી લીધો અને મુસલમાન થઈ ગયો.

આપે પાદરીને પૂછયું કે શું કારણ છે કે તમે વરસોથી ઈસાઈ ધર્મ પર કાયમ હતા અને આજે તમે ઈસ્લામ સ્વીકારી લીધો ! તેણે કહ્યું કે, હુઝૂર ! આ દેવળ એના જ હાથ પર ફતહ થવાનું હતું જે પથ્થરની ચટ્ટાનને હટાવીને પાણીના ઝરણાને કાઢે. અને અમારી કિતાબોમાં લખેલું છે કે આ ચટ્ટાનને હટાવનાર ક્યાં તો પયગંબર હશે અથવા તો પયગંબરનો જમાઈ. જ્યારે મેં જાયું કે આપે આ પથ્થરને હટાવી દીધો તો મારી મુરાદ પૂરી થઈ ગઈ અને મને જે ચીજનો ઈંતેઝાર હતો તે મળી ગઈ. જ્યારે પાદરી થકી આપે આ વાત સાંભળી તો એટલું રડયા કે આપની દાઢીના વાળ તર થઈ ગયા. પછી ફર્માવ્યું, સર્વ તારીફ અલ્લાહના માટે છે કે હું એના ત્યાં ભૂલાયો નથી બલ્કે મારો ઝિક્ર તેની કિતાબોમાં મૌજૂદ છે. *(શવાહિદુન્નબુવ્વત)*

અલ્લાહ તઆલાના મહબૂબ બંદાઓને ખબર હોય છે કે જમીનમાં ક્યાં કઈ ચીજ છે. અને હકીકતમાં આ જ ઈલ્મે ગયબ છે જે સરકારે અકદસ صلی اللہ علیہ وسلم ના સદકા વ તુફૈલમાં તેમને મયસ્સર થાય છે.

# ઈમામ હુસૈનથી મહોબ્બત શા માટે ? અને મહોબ્બતનો તકાઝો શું ?!

રજૂ. મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી દયાદરવી

**પ્યારા ઈસ્લામી ભાઈઓ !** સૈયદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની વિલાદત ૫ શાબાન સન હિજરી ૪ માં મદીના શરીફમાં થઈ. સરકારે અક્દસ ﷺએ આપના કાનમાં અઝાન આપી મોઢામાં લુઆબે દહન (થૂંક મુબારક) આપ્યું અને આપના માટે દુઆ ફર્માવી. પછી સાતમા દિવસે આપનું નામ હુસૈન રાખ્યું અને અક઼ીક઼ો કર્યો. હઝરત ઈમામ હુસૈનની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ અને લક઼બ 'સિબ્તે રસૂલ' અને 'રૈહાનતુર્રસૂલ' છે. હદીષ શરીફમાં છે; રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું કે હઝરત હારૂન علیہ السلامએ પોતાના છોકરાઓનું નામ 'શબ્બરો શબ્બીર' રાખ્યું અને મેં મારા દીકરાઓનું નામ તેમના નામ પર 'હસન' અને 'હુસૈન' રાખ્યું. *(સવાઈક઼ે મુહર્રિક઼ા, પેજ–૧૧૮)*

એટલા માટે 'હસ્નૈન કરીમૈન'ને 'શબ્બરો શબ્બીર'ના નામથી પણ યાદ કરવામાં આવે છે, સૂર્યાની ભાષામાં 'શબ્બરો શબ્બીર' અને અરબી ભાષામાં 'હસન' અને 'હુસૈન' બંનેવનો મતલબ એક છે. અને હદીષમાં છે કે હસન અને હુસૈન જન્નતી નામોમાંથી બે નામ છે, અરબના જાહેલિયતના જમાનામાં આ બે નામ ન હતાં. *(સવાઈકે મુહર્રિકા, પેજ–૧૧૮)*

ઈબ્નુલ એઅ્રાબી હઝરત મુફઝ્ઝલથી રિવાયત કરે છે કે, અલ્લાહ તઆલાએ આ બે નામ છુપાવી રાખ્યાં ત્યાં સુધી કે નબીએ કરીમ ﷺએ પોતાના નવાસાઓનાં નામ હસન અને હુસૈન રાખ્યાં. *(અશરફુલ મોઅબ્બદ, પેજ–૭૦)*

હઝરત ઉમ્મે ફઝલ બિન્તે હારિષ رضی اللہ عنہا એટલે હુઝૂર ﷺનાં કાકી અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہના એહલિયા મોહતરમા એક દિવસ હુઝૂરની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આજે મેં એક એવું સ્વપ્ન જોયું છે કે જેનાથી હું ડરી ગઈ છું ! હુઝૂરે ફર્માવ્યું, તમે શું જોયું છે ? તેમણે અર્ઝ કરી, તે ઘણુ સખ્ત છે જેથી તેને બયાન કરવાની હું હિમ્મત નથી ધરાવતી. હુઝૂરે ફર્માવ્યું, બયાન કરો ! તો તેમણે અર્ઝ કરી, મેં જોયું કે હુઝૂરના જિસ્મ મુબારકનો એક ટુકડો કાપીને મારી ગોદમાં રાખવામાં આવ્યો. ઈર્શાદ ફર્માવ્યો, તમારો ખ્વાબ ઘણો સારો છે, ઈન્શાઅલ્લાહ ! હઝરત ફાતિમા ઝહ્રાને ત્યાં છોકરો પૈદા થશે અને તે તમારી ગોદમાં આપવામાં આવશે, અને એવું જ થયું. હઝરત ઈમામે હુસૈન પૈદા થયા અને હઝરત ઉમ્મુલ ફઝ્લની ગોદમાં આપવામાં આવ્યા. *(મિશ્કાત, પેજ–૫૭૨)*

## હુઝૂર ﷺની હુસૈનથી મહોબ્બતનો આલમ !

તિર્મિઝી શરીફની હદીષ છે, હઝરત યઅલા બિન મુર્રા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **"હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું."** એટલે હુસૈનને હુઝૂરથી અને હુઝૂરને હુસૈનથી ઘણો કુર્બ છે. જાણે બંનેવ એક છે ! તો હુસૈનનું ઝિક્ર હુઝૂરનું ઝિક્ર છે, હુસૈનથી દોસ્તી હુઝૂરથી દોસ્તી છે, હુસૈનથી દુશ્મની હુઝૂરથી દુશ્મની છે, અને હુસૈનથી લડાઈ કરવી હુઝૂરથી લડાઈ કરવી છે. (અલ્લાહની પનાહ !)

અને સરકાર ﷺ ઈર્શાદ ફર્માવે છે; "જેણે હુસૈનથી મહોબ્બત કરી તેણે અલ્લાહથી મહોબ્બત કરી." *(મિશ્કાત, પેજ–૫૭૧)*

એટલા માટે કે ઈમામ હઝરત હુસૈન

رضی اللہ عنہથી મહોબ્બત કરવી હુઝૂર ﷺથી મહોબ્બત કરવી છે. અને હુઝૂર ﷺથી મહોબ્બત કરવી અલ્લાહ તઆલાથી મહોબ્બત કરવી છે. *(મિર્કાત શરહે મિશ્કાત, પેજ–૬૦૫, ભાગ–૫)*

અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **"જેને પસંદ હોય કે કોઈ જન્નતી જવાનોના સરદારને જુએ, તો તે હુસૈન બિન અલીને જુએ."** *(નૂરુલ અબ્સાર, પેજ–૧૧૪)*

અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે, હુઝૂર ﷺ મસ્જિદમાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, નાનો છોકરો ક્યાં છે ? હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ દોડતા આવ્યા અને હુઝૂર ﷺની ગોદમાં બેસી ગયા અને પોતાની આંગળીઓ દાઢી મુબારકમાં દાખલ કરી દીધી. હુઝૂરે તેમનું મોઢુ ખોલી બોસો લીધો. પછી ફર્માવ્યું, **હે અલ્લાહ ! હું એનાથી મહોબ્બત કરું છું, તું પણ એનાથી મહોબ્બત કર ! અને એનાથી પણ મહોબ્બત ફર્માવ જે એનાથી મહોબ્બત કરે.** *(નૂરુલ અબ્સાર, પેજ–૧૧૪)*

માલૂમ થયું કે હુઝૂર ﷺએ દુનિયાવાળાઓથી નથી ચાહ્યું કે તે હઝરત ઈમામ હુસૈનથી મહોબ્બત કરે, બલ્કે ખુદાએ તઆલાથી પણ અર્ઝ કરી કે તું પણ તેમનાથી મહોબ્બત ફર્માવ, બલ્કે એ પણ અર્ઝ કરી કે હુસૈનથી મહોબ્બત કરનારથી પણ મહોબ્બત ફર્માવ !

અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલે અકરમ ﷺને જોયા કે આપ હઝરત ઈમામે હુસૈનના થૂંક મુબારકને એવી રીતે ચૂસે છે જેવી રીતે આદમી ખજૂર ચૂંસે છે. *(નૂરુલ અબ્સાર, પેજ–૧૧૪)*

અને રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ કા'બા શરીફના સાયામાં બેઠા હતા. તેમણે હઝરત ઈમામે હુસૈનને તશરીફ લાવતા જોયા ત્યારે ફર્માવ્યું, **"આજે આ આસ્માનવાળાઓના નજીક બધા જમીનવાળાઓથી વધારે મહબૂબ છે."** *(અશરફુલ મોઅબ્બદ, પેજ–૬૫)*

હઝરત ઈમામ હુસૈને પગપાળા ચાલીને ૨૫ હજ્જ કર્યા. આપ ઘણી ફઝીલતના માલિક હતા અને વધારે પ્રમાણમાં નમાઝ, રોઝા, હજ્જ, સદકા અને બીજાં નેક કામો અદા ફર્માવતા હતા. *(બરકાતે આલે રસૂલ, પેજ–૧૪૫)*

હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ લખે છે કે, એક દિવસ સૈયદે આલમ ﷺ હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہને પોતાની જમણી બાજુ અને પોતાના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہને ડાબી બાજુ બેસાડીને બેઠા હતા એવામાં હઝરત જિબ્રઈલ علیہ السلام હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અલ્લાહ તઆલા આ બંનેવને તમારી પાસે એક સાથે ન રહેવા દેશે, તેમનામાંથી એકને પાછા બોલાવી લેશે, તે બંનેવમાંથી આપ જેને ચાહો પસંદ ફર્માવી લો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "અગર હુસૈન ચાલ્યા જાય તો તેમની જુદાઈમાં ફાતિમા અને અલીને તકલીફ થશે અને મને પણ દુ:ખ થશે, અને જો ઈબ્રાહીમ વફાત પામશે તો વધારે ગમ મને જ થશે, એટલા માટે મને પોતાનો ગમ પસંદ છે. આ વાક્યાના ત્રણ દિવસ પછી હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ વફાત પામી ગયા. ત્યાર પછી જ્યારે પણ હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ હુઝૂર ﷺની ખિદમતમાં આવતા તો હુઝૂર મર્હબા ફર્માવતા, પછી તેમની પેશાની પર બોસો આપતા અને લોકોને સંબોધીને ફર્માવતા, મેં હુસૈન પર પોતાના છોકરા ઈબ્રાહીમને કુર્બાન કરી દીધા છે. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૦૫)*

હવે એ રિવાયતો જોઈએ જે બંનેવ સાહબઝાદાઓના ફઝાઈલમાં છે :–

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો,

**"હસન અને હુસૈન જન્નતી જવાનોના સરદાર છે."** *(મિશ્કાત, પેજ–૫૭૦)*

અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, **"હસન અને હુસૈન દુનિયાના મારાં બે ફૂલો છે."** *(મિશ્કાત, પેજ–૫૭૦)*

અને હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہ ફર્માવે છે કે એક રાતે હું કોઈ જરૂરતથી સરકારે કાએનાત ﷺની ખિદમતમાં હાજર થયો. આપ બહાર તશરીફ લાવ્યા તો આપે કોઈ વસ્તુને ઉઠાવી રાખી હતી જેને હુ ન જાણી શક્યો. જ્યારે હું મારી જરૂરતથી ફારિગ થયો તો મેં પૂછયું કે, હુઝૂર ! આ શું ઉઠાવી રાખ્યું છે ? આપે ચાદર મુબારક હટાવી તો મેં જોયું કે આપના બંનેવ પાસાંઓમાં હઝરત હસન અને હઝરત હુસૈન છે. આપે ફર્માવ્યું, આ બંનેવ મારા છોકરા અને નવાસા છે. અને પછી ફર્માવ્યું, **હે અલ્લાહ ! હું આ બંનેવને મહબૂબ રાખું છું, તું પણ મહબૂબ રાખ અને જે તેમનાથી મહોબ્બત કરે છે તેમને પણ મહબૂબ રાખ.** *(મિશ્કાત, પેજ–૫૭૦)*

અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺ એ હાલતમાં બહાર તશરીફ લાવ્યા કે આપ એક ખભા પર હઝરત હસનને અને બીજા ખભા પર હઝરત હુસૈનને ઉઠાવેલા હતા ત્યાં સુધી કે અમારા નજીક તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, **જેણે આ બંનેવથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી અને જેણેએ બંનેવથી દુશ્મની કરી તેણે મારાથી દુશ્મની કરી.** *(અશરફુલ મોઅબ્બદ, પેજ–૭૧)*

## ઈમામ હુસૈનથી મહોબ્બત શા માટે ?

પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! આપે જોઈ લીધું સરકારે દો આલમ ﷺ હઝરાત હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما થી કેટલા પ્રમાણમાં મહોબ્બત કરતા હતા. અને આપણા ઈમાનનો તકાઝો એ છે કે નબી કરીમ ﷺ માટે આપણી જાનો કુર્બાન છે ! તો જેમના માટે આપણી જાનો હાજર છે તે જ આપણી ચહીતી હસ્તી જેને આટલી હદે ચાહે તે અહલે બયતે કિરામ તથા આપના નવાસાઓ માટે પણ આપણી જાનો હાજર છે ! ઈમામે હુસૈન رضی اللہ عنہથી મહોબ્બત એ આપણા ઈમાનનો તકાઝો બને છે, જે હુસૈન رضی اللہ عنہનો નથી તે આપણો નથી !

પણ....**એક મિનિટ થોભી જાવ !** અને ઠંડા દિલે વિચારો કે ક્યાંક આપણો ઈમામે હુસૈનથી મહોબ્બતનો દાવો કેવળ જોશ, જઝબાત અને નારાબાઝી પૂરતો તો નથી ! ક્યાંક **આપણો આ દાવો ખોખલો તો નથી ?!** કારણ કે કોઈ પણ દાવાને પુરવાર થવા માટે દલીલ પણ અવશ્ય હોવી અનિવાર્ય છે. મહોબ્બતનો દાવો સત્ય પુરવાર ત્યારે જ થશે જ્યારે કે દાવેદારમાં તેના સંબંધે દલીલો જોવા મળે. પણ એ દલીલો શું છે ? આવો ! આપણે તેનો અભ્યાસ કરી લઈએ :–

## ઈમામ હુસૈનથી મહબ્બતનો તકાઝો શું છે ?

સૌ પ્રથમ તો અક઼ીદાની દુનિયામાં તમે તમારી જાતની ચકાસણી કરી લો ! સૌને ખબર છે કે ઈમામે હુસૈન رضی اللہ عنہને સત્તાની લાલચમાં યઝીદીઓએ દુશ્મન જાણ્યા અને શહીદ કર્યા. તો **યઝીદ પલીદને હક઼ પર કહેનારા અને ઈમામ હુસૈન رضی اللہ عنہને બાગી કહેનારા વહાબી દેવબંદીઓ સાથે તમારો શો વર્તાવ છે ?!** શું તેમની સાથે મિત્રતા, ઉઠક બેઠક તથા સગાઈ સંબંધો તમે ચાલુ રાખ્યા છે કે કટ કર્યા છે ?! **જો તમે સગાઈ સંબંધ, મિત્રતા, ઉઠક બેઠક તેમનાથી ચાલુ રાખી છે તો સમજી લો કે તમારો ઈમામે હુસૈનથી મહોબ્બતનો દાવો પોકળ છે !** કારણ કે મહોબ્બતનો તકાઝો તો છે કે આપણા ચહીતાના દોસ્તોની દોસ્તી, દુશ્મનોથી દુશ્મની હોય. જેમ કે તમારા પુત્ર, પુત્રી, ભાઈ, માં બાપ વગેરેને ગાળો ભાંડનાર સાથે તમે

ઝઘડી પડો છો અને સંબંધો કટ કરી લો છો ! તે જ રીતે આ લોકોએ ઈમામે હુસૈનના નાનાજાન હુઝૂર ﷺને પણ અને ઈમામ હુસૈનને પણ ગાળો જ ભાંડી છે ! એના માટે તેમની જ કિતાબો સાક્ષી છે.

બીજું અગર ખરેખર તમે ઈમામે હુસૈન رضی اللہ عنہથી મહોબ્બત કરો છો તો વિચારો કે ઈમામે હુસૈન رضی اللہ عنہએ કયા કારણે પોતાની જ જાન નહીં, પોતાના ખાનદાનના નવયુવાન, કમસીન યુવાનો હઝરત અલી અકબર, હઝરત અલી અસગર.... વગેરેની જાનો ત્રણ દિવસનાં ભૂખા તરસ્યા પૂરા ખાનદાનની પાકબીવીઓને નિરાધાર છોડીને ખુદાની રાહમાં લૂંટાવી દીધી ?! એવું કયું કારણ હતું કે આટલી મહાન કુર્બાની આપે પેશ કરી ?! શું સત્તાની લાલચ હતી ? શું દુનિયાની દૌલતની લાલચ હતી ? હરગિઝ નહીં ! તો શું હતું ?! તો સાંભળો !

ઈમામે હુસૈન رضی اللہ عنہએ યઝીદની બયઅતથી એટલા માટે ઈન્કાર કર્યો હતો કે યઝીદ એ નબી કરીમ ﷺની શરીઅતનો બાગી હતો. શરીઅતનો પાબંદ ન હતો, **તે બેનમાઝી, શરાબી, ઝિનાખોર, ફાસિક ફાજિર, સખત બદ્કાર હતો.** જેથી શરીઅતની રક્ષા તથા મહત્વની હિફાઝતના ખાતર જ આપે કરબલાની તપતી રેતી પર ભૂખ્યા તરસ્યા એહલે બયતના ફૂલ જેવા યુવાનોને શહીદ થવાનું માન્ય રાખ્યું, પોતાના જિગરના ટુકડાઓના ટુકડા થવાનું જોઈ શક્યા, અંતે પોતે પણ શહીદ થઈ ગયા પણ શરીઅતની વિરુધ્ધ વર્તનારની શરીઅતનું મહત્વ સાચવવા ખાતર બયઅત ન જ સ્વીકારી. ત્યારે જ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ પોકારી ઉઠયા :–

*સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ*
*હક્કા કે બિનાએ લાઈલાહ હસ્ત હુસૈન*

**આ ગંભીર ઘટના પોકારી પોકારીને કહી રહી છે કે, હે અહલે બયતની મહોબ્બતના દાવેદારો ! હે પોતાને ઈમામે હુસૈનના શયદાઈ અને હુસૈની કહેનારાઓ ! તમારા દાવાને ચકાસી લો કે તે કેટલો સાચો છે ?!** જો તમે સાચે જ ઈમામે હુસૈનના ચાહક છો, તેમના શયદાઈ છો તો શરીઅતની હદોને તોડનાર યઝીદની જેમ તમે ''યઝીદી કિરદાર'' નહીં જ અપનાવો! **તમારો ચહેરો યઝીદની જેમ દાઢી મૂંડો નહીં હોય ! તમે બેનમાઝી, ઝિનાખોર કે શરાબી નહીં જ હોઉ !** બલ્કે તમે બાશરઅ હશો, સુન્નતે રસૂલ અપનાવનાર હશો, નમાઝોના પાબંદ હશો, **નાચગાનના શોખિન, બેન્ડ બાજા તથા ડાન્સ પાર્ટીઓના પ્રોગ્રામો કરાવનાર તથા તેમાં હાજર થનાર નહીં જ હોઉ !** બલ્કે અલ્લાહ વ રસૂલના ઝિક્રની, ઔલિયાના ઝિક્રની મેહફિલોથી તમને લગાવ હશે, નઅતે પાકની મેહફિલોમાં તમને ખુશી ઉપજશે. શરીઅતે હરામ કરેલ દરેક ચીજોથી તમે દૂર ભાગશો. જો આ પ્રમાણે છે તો તમે સાચા હુસૈની તથા સાચા અહલે બયતના ચાહક છો, અગર એનાથી ઉલ્ટુ તમારું જીવન ગુજરે છે તો ગંભીર બની જાવ ! અને તૌબા કરી તમારી પોતાની સુધારણા માટે આજથી જ તૈયાર થઈ જાવ.

## આ ઈમામ હુસૈનની મહોબ્બત હરગિઝ નથી !

આજકાલ શીઆઓની દેખાદેખી સુન્નીઓમાં ''તાઝીયાદારી''ની રસમ ધામધૂમથી ઉજવાઈ રહી છે, જેમાં અસંખ્ય શરીઅત વિરુધ્ધનાં કામો થાય છે. ઈસ્લામમાં હરામ એવી ગીત સંગીત વગાડતી ટોળીઓ બેન્ડબાજા સાથે ધમાલ મચાવે છે, યુવાન યુવાન સ્ત્રી પુરૂષો બની ઠનીને જાણે આનંદ મેળો માણવા નીકળ્યાં હોય તેમ છૂટથી બેપર્દા ભીડભાડમાં ભેળસેળ થયેલ હોય છે, નમાઝો પર નમાઝો સામુહિક રીતે કહેવાતા હુસૈનીઓની ભીડ ત્યજી રહી છે...., કેટલાક શરાબ પીને પણ આવે છે અને નાચી રહ્યા છે. જે શરીઅતની રક્ષા ખાતર

ઈમામે હુસૈન رضی اللہ عنہએ શહાદત વહોરી તે જ શરીઅતનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે ! અને શૈતાની ફરેબ તો જુઓ કે આ બધું ઈમામે હુસૈનની મહોબ્બતના પ્રદર્શન માટે થઈ રહ્યું છે !

મેં એક ઠેકાણે નજરે જોયું કે જેવી રીતે હિંદુઓમાં ગરબા રમાઈ છે તેમ કહેવાતા આશિકે હુસૈન યુવાન યુવાન છોકરા તથા છોકરીઓ વૃંદ બનાવી ગરબા જેમ તાળીઓ પાડી ઝુમતાં હતાં અને વચ્ચે એક જણ ઢોલ વગાડતો હતો, અલ્લાહની પનાહ ! આ શું તમાશો છે ?! શું ઈમામ હુસૈનની રૂહ આ જોઈ રાજી થતી હશે કે નારાજ ?!

હે લોકો ! તમારા દિલમાં જરાય શરમ બચી હોય તો આવાં ધટીંગો કરવાથી રોકાઈ જાવ અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ તેમજ શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગોએ એના સંબંધે આપણને હુસૈનીઓને કેટલી સખ્તીથી રોકયા છે તેનો અભ્યાસ કરો અને ગૈર શરઈ કામોથી રોકાઈ જાવ.

## ફતવા વિભાગ | કાર્યાલય | શું શહીદો તથા પીરો કોઈની પાસે આવે?

**સવાલ** : ઝૈદ કહે છે કે મારા ઉપર શહીદો તથા જિન્નતોની સવારી સાથે છે. અને તેના મિત્રોના કહેવા પ્રમાણે જ્યારે ઝૈદને જિન્નતોની સવારી આવે છે તો તે કહે છે કે ફલાણી જગ્યાએ મઝાર બનાવો ત્યાં શહીદ બાબા રહે છે. અને જો મઝાર નહીં બનાવો તો આપણને બધાને બર્બાદ કરી નાખશે. તો પૂછવાની વાત એ છે કે શહીદો તથા પીરો કોઈના પાસે આવે છે ? અથવા ઝૈદના કહેવા પ્રમાણે ત્યાં મઝાર બનાવી દેવામાં આવે ?

**જવાબ** : ઝૈદનું એવું કહેવું કે તેના ઉપર **શહીદો તથા જિન્નતોની સવારી આવે** છે, તે **સદંતર જૂઠ** છે. એવું કદી પણ શક્ય નથી બલ્કે શૈતાન અને તેના ચેલાઓની સવારી જરૂર છે, નહીં તો આવો બકવાસ ન કરતો. શહીદો તથા અવલિયા અલ્લાહ તો ખુદાએ તઆલાના પ્યારા બંદાઓ છે. **તેમનું આ કામ હરગિઝ નથી કે તે કોઈના ઉપર સવાર થઈને તેને બેઅક઼લ કરી દે** તથા તેની જુબાનથી શરીઅતની વિરુધ્ધ એ કામ બતાવે અને તેના વિરુધ્ધ કરવાથી તબાહી મચાવે. ઝૈદનું કહેવું જૂઠુ છે કે ફલાણી જગ્યાએ શહીદ બાબા રહે છે તે જગ્યાએ તેમનો મઝાર બનાવો નહીંતર તે (શહીદબાવા) બરબાદ કરી દેશે. તે કશું પણ કરી નહીં શકે. કરવાવાળો તો હક઼ીક઼તમાં અલ્લાહ તઆલા છે. માનવીએ તેની ઉપર ભરોસો રાખવો જોઈએ. જેથી મુસલમાનો પર જરૂરી છે કે તે ફરેબી (ધોકાબાઝ)થી દૂર રહે તેના કહેવા પ્રમાણે હરગિઝ નકલી મઝાર ન બનાવે, નહીંતર લોકો તેને અસલી મઝાર સમજીને તેની ઝિયારત કરશે અને લા'નતના હક્ક઼દાર થશે. અને બધા લોકોનો ગુનો નકલી મઝાર બનાવવવાળા પર થશે. હદીષ શરીફમાં છે કે, (અર્થાત) : "વગર ક઼બ્રના મઝારની ઝિયારત કરવાવાળા ઉપર અલ્લાહની લા'નત છે !"

*(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૨, પેજ–૫૪૩, ફતાવાએ અઝીઝિયાના હવાલાથી, ભાગ–૨, પેજ–૧૪૪)*

અને આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત رحمۃ اللہ علیہ લખે છે કે વગર ક઼બ્રના મઝારની ઝિયારત માટે બોલાવવા અને તેના માટે તે કામો કરાવવાં ગુનો છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૪, પેજ–૧૧૫)*

જેથી ઝૈદ પર જરૂરી છે કે તે આ પ્રકારનો બકવાસ બંધ કરે અને જો એવું ન કરે તો તમામ મુસલમાન તેનો સામાજિક બહિષ્કાર કરે. **લખનાર** : મુફ્તી મુહમ્મદ હબીબુલ્લાહ મિસ્બાહી, **અનુવાદક** : સૈયદ ઈમરાન કરેવાડાવાળા *(મુઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર) (કન્ઝુલ ઈમાન, ફેબ્રુઆરી–૨૦૦૩)*

## યૌમે આશૂરાની ઈબાદતો

કાર્યાલય

જે કોઈ મોહર્રમના પ્રથમ જુમ્આનો રોઝો રાખે તો તેના પાછલા ગુનાહો માફ થઈ જાય છે. *(રાવી : હઝરત અનસ رضی اللہ عنہ )* જે કોઈ મોહર્રમના ત્રણ રોઝા રાખે તો તેના માટે ૯૦૦ વરસની ઈબાદતનો સવાબ લખવામાં આવે છે.

### ★ આશૂરાની રાતના નવાફિલ ★

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** પચાસ વખત પઢે. **ફઝીલત :** પઢનારાના પચાસ વર્ષ આગળના અને પચાસ વર્ષ પાછળના ગુનાહ (સગીરા) બખ્શી દેવામાં આવે છે.

**ચાર રકાત નફલ નમાઝ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી **"આયતુલ કુર્સી"** એક વખત અને **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે. નમાઝ પઢી લીધા બાદ ૧૦૦ વખત "કુલ્હુવલ્લાહ શરીફ" પઢે પછી દુઆ માંગે.

**ફઝીલત :** આ પઢનાર ગુનાહોથી પાક થઈ જશે અને તેને જન્નતમાં અગણિત નેઅમતો પ્રાપ્ત થશે.

**બે રકાત નફલ નમાઝ : "અલ્હમ્દુ શરીફ"** પછી **"કુલ્હુવલ્લાહ શરીફ"** ત્રણ વખત પઢે.

**ફઝીલત :** હક્ક તઆલા તેની મહેરબાનીથી કયામત સુધી આ પઢનારની કબ્રને રોશન અને મુનવ્વર રાખશે.

હદીષે પાકમાં આશૂરાના રોઝાથી ઘણી ફઝીલત આવી છે. રમઝાન શરીફ પછી બેહતર રોઝા મુર્હરમના આશૂરાના રોઝા છે. ૯, ૧૦, અથવા ૧૦, ૧૧ એમ બે દિવસે રોઝા રાખી યહૂદીઓની મુખાલેફત કરો.

### ★ આશૂરાના દિવસના નવાફિલ ★

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ફાતિમાતુઝ્ઝોહરાની રૂહે મુબારકને પહોંચાડે.

**૪ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી પાંચ પાંચ વખત **"કુલ્હવલ્લાહ શરીફ"** પઢે. અને તેનો સવાબ હઝરત ઈમામ હસન અને ઈમામ હુસૈનની રૂહે મુબારકને પહોંચાડે.

**૬ રકાત નફલ :** દરેક રકાતમાં **"અલ્હમ્દુ શરીફ"** પછી જે સૂરત યાદ હોય તે ક્રમશઃ (તરતીબથી) પઢે અથવા ત્રણ–ત્રણ વખત **"કુલ્હુવલ્લાહ શરીફ"** પઢે. આ છ રકાત પૂરી થાય ત્યારે સજદામાં જઈ સાત વખત **"કુલ યા અય્યુહલ્ કાફેરૂન"**ની સૂરત પઢે અને તેનો સવાબ તમામ શોહદાએ કરબલાની રૂહ મુબારકને પહોંચાડે.

### ★ દુઆએ આશૂરા ★

આશૂરાના દિવસે ફજરની નમાઝ બાદ સૂર્ય ઊંચે ચઢયા બાદ બે રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં **સૂરએ ફાતિહા (અલ્હમ્દુ શરીફ)** પછી કોઈ પણ સૂરત પઢે અને સલામ બાદ એક વાર આ દુઆ પઢો :–

*બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ. યા કાબિલ તૌબતિ આદમ યૌમ આશૂરાઅ, યા ફારિજ કર્બિ ઝીન્નૂનિ યૌમ આશૂરાઅ, યા જામિઅ શમ્લિ યઅ્કૂબ યૌમ આશૂરાઅ, યા સામિઅ દઅ્વતિ મૂસા વ હારૂન યૌમ આશૂરાઅ, યા મુગીષ ઈબ્રાહીમ મિન્નારિ યૌમ આશૂરાઅ, યા રાફિઅ ઈદ્રીસ ઈલસ્સમાઈ યૌમ આશૂરાઅ, યા મુજીબ દઅ્વતિ સાલિહિન્ ફિન્નાકતિ યૌમ આશૂરાઅ. યા નાસિર સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ યૌમ આશૂરાઅ. યા રહ્માન દુન્યા વલ્આખિરતિ વ રહીમહુમા સલ્લલ્લાહુ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ સૈયિદિના મુહમ્મદિંવ્ વ સલ્લિઅલા જમીઈલ્ અંબિયાઈ વલ્મુર્સલીન વક્દિ હાજાતિના ફીદુન્યા વલ્આખિરતિ વ અતિલ્ ઉમ્રના ફી તાઅતિક વ મહબ્બતિક વ રિદ્દાક વ અહ્યિના હયાતન્ તૈયિબતંવ્ વતવફ્ફના અલલ્ ઈમાનિ વલ્ઈસ્લામિ બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. અલ્લાહુમ્મ બિઈઝ્ઝિલ્ હસનિ વઅખીહિ વઉમ્મિહી વ અબીહિ વજદ્દિહી વ બનીહિ ફર્રિજ અન્ના મા નહ્નુ ફીહિ.*

પછી સાત વાર પઢે :–

*સુબ્હાનલ્લાહિ મિલ્અલ્મીઝાનિ વ મુન્તહલ્ઈલ્મિ*

*વલ્મબ્લગર્રિદ્દા વઝિનતલ્ અર્શિ લામલ્જાઅ વલા મન્જાઅ મિનલ્લાહિ ઈલ્લા ઈલૈહ. સુબ્હાનલ્લાહિ અદદ શ્શફઈ વલ્વત્રિ વ અદદ કલિમા તિલ્લાહિત્તામ્માતિ કુલ્લિહા નસ્અલુકસ્સલામત બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન. વહુવ હસ્બુના વ નિઅ્મલ્ વકીલ. નિઅ્મલ્ મૌલા વ નિઅ્મન્નસીર. વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ્ અઝીમ. વ સલ્લલ્લાહુ તઆલા અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિહી વ સહ્બિહી વ અલલ્ મુઅ્મિનીન વલ્મુઅ્મિનાતિ વલ્મુસ્લિમીન વલ્મુસ્લિમાતિ અદદ ઝર્રાતિલ્વુજૂદિ વ અદદ મઅ્લુમાતિલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્ આલમીન.*

આ અમલ કરનારને અગણિત ઈબાદતનો સવાબ મળશે.

આશૂરાના દિવસે કોઈપણ સમયે બાવુઝૂ થઈને ૭૦ વાર પઢે : **હસ્બિયલ્લાહ વ નિઅ્મલ્વકીલ.** ગુનાહોની માફી માટે આ વઝીફો અફઝલ છે.

**આશૂરાના દિવસના મુસ્તહબ કામો : (૧)** રોઝો રાખવો **(૨)** સદકો કરવો **(૩)** નફલ નમાઝ પઢવી **(૪)** ૧૦૦ વખત કુલ્હુવલ્લાહ શરીફ પઢવું **(૫)** આલિમોની ઝિયારત કરવી **(૬)** યતીમોના માથા ઉપર હાથ ફેરવવો **(૭)** પોતાના બાલ–બચ્ચાંની ખાધા ખોરાકીમાં વધારો કરવો **(૮)** ગુસ્લ કરવું **(૯)** સુરમો લગાડવો **(૧૦)** નખ કાપવા **(૧૧)** બીમારોની ખબર કાઢવી **(૧૨)** દુશ્મનોથી મેળાપ કરવો **(૧૩)** આશૂરાની દુઆ પઢવી.

## શહાદતે હુસૈન رضی اللہ عنہની લાજ રાખશો ?!

કર્બલાના બનાવથી નબીએ અકરમ ﷺ પર જે સખ્ત સદમો પહોંચ્યો અને તેમના નાઝુક દિલને જે દુઃખ પહોંચ્યું તે અંદાઝા તથા ક્યાસથી બહાર છે. હઝરત સલ્મા જેઓ હુઝૂરે અકદસ ﷺના આઝાદ કરેલા ગુલામ હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہનાં પત્ની સાહેબા છે તે વર્ણન કરે છે કે હું ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર થઈ તો જોયું કે આપ રડી રહ્યાં છે. મેં અર્ઝ કરી, આપ શા માટે રડો છો ?! તેમણે ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને ખ્વાબમાં જોયા કે તેમના સર મુબારક તથા દાઢી મુબારક પર ધૂળ છે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપનો આ હાલ શાથી છે ? ફર્માવ્યું, હમણા હુસૈનની શહાદતગાહ પર ગયો હતો. *(મિશ્કાત શરીફ)*

અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે, હું એક દિવસે બપોરના સમયે ખ્વાબમાં હુઝૂર આકાએ દો આલમ ﷺને ખ્વાબમાં જોવાથી શરફયાબ થયો. મેં જોયું કે હુઝૂરના વાળ મુબારક ચહેરા પર વિખરાયેલા ધૂળવાળા છે અને હાથ મુબારકમાં લોહીથી ભરેલી એક બોટલ છે. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી જાન આપના પર ફિદા ! અને મારાં માં બાપ આપના પર કુર્બાન ! આ બોટલ કેવી છે ? અને આટલા પ્રમાણમાં રંજ તથા દુઃખ શા માટે ? ફર્માવ્યું કે, આ બોટલમાં મારા નૂરે નઝર હુસૈન તથા તેમના જાંનિષાર સાથીઓનું લોહી છે જેને હું આજે સવારથી ઉઠાવી રહ્યો છું. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે મેં તે સમય તથા તારીખને યાદ રાખી લીધી. અમુક દિવસો બાદ જ્યારે ખબર આવી તો જાણવા મળ્યું કે હઝરત હુસૈન એ જ સમયે શહીદ કરી દેવામાં આવ્યા હતા. *(નૂરુલ અબ્સાર, રિવાયત કરી બયહકીએ)*

હે હુસૈનીઓ ! હે અહલે બયતના શયદાઈઓ ! વિચારો કે જે શરીઅતની રક્ષા કાજે હુસૈન શહીદ થયા અને જેનાથી રસૂલે પાક ﷺ આટલો સખત રંજ પામ્યા, તે જ શરીઅતની વિરુધ્ધ આપણે વર્તીએ તો આપણા જેવા બેશરમ કોણ હશે ? અને આપણી મહોબ્બતનો દાવો પણ કેટલો ખોખલો જણાશે ?! ઈમામે હુસૈનની શહાદતની લાજ આપણે ત્યારે જ રાખેલી ગણાશે કે જયારે કે તેમના શહાદતના મકસદને લક્ષમાં રાખીને આપણે સંપૂર્ણપણે શરીઅતની પાબંદી કરીએ. લો અધિક વાંચી લો ! :–

### ★ ઈમામનું સર મુબારક અને યઝીદ ★

યઝીદ પલીદ સામે જયારે ઈમામે આલી મકામ رضی اللہ عنہનું સર મુબારક રાખવામાં આવ્યું તો ઈમામ હુસૈન رضی اللہ عنہના હોઠો તથા દાંતોને લાકડી અડાડતાં કહ્યું કે હવે અમારું અને આમનું દષ્ટાંત એવું છે જેમ કે હસીન ઈબ્ને હમામ શાયરે કહ્યું છે કે, ''અમારી કૌમે ઈન્સાફ કરવાથી ઈન્કાર કરી આપ્યો હતો, પરંતુ આ તલ્વારોએ ઈન્સાફ કરી આપ્યો જેમનાથી લોહી ટપકે છે.''

રસૂલે અકરમ ﷺના એક સહાબી હઝરત અબૂ બુરઝહ્ رضی اللہ عنہ ત્યાં મૌજૂદ હતા તેમણે ફર્માવ્યું, હે યઝીદ ! તું તારી લાકડી હુસૈનના દાંતો તથા હોઠો સાથે લગાડી રહ્યો છે જેને રસૂલુલ્લાહ ﷺ ચૂંસ્યા કરતા હતા ! સાંભળી લે ! કિયામતના દિવસે તારો હશ્ર ઈબ્ને ઝિયાદની સાથે થશે અને હુસૈન رضی اللہ عنہ અલ્લાહના રસૂલ ﷺની સાથે હશે. આમ કહીને દરબારથી ઉઠયા અને ચાલી નીકળ્યા. *(તિબરી, પેજ–૨૧૬, ભાગ–૨)*

# કેટલાક જરૂરી મસાઈલ

✱✱ કાર્યાલય ✱✱

મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી** *(સદર મુફ્તી જામિઆ અશ્રફિયહ્–મુબારકપુર, યુ.પી.)*ને તા. ૧૦/૧૧ નવેમ્બર–૨૦૦૭ શનિ–રવિ **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના ભરૂચ ખાતે થયેલ સુન્ની ઈજતેમામાં અવામમાંથી કરવામાં આવેલ પ્રશ્નોના જવાબો જે વિવિધ વિષયે છે તે અતિ જાણકારીપૂર્ણ હોવાથી અત્રે રજૂ કરીએ છીએ.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સ્ત્રીએ વાળ કાપવું કેવું ?

**સવાલ** : પતિને ખુશ કરવા શણગાર માટે સ્ત્રી વાળ કપાવી શકે ?

**જવાબ** : નહીં ! સ્ત્રી માટે સ્ત્રીના વાળ અલ્લાહ તઆલાએ શોભાની ચીજ બનાવી છે અને સ્ત્રીનું પોતાના વાળ કપાવવું એ મુષ્લહ (અલ્લાહની બનાવટમાં બગાડ કરવું) છે એ **હરામ** તથા **ગુનોહ** છે. જેથી પતિની ખુશી માટે હોય કે કોઈને દેખાડવા માટે અથવા કેવળ પોતાની રીતે કપાવે, ગમે તેમ પણ સ્ત્રીએ પોતાના વાળ કપાવવા જાઈઝ નથી, **હરામ** છે **ગુનોહ** છે. એટલા માટે જે સ્ત્રીઓએ એવી ગલતી કદી કરી દીધી હોય તેઓ આ મેહફિલમાં તૌબા કરી લે, પોતાની માં બહેનોને સમજાવે કે પોતાના વાળો પૂરા રાખે. આ વાળ તેના માટે અલ્લાહ તઆલાએ ઝીનત (શોભા)ના માટે બનાવ્યા છે. હદીષે પાકમાં છે : હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે કે ફરિશ્તા જે વઝીફા કરે છે તે વઝીફામાંથી એક વઝીફો એ પણ છે કે, **"અલ્લાહની પાકી જેણે મર્દોને દાઢી વડે શોભા અર્પી અને સ્ત્રીઓને માથાના વાળ વડે શોભા આપી."** તો જે વાળને ઝરીયો બનાવીને અલ્લાહની રહમતના ફરિશ્તા અલ્લાહની તસ્બીહ બયાન કરે છે તે વાળોને કાપી નાખવામાં આવે તો તે વાળો પર રહમત નાઝિલ નહીં થાય, બલ્કે જેહમત તથા આફત આવશે.

## બ્યૂટી પાર્લર ચલાવવું કેવું ?!

**સવાલ** : સ્ત્રીઓ સ્ત્રીઓના વાળો કાપવા "બ્યૂટી પાર્લર" ચલાવે છે તો એમાં જનારી તથા વાળો કાપનારી બંને પર શો હુકમ છે ?

**જવાબ** : બંનેનો હુકમ એક જ છે. "બ્યૂટી પાર્લર"માં ઘણા કામો આજે એવાં થઈ રહ્યાં છે જે હરામ તથા ગુનોહ છે, જેથી **જે વાળ કાપે તે પણ સખત ગુનેહગાર છે અને જે વાળ કપાવે છે તે પણ સખત ગુનેહગાર છે,** એ બંનેવને એ કામ **હરામ** છે તથા **ગુનોહ** છે. જેથી વાળ કાપનાર તથા કપાવનાર બંનેવ સ્ત્રીઓ ગુનેહગાર છે. વળી **એ વાળ કાપવાના જે પૈસા આવે તે આવક (કમાણી) પણ હરામ છે, તે પૈસા તે સ્ત્રી માટે હલાલ નથી,** નાપાક છે. અને જો એ પૈસાથી ખાય છે તે નાપાક ખાય છે, નાપાક રોજી તેણીના પેટમાં જાય છે.

## નાની બાળકીના વાળ વિશે

**સવાલ** : નાની નાની બાળકીઓના વાળ કેટલાક લોકો કપાવે છે તો એના વિશે શો હુકમ છે ?

**જવાબ** : નાની નાની બાળકીઓના વાળ કાપવાનો હુકમ તદન અલગ છે જેથી છ–સાત વરસ સુધી તેમના વાળો કાપી શકાય છે, જેથી સાત વરસથી સાવચેતી રાખવાનું શરૂ કરી દેવું જોઈએ.

**સવાલ** : આવી નાની બાળકીઓના વાળ કાપીને જે કમાઈ કોઈ સ્ત્રી કરે છે તો એ કમાણી વિશે શો હુકમ છે ?

**જવાબ** : હા, એ કમાઈ જાઈઝ છે. જો વાળ કપાવનાર સાત વરસ કે એનાથી ઓછી વયની બાળ કી છે, તો એમાં કોઈ વાંધો નથી.

**સવાલ** : અમુક યુવાન છોકરી પોતાના વાળો વધારવાના હેતુથી લાંબા વાળના નીચલા હિસ્સાને કપાવે છે અને માને છે કે એને કટ કરવાથી વાળ વધશે તો એના વિશે શો હુકમ છે ?

**જવાબ** : એ પણ નાજાઈઝ છે, **હરામ** તથા **ગુનોહ** છે એની પણ ઈજાઝત નથી.

## ઘરોમાં ચિરાગ જલાવવો કેવો ?!

**સવાલ** : અમુક સ્ત્રીઓ પોતાના ઘરોમાં હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના નામથી ચિરાગ સળગાવે છે તો તેના સંબંધે શરઈ કાનૂન શું છે ?

**જવાબ** : હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના નામથી ચિરાગ સળગાવવો, તો એની કોઈ અસ્લ નથી. અસ્લ છે તો એ છે કે હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ તથા અન્ય બુઝુર્ગાને દીન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن ઔલિયા અલ્લાહ છે તેમના ઈસાલે સવાબ માટે ખાવા પકાવીને કે મીઠાઈ પર ઈસાલે સવાબ કરવામાં આવે અથવા પાણી વગેરે અન્ય ચીજો રાખીને ઈસાલે સવાબ કરવામાં આવે, પણ ચિરાગ સળગાવવાથી તેમને કોઈ સવાબ પહોંચશે નહીં. હા ! જો ચિરાગ એવા રસ્તા પર સળગાવે, એવી જગાએ સળગાવવામાં આવે જે જગાએથી લોકો આવજા કરે છે અને અંધારું છે તો એટલા માટે ચિરાગ માર્ગમાં મૂકી આપે કે આવજા કરનારાઓને રોશની મળે અને તેમને રસ્તાની તકલીફ ન રહે. અને એના કારણે જે સવાબ મળશે તે સવાબ ગૌષે પાકને પહોંચે, તો એ જાઈઝ છે. અને ઘરમાં જ્યાં ચોતરફ ઉજાસ જ ઉજાસ છે ત્યાં ચિરાગ સળગાવવાથી કોઈ ફાયદો નથી, ચાહે કોઈના પણ માટે સળ ગાવવામાં આવે પણ **શરીઅતમાં એની કોઈ અસ્લ નથી.** જ્યાં અલ્લાહની મખ્લૂકને ચિરાગ સળગાવવાથી ફાયદો થશે ત્યાં આગળ ઈસાલે સવાબની નિય્યતથી ચિરાગ સળગાવી શકે છે અને જ્યાં ખુદાની મખ્લૂકને ફાયદો નથી થતો ત્યાં એનો કોઈ ફાયદો નથી. *(સુન્ની દા'વતે ઈસ્લામીનો બહેનો માટે સુન્ની ઈજતેમા, સબ જેલ ગ્રાઉન્ડ, ભરૂચ, તા. ૧૦-૧૧-૦૭માં થયેલ પ્રશ્નોતરીમાંથી)*

## ઓટો રીક્ષા વગેરે માટે લોન વિશે

**સવાલ** : ઓટો રીક્ષા વગેરે માટે લોન લેવામાં આવે તો ?

**જવાબ** : ઓટો રીક્ષા તથા રીક્ષા જે કમાવા માટેનાં સાધનો છે. જે ગરીબ હોય અને સાધન ખરીદી ન શકે અને તેને યકીન તથા ખાત્રી હોય કે તે વરસભરમાં ૨૦ હજાર કમાઈ લેશે અને ઈન્ટરેસ્ટના નામ પર પાંચ હજાર આપવા પડશે, પૂરું યકીન હોય તો તેને લોન માટે ઈજાઝત છે કે તે એવું કરી શકે છે. કેમ કે એ જેટલું આપશે તેનાથી કેટલાયે ગણુ કમાઈ લેશે. જે લોકો કેવળ ફેશન માટે પોતાની શાન દેખાડવા વાહનો ખરીદે, તેના થકી ન કમાય છે ન ધંધો કરે છે, એમણે તો મા બાપને બોજ બનવું છે, વ્યાજ આપવું છે અને વ્યાજ આપવાના ગુનાહમાં પડવું છે. તો એમનો હુકમ અલગ છે અને રોજી કમાવા માંગતા ઓટો રીક્ષાવાળા વગેરેનો હુકમ અલગ છે. અને ઓટો રીક્ષાવાળાને પણ ડર હોય કે જેટલું ઈન્ટરેસ્ટના નામ પર આપવું પડશે એટલું કમાઈ શકશે નહીં તો એના માટે પણ નાજાઈઝ થઈ જશે. જેને યકીન તથા ખાત્રી હોય કે ઈન્ટરેસ્ટના નામે જે આપવું પડશે તેનાથી કેટલાયે ગણું કમાઈ લેશે તેના માટે જ જાઈઝ છે.

**સવાલ** : કેટલાક એવા જોબ હોય છે સેલ્સમેન, મેડિકલ રિપ્રેઝન્ટેટિવ વગેરે જેમાં જગા જગા ઘૂમવું પડતુ હોય છે, તેમના માટે મોટર બાઈક

હોવું જરૂરી હોય છે પણ કંપની નથી આપતી, અને આ કામ એમના જોબનો હિસ્સો છે તો આવી સ્થિતિમાં તે લોન પર લઈ શકે છે ?

**જવાબ** : એમાં પણ એ જ છે કે તેને યક઼ીન છે કે એ જેટલું ઈન્ટરેસ્ટના નામ પર આપશે એનાથી કેટલુંય વિશેષ કમાઈ લેશે તો એ લઈ શકે છે. ફેશન ખાતર લેનારાઓને ઈજાઝત નથી.

## એજ્યુકેશન માટે લોન વિશે

**સવાલ** : એજ્યુકેશન માટે લોન લઈ શકે છે ?

**જવાબ** : નહીં ! એજ્યુકેશનમાં તો એ કમાઈને કાંઈ આપી નથી શકતો. બલ્કે અલગથી તેના પર લોન પડશે અને શક્ય છે કે મજબૂર થઈને તે ભાગી જાય અથવા મહેનત મજૂરી કરીને અદા કરે જેથી તા'લીમ છોડવી પડે.

**સવાલ** : કેટલીક સ્થિતિઓ એવી હોય છે કેટલાક લોકો અહીંથી બહાર જાય છે જેમ કે ઈંગ્લેન્ડ જાય છે હોટલ મેનેજમેન્ટ વગેરેના કોર્સ માટે તો ચાર પાંચ લાખનો ખર્ચ થાય છે જેને એજ્યુકેશનલ લોનના નામે અહીં બેંકથી આપે છે. તો માં બાપ તેની જામિનગીરી આપે છે કે છોકરાનાં માં બાપ પોતાની પ્રોપર્ટી દેખાડીને તેની સામે ૪–૫ લાખની લોન લે છે અને ધીરે ધીરે તેઓ તેને અદા કરે છે અને છોકરો ત્યાં જઈને ભણે છે અથવા તે ત્યાં જઈને કાંઈક કમાય પણ છે, ઓફિસિયલ નહીં પણ સાઈડ જોબ કરીને કાંઈક મોકલે પણ છે.

જવાબ : આ મસ્અલો શંકાસ્પદ છે કેમ કે એમાં કાંઈ જ કહી નથી શકાતું કે એ લોકો અદા કરી શકશે કે અધિક નુકસાનમાં પડશે એટલા માટે એની ઈજાઝત આપવામાં નહીં આવે. જ્યાં યક઼ીન તથા સંતોષ છે ત્યાં જ ઈજાઝત આપવામાં આવશે. જ્યાં શંકા હશે ત્યાં નાજાઈઝ થશે.

## મોબાઈલ વિશે માહિતી

**સવાલ** : મોબાઈલનો જમાનો છે. મોબાઈલના કોઈ ફોલ્ડરમાં કુર્આન મજીદ હોય તો એની તા'ઝીમ કરવી કેટલી હદે જરૂરી છે ?

**જવાબ** : મોબાઈલના ફોલ્ડરમાં કુર્આને પાક મેહફૂઝ છે તો એની અદબ એવી જ કરવી જોઈએ જેવી કુર્આન પાકની.

**સવાલ** : તો એ મોબાઈલને વિના વુઝૂએ હાથ ન લગાડી શકાય ?

**જવાબ** : નહીં ! એવું નથી. કેમ કે એ ફોલ્ડરની અંદર મેહફૂઝ છે અને તેના ઉપરથી કવર ચઢાવેલ હોય છે. તો એ જ રીતે કુર્આને પાક જુઝદાનમાં હોય, ગિલાફમાં હોય તો તેને સ્પર્શી શકાય છે, એવી જ રીતે એને પણ અડકી શકાય છે, વાપરી શકાય છે. પણ જેવી રીતે જુઝદાનમાં કુર્આન હોય તેની અદબ જરૂરી છે તેવી જ રીતે એ મોબાઈલ શરીફની અદબ કરવી પણ જરૂરી થઈ જાય છે. હવે તેને ઈસ્તિંજાખાનામાં (જાજરૂમાં) નથી લઈ જઈ શકતા બલ્કે તેની હિફાઝત કરીશું.

## ઈમામ માટે થતા ચંદા વિશે

**સવાલ** : રમઝાનમાં ''ઈમામ તથા મોઅઝ્ઝિન માટે ચંદો'' કરવામાં આવે છે તેમાંથી ફાતેહા માટે ન્યાઝની ચીજો લાવવામાં આવે છે તથા અમુક નિશ્ચિત રકમ ઈમામ તથા મોઅઝ્ઝિનને આપવામાં આવે છે બાકીની રકમ મસ્જિદમાં જમા કરી લેવામાં આવે છે અને એ ક્રમ કેટલાય વરસોથી ચાલે છે. જ્યારે કે મુક્તદીઓ મુતવલ્લીઓથી એ માંગણી કરે છે કે વરસમાં એકવાર ઈમામ તથા મોઅઝ્ઝિનની ખિદમતનો આ મોક઼ો મળે છે જે ઈમામ તથા મોઅઝ્ઝિનનો હક્ક઼ છે, એમાં મસ્જિદનો કોઈ હક્ક઼ નથી જેથી એ સંપૂર્ણપણે એ બંનેવ વચ્ચે વહેંચી આપવા જોઈએ અને એમાં

બંદાઓના હક્કોનો પણ મામલો છે, અમાનતમાં ખયાનતવાળી વાત છે. તો મુતવલ્લીઓનો આ અમલ શરીઅતની રૂએ ક્યાં સુધી સહીહ છે ?

**જવાબ** : મસ્જિદના ટ્રસ્ટીઓ વ્યવસ્થાપકો તથા મુતવલ્લીઓનું આ પ્રમાણે કરવું એ **હરામ** તથા **ગુનોહ** છે. શરીઅતનો મસ્અલો એ છે કે **ચંદો જે કામ માટે કરવામાં આવે એ જ કામમાં તેને વાપરવો વાજિબ** છે. જ્યારે લોકોએ ચંદો ઈમામ તથા મોઅઝ્ઝિન માટે આપ્યો તો એ ચંદાની પૂરી રકમ એ બંનેવને આપી દેવી જોઈએ, ન કે મસ્જિદ પર ખર્ચ કરવામાં આવે ન તો તેનાથી મીઠાઈ ખરીદીને લોકોને ખવડાવવી જોઈએ.

## અન્ય ફિર્કાની છોકરી સાથે નિકાહ વિશે

**સવાલ** : એક નવયુવાને જણાવ્યું કે દાઊદી વહોરા (શીઆ) છોકરી સાથે પ્રેમ લગ્ન કર્યા તે વખતે મારી ઉમર ૧૭ વરસની હતી પણ તેના પિતાને એ લગ્ન મંજૂર ન હોવાથી કેસ કરીને મને જેલમાં મોકલી આપ્યો. પુત્રીને પોતાના કબજામાં લઈ લીધી. મેં સુન્ની અક઼ીદા પ્રમાણે નિકાહ કર્યા છે. મારી પાસે નિકાહનામાની સનદ પણ છે. હવે છોકરી ૧૮ વરસની થઈ ચૂકી છે પણ તેનાં ઘરવાળાં તે મારી પત્નીને મારા હવાલે કરવા નથી ચાહતાં તો એના બારામાં હું શરીઅતની રોશનીમાં એનો ઉકેલ જાણવા ચાહું છું.

**જવાબ** : વહોરા એ રાફઝી, શીઆ હોય છે તો રાફઝી શીઆ હોય કે એ પ્રકારના અન્ય બદ્‌મઝહબ (જેમ કે વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ વગેરે) હોય તેમની છોકરીઓ સાથે નિકાહ ક઼તઅન (તદ્દન) **હરામ** અને **ગુનાહે કબીરા** છે. એટલે કે જો છોકરીનો પણ એ જ અક઼ીદો છે જે વહોરા, રાફઝી, શીઆનો છે, અને સામાન્યતઃ એવું જ હોય છે તો એની સાથે સુન્ની મુસલમાનનો **નિકાહ હલાલ જ નથી,** અને જો નિકાહ કરશે તો નિકાહ થશે જ નહીં. તો જેણે પણ એવું કર્યું અથવા જે લોકોએ એવું કર્યું હોય તેઓ તેહક઼ીક઼ કરી લે કે તે છોકરી અક઼ીદાના લેહાઝથી રાફઝી, શીઆ છે કે નહીં, જો અક઼ીદાના લેહાઝથી એ પણ એ જ છે જેમ કે સામાન્યતઃ એવું જ હોય છે તો નિકાહ થયા જ નથી. હવે જ્યારે નિકાહ થયા જ નથી તો એવી સ્થિતિમાં ન તેણી પત્ની થઈ ન એ તેનો પતિ થયો. તેના માં બાપે તેણીને રોકી લીધી તો સારું કર્યું, ન રોકતે તો ઝિના થાત. એ છોકરો તૌબા કરે અને પોતાના માંબાપની સલાહથી સુન્ની છોકરી સાથે નિકાહ કરે. અને જે યુવાનોએ આ પ્રમાણે કર્યું હોય તેઓ પણ આ મસ્અલા પ્રમાણે અમલ કરે કે એવી છોકરીઓ સાથે જેઓ અકીદાના લેહાઝથી શીઆ હોય, વોહરા હોય, રાફઝી હોય (વહાબી, દેવબંદી વગેરે હોય) તેમની સાથે **નિકાહ હરામ** છે, તેમની સાથે નિકાહ કરવાથી નિકાહ નથી થતા. જોવામાં એક નિકાહ થાય છે પણ હક઼ીક઼તમાં નિકાહનું વજૂદ નથી હોતુ, એક કાલ્પનિક ચીજ હોય છે. એટલા માટે ન તો છોકરો પતિ હોય છે ન તો છોકરી પત્ની હોય છે. જો બંનેવ સાથે રહેશે, સંભોગ કરશે તો એ સંભોગ ઝિના ગણાશે. ઝિનાથી બચવા માટે ફર્ઝ છે કે બંનેવ અલગ અલગ થઈ જાય, છોકરી પોતાને ઘરે અને છોકરો પોતાના ઘરે. છોકરા પર ફર્ઝ છે કે હવે એ છોકરીના ચક્કરમાં ન રહે અને જેલ ગયો તો એણે પોતાના કરતૂતની સજા મેળવી, તેનાથી તૌબા કરે અને ભાવિમાં આવી હરકત ન કરે અને પોતાના મિત્રો સંબંધીઓના મશ્વરાથી સુન્ની છોકરી સાથે નિકાહ કરીને સુન્નત પ્રમાણે જીવન ગુજારે.

**સવાલ** : એમાં સામાન્યતઃ એ કહેવામાં આવે છે કે છોકરો કહે છે અમે તેણીને રાફઝીપણાથી (વહાબિયતથી) તૌબા કરાવી લીધી અને સુન્ની બનાવી લીધી. તો આ પ્રકારની વાતોનો વિશ્વાસ કરવામાં આવશે ?

**જવાબ** : જો વાત એના સ્થાને સાચી છે તો એણે તૌબા કરાવીને તે છોકરીને સુન્ની બનાવી લીધી. છોકરીએ રાફઝી, શીઆ, વહોરાના (અથવા વહાબીના) જે અક્રીદા છે તેનાથી તૌબા કરી લીધી અને ત્યાર બાદ નિકાહ કર્યા તો હવે એ નિકાહ સહીહ થશે, અને આ સંજોગોમાં બંનેનું એક સાથે રહેવું હલાલ થશે. પણ એ પણ બે ગવાહોની મૌજૂદગીમાં હોવું જોઈએ, આવારાપણાના તરીક઼ા પર ન હોવું જોઈએ. એ રીતે પણ ન હોવું જોઈએ કે સમાજમાં એના કારણે ઝેરીલી અસર પેદા થાય અને બે ગૃપોમાં ખેંચતાણ તથા ફિત્નો પેદા થાય, જો તમારે તઅલ્લુક કરવો જ છે તો જાઈઝ તરીકાથી માંબાપ થકી રિશ્તો જોડો અને એવી છોકરીઓથી દૂર રહેવાની કોશિશ કરો.

**સવાલ** : જો તેણીનાં માં બાપ તેને છોકરી આપવા તૈયાર ન થાય, જો કે છોકરીએ સુન્નિયત અપનાવી લીધી તો હજી પણ તે તેણી પાછળ પડેલો રહે ?

**જવાબ** : મસ્અલો તો હવે એ જ છે કે જ્યારે તેણી તૌબા કરી ચૂકી, સુન્ની થઈ ગઈ તો હવે નિકાહ થઈ ગયા. જ્યારે નિકાહ સહીહ થઈ ગયા તો બંનેવ સાથે રહી શકે છે. અમે લોકો કેવળ શરીઅતનો મસ્અલો જ બતાવી શકીએ છીએ. એના પછીનું જે કામ છે તેને એ બંનેવ જાણે !

## કઈ મહોબ્બત જાઈઝ, કઈ હરામ ?!

**સવાલ** : એક છોકરો કોઈ છોકરી સાથે પ્રેમ કરે છે. મેં તેને સમજાવ્યો કે આ રીતે કરવું યોગ્ય નથી. સહીહ તરીક઼ાથી માં બાપ થકી રિશ્તો મોકલીને નિકાહ કરવા જોઈએ. તેણે કહ્યું કે, નહીં ! મહોબ્બત કરવાથી હુઝૂરે મના નથી ફર્માવ્યું ! તો એનું આ પ્રમાણે કહેવું કેવું છે ? અને તેને કઈ રીતે સમજાવવામાં આવે ?

**જવાબ** : મહોબ્બત કરવાથી તો સરકાર ﷺએ મના નથી કર્યું, પણ આ તે મહોબ્બત નથી ! **આ નાજાઈઝ મહોબ્બત છે.** એક મુસલમાન બીજા મુસલમાન સાથે મહોબ્બતનો વર્તાવ કરે અને ઈસ્લામે જે અખ્લાક બતાવ્યા છે એ અખ્લાક તથા આદાબ સાથે વર્તે, તો એ સાચી તથા સહીહ મહોબ્બત છે. પરંતુ **કોઈ છોકરીની સાથે મહોબ્બત કરવી એ હક઼ીક઼તમાં મહોબ્બત નથી, એ તો નાપાક તથા ગંદો સંબંધ છે.** નાપાક તથા ગંદા સંબંધને મહોબ્બતનું નામ આપવું એ ગલત છે તથા જૂઠ છે. જેમ કે શરાબ કે કોઈ કહે કે શરાબ શરાબત છે અને શરબત પીવાનું શરીઅતે હલાલ કર્યું છે એટલે પી રહ્યો છું, તો હું એવું કહીશ કે શરબત તો ખરેખર હલાલ છે, ઈસ્લામે શરબત પીવાથી મના નથી કર્યું, પણ તમે જે ચીજને શરબત કહી રહ્યા છો એ શરબત નથી પણ શરાબ છે અને શરાબ પીવું હરામ છે. એ જ રીતે મહોબ્બત કરવી એ નાજાઈઝ નથી. ઈસ્લામ તો મહોબ્બતની તા'લીમ આપે છે, મહોબ્બતનો પયગામ આપે છે. પણ **તમે જે છોકરી સાથે સંબંધ જોડી રહ્યા છો એ સંબંધ એક ગંદો સંબંધ છે, એક નાપાક સંબંધ છે** એની સાક્ષી આખા જગતનો દરેક માણસ આપશે. મુસલમાન પણ કહેશે કે ગંદો સંબંધ છે અને ગૈર મુસ્લિમ પણ કહેશે કે ગંદો સંબંધ છે, એને મહોબ્બત તમે કહી રહ્યા છો ! અને મહોબ્બત નામ આપવું એ ગલત છે. એટલા માટે મહોબ્બત કહી દેવાથી એ ગંદો સંબંધ તથા એ નાપાક સંબંધ હલાલ નથી થઈ શકતો. જેમ કે શરબત કહી દેવાથી શરાબ કદી હલાલ ન થશે. સુવ્વરને કોઈ કહી આપે કે આ બકરી છે અને બકરી ખાવી હલાલ છે તો એ તેની નાસમજી છે, ભૂલ છે. બકરી ખાવી યક઼ીનન હલાલ છે પરંતુ સુવ્વરને બકરી કહેવું એ તેની નાદાની છે, એ તેની મૂર્ખાઈ છે કે સુવ્વરને તે બકરી કહી રહ્યો

છે. એ જ પ્રમાણે એક ગલત (ગૈર મેહરમ) છોકરીને જે આપણા ધર્મની પણ નથી તેની સાથે નાજાઈઝ સંબંધ રાખવો અને એવું કહેવું કે અમે મહોબ્બત કરી રહ્યાં છીએ એ ગલત તાબીર છે. નાપાક સંબંધ કરો છો, ગંદો સંબંધ કરો છો અને એનું નામ મહોબ્બત આપો છો ! એ બુરી વાત છે. અને નાપાક તથા ગુનાહનું કામ કરવા માટે, ઝિના કરવા માટે તમે સરકાર ﷺનો હવાલો આપો છો ! ઈસ્લામનો હવાલો આપો છો ! એ અતિશય શરમની વાત છે. એનાથી તૌબા કરો ! આ હવાલો આપવો એ ગુનાહથી પણ અધિક બુરુ છું. એક તો ગુનાહનું કામ કર્યું, ઝિનાનો સંબંધ રાખ્યો અને ઉપરથી એવું કહો છો કે તે સરકાર ﷺએ એની તા'લીમ આપી છે ! (મઆઝલ્લાહ !) સરકાર ﷺ તો ઝિનાને મિટાવવા માટે આવ્યા છે. સરકાર ﷺ તો ગંદા સંબંધનો દુનિયાથી ખાત્મો કરવા માટે આવ્યા છે, અને તમે કહો છો સરકાર ﷺએ તેની તા'લીમ આપી છે ?! **જો કોઈ આવું હલાલ સમજીને કહેશે તો પછી તે મુસલમાન પણ રહેશે નહીં,** તેણે પોતાના ઈસ્લામ તથા ઈમાનની કાળજી લેવી જોઈએ. જેણે પણ આવું કહ્યું છે તે પોતાની આ ગલત વાતથી તૌબા કરે, કેમ કે તેની આ વાત તેના ઝિના તથા ગુનાહથી પણ અધિક બુરી છે.

## ગવર્નમેન્ટના ટેક્સ વિશે માહિતી

**સવાલ** : વર્તમાનકાળમાં ગરીબ પબ્લિકને ગવર્નમેન્ટ તરફથી કોઈ આર્થિક મદદ નથી મળતી જેમ કે ગરીબ પ્રજાને હુઝૂર ﷺ તથા ખુલફાએ રાશિદીનના સમયમાં મળતી હતી. છતાં ગવર્નમેન્ટ તરફથી ટેક્સ લાગુ પડે છે. જેમ કે પાણીવેરો, ઘરવેરો, જમીન વેરો..... વગેરે. તો શું આ ટેક્સ ભરવો જરૂરી છે ? શું ન ભરવાથી મુસલમાન ગુનેહગાર થશે ?!

**જવાબ** : જુઓ, બે વાતો છે એક તો એ કે મદદ મળવું, તો તમે ગવર્નમેન્ટથી એની ઉમ્મીદ જ શા માટે કરો છો ? તમારી મદદના માટે ઈસ્લામે ઝકાતનો વિભાગ સ્થાપિત કરી આપ્યો છે. આપણા માલદાર વર્ગે જોઈએ કે કાંઈક પોતાના ગરીબ પડોશીઓનો પણ ખયાલ રાખે. રહી ગયો મસ્અલો ટેકસ વગેરેનો તો જાહેર વાત છે કે જ્યારે તમે ગવર્નમેન્ટનું પાણી પીઓ છો તો એનો ખર્ચ મળવો જોઈએ, જ્યારે તમારા આંગણાની સડકની સફાઈ થાય છે તો એની મજદૂરી મળવી જોઈએ, તમારા ઘરની રક્ષા ગવર્નમેન્ટ કરે છે તો તેનો કોઈ બદલો હોવો જોઈએ. તો ગવર્નમેન્ટ જો તમારી, તમારા ઘરની રક્ષા માટે, સાફ સફાઈ સ્વચ્છતા માટે, પાણીના માટે જો તમારી પાસેથી ટેક્સના નામ પર બદલામાં લઈ રહી છે તો એ જાઈઝ છે, એમાં કોઈ વાંધો નથી. કેમ કે એ આપનું કામ કરી રહી છે એનો બદલી લઈ રહી છે. નામ ટેક્સ છે પણ એ હકીકતમાં એક નિશ્ચિત બદલો છે. જેમ કે તમે કોઈથી કોઈ કામ કરાવો છો તો તેને મજૂરી આપો છો, એ જ પ્રમાણે ગવર્નમેન્ટ તમારું કામ કરી રહી છે તેના બદલામાં આપનાથી મજૂરી લઈ રહી છે. જો કોઈ એટલા માટે ન ભરે કે તેની પાસે કાંઈ છે જ નથી તો ગવર્નમેન્ટ સમક્ષ પોતાની લાચારી વ્યક્ત કરે, અને છે છતાં નથી આપતો તો ડરે છે કે ક્યારેક તેનો વકાર તેની આબરૂ દાવ પર લાગી જાય અને જેટલું બચાવ્યું છે એથી વધુ આપવું પડે અથવા જેલ જવું પડે. તો એ પોતે પોતાને બેઈજ્જતીના માટે ખતરામાં નાખવું છે અને એ નાજાઈઝ છે. એટલા માટે એવું ન કરવું જોઈએ. જેથી રકમ હોય તેઓ ભરે બાકીના પોતાની મજબૂરીની દરખાસ્ત આપે જેથી ગવર્નમેન્ટ માફ કરી આપે.

★ ★ ★ ★

# એક સાચો અને પ્યારો અક઼ીદો

લેખક : મૌલાના અબુલખૈર મુહમ્મદ અલ્તાફ ક઼ાદરી રઝવી (કરાચી)

અનુવાદક : ખલીફા તાજુશ્શરીઅહ હઝરત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી (ચિકાગો, યુ.એસ.એ.)

પ્યારા વાંચકો ! હુઝૂરે અકરમ ﷺના ઈખ્તિયારો પર ઘણી બધી કિતાબોનો આપે અભ્યાસ કર્યો હશે અને આ વિશે ઘણી જબરદસ્ત દલીલો પણ આપના સમક્ષ હશે, સાથે સાથે તમોએ એ દલીલો થકી કોઈને એના વિશે સમજાવવાની કોશિશ પણ કરી હશે.

તમો એ વાતમાં મારા પક્ષમાં હશો કે ઈશ્ક઼ અને દુશ્મનીની જંગમાં લોકો સમક્ષ આવી ચૂક્યું છે કે ઈશ્ક઼ કદી પણ પોતાના પ્યારા તથા પ્રિયમાં અયબ તથા નુકસાન શોધશે નહીં, જ્યારે કે દુશ્મની હુસ્નના પૂતળાને પણ બદસૂરત સાબિત કરવાની કોશિશ કરશે.

ઈશ્ક઼માં ખૂબી જ નઝર આવે છે, દુશ્મનીમાં ખૂબી પણ ખામી નઝર આવે છે. દુશ્મનીમાં પ્રશંસામાં પણ નુક્તાચીની (ટીકા ટીપ્પણ) આવી જાય છે. હા ! આ જંગ ચાલુ છે અને ચાલુ રહેશે... પરંતુ...

પ્યારા વાંચકો ! આ જંગ જરૂર થવી જ જોઈએ પરંતુ જે વસ્તુમાં "કોઈ ઐબ જ ન હોય", "કોઈ ખરાબી જ ન હોય" તો પછી આ જંગ બરબાદી, તબાહી, નુકસાન તથા ખસારાનો સબબ બને છે.

આવો ! આપણે આપણા ઈશ્ક઼ને વધુ મજબૂત કરીએ. સૌ પ્રથમ કુર્આન પાકથી નબી ﷺના ઈખ્તિયારો વિશે સવાલ કરીએ. કુર્આન અલ્લાહ તઆલાની સાચી કિતાબ છે, શું ફર્માવે છે :–

**આયત–૧**

ومانقموا الاان غنهم الله ورسوله من فضله

"અને એમને શું ખરાબ લાગ્યું ? એ જ ને કે અલ્લાહ અને રસૂલે પોતાના ફઝ્‌લથી એમને માલદાર કરી આપ્યા !" *(સૂ. તૌબા, કન્ઝુલ ઈમાન)*

**હાથ જિસ સમ્ત ઉઠા ગ઼ની કર દિયા**
**મુસ્તફા કી સખવાત પે લાખોં સલામ**

## હુઝૂર ﷺ માલદાર બનાવે છે

આ આયતની તફસીરમાં શૈખુત્તફસીર હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ તફસીરે નૂરુલ ઈસ્લામમાં આ પ્રમાણે બયાન ફર્માવે છે : સ્પષ્ટ છે કે (فضله) **ફઝલિહી**માં 'હે' થી મુરાદ હુઝૂર છે કારણ કે હુઝૂરનો ઝિક્ર ક઼રીબમાં થયો છે. આયતમાં બે મસ્અલા મઅલૂમ થયા :–

**એક** એ કે આપ ﷺ એવા ગની (માલદાર) છે કે બીજાઓને પણ માલદાર (ગની) બનાવી આપે છે. જે એમને ફક઼ીર કહે તે બદ્‌નસીબ બેઅદબ છે અને જો તૌહીનની નિય્યતથી કહે તો કાફિર છે.

**બીજો** મસ્અલો એ કે કોઈનો પણ અલ્લાહ તઆલા તથા રસૂલુલ્લાહ ﷺ પર કોઈ હક્ક઼ નથી, એમણે જેને જે કંઈ આપ્યું તે પોતાના ફઝ્‌લથી આપ્યું. રબની મખ્લૂક નબીના દરની ભિખારી છે. સાથો સાથ એ પણ સાબિત થયું કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ નેઅમતો આપે છે અને બેઈમાન લોકો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ની નેઅમત હાંસલ કરીને સરકશ તથા બાગી અને ગદ્દાર બની જાય છે.

**તેરા ખાએઁ તેરે ગુલામોં સે ઉલઝેં**
**હૈં મુન્કિર અજબ ખાને ગુર્રાનેવાલે**

પ્રિય વાંચકો ! આપે જરૂર વિચાર્યું હશે અને

આ તફસીરથી જરૂર ફાયદો હાંસલ કર્યો હશે. આયતે કરીમામાં સ્પષ્ટ રીતે છે કે આપણા આક઼ા ﷺ લોકોને ગની (માલદાર) કરે છે. હવે વિચારવાની વાત છે કે બીજાઓને ગની તે જ કરી શકે છે જે પોતે ગની હોય, જે પોતે માલિક હોય, અથવા માલિકના ઈખ્તિયાર આપવાથી બીજાઓને ગની કરી આપે. હુઝૂર ﷺને અલ્લાહ તઆલાએ માલિક બનાવ્યા છે અને હુઝૂર પોતાના ગુલામોને આપે છે. આપને અલ્લાહ તઆલાએ કેવા ઈખ્તિયાર આપ્યા છે કુર્આન તેનું આ પ્રમાણે બયાન કરે છે :–

### આયત (૨)

انا عطینك الكوثر "હે નબી ! બેશક ! અમે આપને બેશુમાર ખૂબીઓ આપી." *(સૂ. કૌષર)*

**ઈન્ના અઅ્તયના કલ્કૌષર**
**સારી કષરત પાતે યહ હૈં**

હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ તફસીરે નૂરુલ ઈરફાનમાં ફર્માવે છે, "કૌષર" મુબાલિગાનો સેગો છે (અતિશયપણાનો નિર્દેશક છે) **ફવઅલુન**ના વઝન પર શબ્દ **કષરત**થી બન્યો છે. **કષીર** એટલે વધુ, **અકષર** એટલે એકદમ વધુ, **કષ્ષાર** ઘણુ જ વધારે અને **કૌષર** એટલે બેહદ વધારો જે મખ્લૂકની અક્કલમાં જ આવી ન શકે. એનાથી ક્યાં તો હૌઝે **કૌષર** મુરાદ છે જેની લંબાઈ એક મહિનાનો રસ્તો છે, જે યાકૂત તથા મોતીઓથી બનેલો છે, એના કિનારા પર એક એક મોતીના ઘણા તંબૂઓ છે જેના વાસણો આકાશના તારાઓથી પણ વધીને છે. અથવા કૌષરથી મુરાદ હુઝૂર ﷺની અવલાદ તથા ઉમ્મત છે જે દુનિયાના દરેક ભાગમાં છે.

અથવા આપનો બેહદ ઈલ્મ તથા અમલ અને ખૂબીઓ અથવા શફાઅતે કુબ્રા મુરાદ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે "કૌષર"થી મુરાદ ઘણી ભલાઈ છે જેમાં હૌઝે કૌષર પણ છે. *(બુખારી)*

### વાહ ! વાહ ! શું અતાઓ છે !

અહીંયા અમુક વાતો યાદ રાખો :–

**એક** એ કે સૂરતના શરૂમાં **ઈન્ના** આવ્યું "અતા અમે કરી છે" કારણ કે અરબના કાફિર હુઝૂર ﷺની મિલ્કિયતના ઈન્કારી (નકારનાર) હતા. દા.ત. જેવા કે આજે બદ્‌મઝહબ (વહાબી, દેવબંદી, ગૈરમુકલ્લિદ) ઈન્કારી છે, તેઓ કહે છે કે, "હુઝૂર પાસે કશું પણ નથી, તે શું આપશે ?" **બીજી** વાત કે રબ તઆલાએ હુઝૂર ﷺને બધુ આપી દીધું છે, બધા નબીઓ રસૂલોએ આપથી જ કમાલ હાંસલ કર્યો. આપ ﷺ ફર્માવે છે કે, "અલ્લાહ તઆલા આપે છે અને હું તકસીમ કરું (વહેચું) છું." *(બુખારી)*

બધું જ હુઝૂર ﷺને અલ્લાહ તઆલાએ આપ્યું. લોકોએ હુઝૂર ﷺને કશું નથી આપ્યું. ત્રીજી વાત કે કોઈ પણ આપ ﷺની કોઈ પણ વસ્તુ ખેંચી નથી શકતો, કારણ કે આ બધું રબ તઆલાનું અતા ફર્માવેલ છે. જેમ કે કોઈ માણસ સૂર્યના કિરણોને ખત્મ નથી કરી શકતો. ચોથી વાત કે આપ ﷺ પૂરી દુનિયાના માલિક છે કારણ કે દુનિયાનો સામાન થોડો છે.

કુર્આનમાં છે : قُلْ مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌ "તમો ફર્માવી દો કે દુનિયાની મતાઅ થોડી છે." પરંતુ આપને ખૈરે કષીર આપવામાં આવી એટલે દુનિયા તો આપની મિલ્કિયતનો એક નાનો ભાગ છે. (સુબ્હાનલ્લાહ !)

### સાચો અને હકીકી માલિક અલ્લાહ જ છે

બેશક ! અલ્લાહ તઆલા સાચો તથા હક઼ીક઼ી માલિક છે એના જ કબજા તથા કુદરતમાં બધી વસ્તુઓ છે પરંતુ અલ્લાહની અતાથી ફાયદો

આપવો, દુનિયા તથા આખેરતની નેઅમતોની વહેંચણી હુઝૂર ﷺના દરથી થાય છે. આપ પોતાના ફઝ્લ વ કરમથી લોકોને અતા ફર્માવે છે. મુશ્કેલી દૂર કરે છે. આ અતા કરવું, મુશ્કેલી દૂર કરવી, હાજતો પૂરી કરવી બધું જ હકીકતમાં રબ તઆલા તરફથી જ છે.

## એક સાચો અને પ્યારો અક઼ીદો

ચાલો ! આવો ! આપણે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના સાચા અક઼ીદા પર એક નઝર કરીએ જેથી આપણામાં જે શક હોય તે દૂર થઈ જાય તથા બદ્અક઼ીદા લોકોના ધોકોમાં ન આવી શકાય કે જેઓ ઈસ્લામી લિબાસ પહેરીને સાદા સીધા મુસલમાનોને સાચા અક઼ીદાથી દૂર કરવા માટે રાત દિવસ મગ્ન રહે છે. જુઓ ! આ જન્નતી સહાબા શું ફર્માવે છે :–

હઝરત રબીઆ ઈબ્ને કઅબ رضی اللہ عنہ ફર્માવે છે કે હું આપ ﷺ પાસે એક રાત્રે હાજર હતો. મેં આદત પ્રમાણે આપની બારગાહમાં વુઝૂ માટે પાણી પેશ કર્યું તો આપે ફર્માવ્યું, હે રબીઆ ! માંગ ! (જે માંગવું હોય તે) મેં અર્ઝ કરી કે હું આપથી જન્નતમાં આપનો સાથ માંગું છું. આપે ફર્માવ્યું, બીજું કાંઈ ?! મેં અર્ઝ કરી, બસ ! હુઝૂર આ જ મને અતા થાય. આપે ફર્માવ્યું, હે રબીઆ ! પોતાના નફ્સ પર વધારે સજદા કરી મારી મદદ કરો ! *(મિશ્કાત)*

આ હદીષ પાકનો દરેક ભાગ નબી ﷺના ઈખ્તિયારોનો મુંહ બોલતો સબૂત છે. આ હદીષમાં ઈર્શાદ ફર્માવ્યું કે, "માંગ ! શું માંગે છે !" જેથી માલૂમ પડે છે કે આપ ﷺને દુનિયા તથા આખેરતની બધી જ વસ્તુઓ ઈખ્તિયારમાં આપી દેવામાં આવી છે, એટલે જ તો આપણા આકા ﷺએ ફર્માવ્યું કે માંગ ! શું માંગે છે !" એટલે કે જે તારા દિલમાં છે તે માંગી લે, કારણ કે અમારા દરબારમાં દરેક નેઅમત મૌજૂદ છે.

આ હદીષમાં તે લોકોની પોલ ખોલી દેવામાં આવી છે જેઓ આવા અકીદા ધરાવે છે કે :–

**(૧)** જેનું નામ મુહમ્મદ અથવા અલી છે તે કોઈ પણ વસ્તુનો માલિક નથી. (મઆઝલ્લાહ !)

**(૨)** આપ ﷺના ચાહવાથી કશું નથી થતું. (મઆઝલ્લાહ !)

**(૩)** આપ પોતાના નફા નુકસાનના માલિક નથી. (મઆઝલ્લાહ !)

**(૪)** આપ આજિઝ તથા મજબૂર છે. (મઆઝલ્લાહ !)

(તકવિયતુલ ઈમાન, અઝ : ઈસ્માઈલ દહેલ્વી, દેવબંદી)

તમે જોયું ! એક તરફ તો આપણા પ્યારા સહાબાઓનો અક઼ીદો કેવો છે ?! અને બીજી તરફ આ ઈમાનના લૂટેરાઓનો અક઼ીદો કેવો છે ?! હાલમાં હક્ક઼ તથા બાતિલની જંગ ચાલુ છે અને જ્યાં સુધી હક્ક઼ ગાલિબ નહીં થાય ત્યાં સુધી આ જંગ ચાલતી રહેશે. એટલે હક્ક઼ને વધુ રોશન કરવા માટે અહીંયા આપણા પ્યારા નબી ﷺની અમુક હદીષો પેશ કરવામાં આવે છે :–

**હદીષ (૧)** : આપ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા અને એના રસૂલ તે શખ્સના મુહાફિઝ તથા નિગેહબાન છે જેનું કોઈ નિગાહબાન નથી. *(તિર્મિઝી શરીફ)*

**હદીષ (૨)** : જેને અમોએ કોઈ કામ માટે મુકર્રર કર્યો તેને અમોએ ગિઝા (રોજી) આપ્યું. *(અબૂ દાઊદ)*

**હદીષ (૩)** : મને પોતાના ઘરવાળાઓમાંથી બધાથી પ્યારો તે છે જેને અલ્લાહ તઆલાએ નેઅમત આપી અને મેં નેઅમત આપી. *(તિર્મિઝી શરીફ, મિશ્કાત શરીફ)*

**હદીષ (૪)** : મારો રબ મને આપે છે અને હું તકસીમ કરું છું. *(બુખારી શરીફ)*

**હદીષ (૫)** : બેશક ! આ કબ્રો પોતાના રહેનાર માટે અંધકારથી પુર છે હું મારી નમાઝથી એને રોશન કરું છું. *(મિશ્કાત શરીફ)*

**હદીષ (૬)** : હું એમને દોઝખથી બહાર કાઢીશ અને જન્નતમાં દાખલ કરીશ. (ગુનેહગાર મુસલમાનોને) *(બુખારી)*

## તમે પણ માની જાવ !

એહલે સુન્નત વ જમાઅતનો અક઼ીદો છે કે અલ્લાહ તઆલાએ પોતાના નબીને લાચાર, મજબૂર, મોહતાજ નથી બનાવ્યા. બલ્કે ઘણી મોટી મોટી શાનો અતા ફર્માવી છે. કુર્આન તથા હદીષોની આ અઝીમ દલીલોથી તમારે માનવુ જ પડશે કે અલ્લાહ તઆલાએ આપ ﷺને બંનેવ જહાનના બાદશાહ બનાવ્યા છે તથા કૌનેનની નેઅમત અતા કરી છે.

પ્રિય વાંચકો ! જો હક઼ીક઼ી, મજાઝી, ઝાતી અને અતાઈ તફાવત દિલો દિમાગમાં રહે તો મોટામાં મોટો મસ્અલો પલમાં હલ થઈ જશે. દા.ત. જે જે લોકોએ આવા મસ્અલાઓમાં ભૂલો કરી તેમણે ઝાતી અને અતાઈના ફર્ક (તફાવત)માં નાસમજી કરી છે.

જિંદગી તથા મૌત આપવું, બીમારીથી શિફા આપવી, આંધળાને દેખતો કરી આપવો, બેઅવલાદને સાહિબે અવલાદ કરી આપવો, આ બધાં કાર્યો અલ્લાહ તઆલાના ઈખ્તિયારમાં છે. પરંતુ કલામે પાક ઉઠાવો ! સિપારો–૩, સૂરત આલે ઈમરાન, રુકૂઅ–૧૩માં હઝરત ઈસા عليه السلام ફર્માવે છે કે, "હું માટીથી પક્ષી બનાવું છું અને તેમાં ફૂંક મારું છું તો તે તરત જ પક્ષી બની જાય છે. અલ્લાહ તઆલાના હુકમથી હું શિફા આપું છું, જન્મથી આંધાળાને તથા સફેદ દાગવાળાને અને હું મુર્દાને જિંદગી આપું છું અલ્લાહ તઆલાના હુકમથી.

કુર્આન પાક, સિપારો–૧૬, રુકૂઅ–૫માં હઝરત જિબ્રઈલ عليه السلامએ હઝરત મરયમ رضى الله عنهاથી કહ્યું કે, "મને તારા રબે મોકલ્યો છે જેથી હું તને એક સાલેહ છોકરો આપું."

કુર્આન પાક, સિપારો–૧૩, રુકૂઅ–૫માં હઝરત યૂસુફ عليه السلامએ ફર્માવ્યું, "મારું આ કમીઝ લઈ જાવ અને વાલિદ સાહબના મોઢા પર મૂકો તો એમને દેખાતું થઈ જશે." એટલે જે વખતે કમીઝ મૂકવામાં આવ્યું તરત જ આપ (હઝરત યાકૂબ عليه السلام)ની આંખોથી દેખાવા લાગ્યું.

હું તમોને એક સવાલ કરું છું કે બતાવો ! નબીઓ, રસૂલોમાં કોની શાન ઊંચી છે ? તો આપનો જવાબ યક઼ીનન ! એ હશે કે આપણા નબી ﷺની શાન સહુથી વધારે ઊંચી છે, અને આપ જ બધા નબીઓના ઈમામ છે. તો તમારે માનવું પડશે કે બધા નબીઓને જે જે ખૂબીઓ કમાલો મળ્યા છે તે બધા જ કમાલ આપ ﷺના સદક઼ામાં મળ્યા છે.

## એનો કોઈ જવાબ છે !

એનો તે લોકો જવાબ આપે જે (મઆઝલ્લાહ !) આપ ﷺને બેબસ, મજબૂર, આજિઝ કહે છે, આપ ﷺના ઈખ્તિયારોના (મુન્કિર છે, એવું કહેવા તથા બોલવાથી થાકતા નથી કે, "આપ ﷺના ચાહવાથી કશું પણ થતું નથી ! વગેરે વગેરે." કે એક ઈસાઈ, યહૂદીને જ્યારે ઈસ્લામની દા'વત પેશ કરો અને ઈસાઈ યહૂદી મુસલમાનથી સવાલ કરે કે શું તમારા નબીને અલ્લાહ તઆલાએ કાંઈ તાકાત, કુદરત કે ઈખ્તિયારો પણ આપ્યા છે કે નહીં ?!

તો સાફ વાત છે કે એના જવાબમાં તે લોકો જે હુઝૂર ﷺને આજિઝ અને મજબૂર (લાચાર બંદા) જાણે છે અને એવો અકીદો રાખે છે કે, "આપ ﷺના ચાહવાથી કશું પણ નથી થતું ! તે

તો પોતાના નફા નુકસાનના પણ માલિક નથી !" તો આવા લોકો એ જ જવાબ આપશે કે, "અમારા નબી ﷺને તો કશો પણ ઈખ્તિયાર નથી, એમના ચાહવાથી કશું નથી થતું, આપ કોઈને નફો નુકસાન નથી આપી શક્તા.... વગેરે."

અને જો ઈસાઈ યહૂદી આવા લોકોના નાપાક જવાબ પર કહે કે, અમોને શું જરૂરત છે કે અમો હઝરત ઈસા علیہ السلام અને હઝરત મૂસા علیہ السلامને છોડીને મુસલમાન બનીએ ?! કારણ કે અમારા હઝરત ઈસા علیہ السلام તો મુડદાંઓને જીવતાં કરે, બીમારોને શિફા આપે, આંધળાઓને આંખો આપે અને હઝરત મૂસા علیہ السلامતો પથ્થર પર અસો મારે તો પાણીના ઝરણાં ચાલુ કરી આપે.

પરંતુ હે મુસલમાનો ! હે ઈસ્લામના દાવેદારો ! તમારા નબી તો બેબસ, મજબૂર, આજિઝ છે ! એમના ચાહવાથી કશું પણ નથી થતું ! તેઓ તો પોતાના નફા નુકસાનના પણ માલિક નથી ! તો અમોને (યહૂદ વ ઈસાઈને) આવા ઈસ્લામ તથા ઈસ્લામના બાનીની જરૂરત નથી. કારણ કે અમારા નબી ઈસા علیہ السلام તથા મૂસા علیہ السلامને કુદરત પણ છે, તાકત પણ છે અને તેઓ લોકોને ફાયદો પણ પહોંચાડે છે. અલ્લાહ તઆલાએ એમને ઈખ્તિયારો પણ આપ્યા છે." આવો જવાબ સાંભળીને બાતિલ અકીદાવાળો જરૂરથી ચૂપ થઈ જશે. પરંતુ એનો જવાબ અમો અહલે સુન્નત વ જમાઅત આ પ્રમાણે આપીશું :–

"બેશક ! અલ્લાહ તઆલાએ હઝરત ઈસા علیہ السلام તથા હઝરત મૂસા علیہ السلامને ઘણા બધા કમાલો ખૂબીઓથી નવાઝયા છે પરંતુ રબ તઆલાએ પોતાના હબીબ ﷺને બધા જ કમાલો તથા બધી જ ખૂબીઓ અર્પણ કરી છે, બલ્કે જે જે કમાલો બીજા નબીઓને અતા કરવામાં આવ્યા તે અમારા નબી ﷺનો જ સદકો છે.

## કેટલાક રોશન નમૂના

**(૧)** આપની ખિદમતમાં એક શખ્સ આવ્યો અને અર્ઝ કરી કે હું ઈમાન લાવવા ઈચ્છું છું પરંતુ મારી એક છોકરી છે તે મૃત્યુ પામી છે, તેણીને તમો જીવતી કરી આપો ! આપે તેને અલ્લાહના હુકમથી જીવતી કરી આપી અને ફર્માવ્યું કે તને પસંદ છે કે હું તને તારા માતા પિતા પાસે પરત કરી આપું ! તેણીએ અર્ઝ કરી, ના યા રસૂલલ્લાહ ! ﷺ મેં અલ્લાહ તઆલાને માં બાપથી પણ વધારે મહેરબાન પામ્યો છે. *(શિફા શરીફ)*

**(૨)**હઝરત જાબિર رضی اللہ عنہના બે છોકરા હતા, આપ ﷺએ એમને ઝિંદા કર્યા. *(શવાહિદુન્નબુવ્વહ)*

**(૩)** આપ ﷺએ એક નાબીના (આંધળા)ને દેખતા કરી આપ્યા. *(શિફા શરીફ)*

**(૪)** આપ ﷺ એ એક શખ્સની આંખોમાં થૂંક મુબારક લગાડયું જેમની આંખોમાં મોતી પડયાં હતાં. આપના થૂંક મુબારકની બરકતથી મોતી દૂર થઈ ગયાં. *(શિફા)*

**(૫)** આપ ﷺએ જંગે ખૈબરના દિવસે હઝરત અલી رضی اللہ عنہની દુ:ખતી આંખો પર થૂંક મુબારક લગાડી સારી કરી આપી તો તે એવી થઈ ગઈ કે જાણે દુ:ખ હતું જ નહીં.

**(૬)** જંગે ઉહદમાં હઝરત કતાદહ ઈબ્ને નોઅમાન رضی اللہ عنہની આંખ નીકળી ગઈ હતી. આપે તે આંખ લઈને લગાડી તો પહેલાથી વધારે રોશન થઈ. *(શિફા શરીફ)*

**(૭)** આપની મુબારક આંગળીઓથી ઝરણાં ફૂટી નીકળ્યાં.

**(૮)** આપે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અતીક તથા હઝરત સલ્મા ઈબ્ને અકુઅ رضی اللہ عنہના તૂટેલા પગના હાડકાને પોતાનું થૂંક મુબારક લગાડી સારું કરી આપ્યું.

પ્રિય વાંચકો ! આ અમુક નમૂના હતા જે આપની ખિદમતમાં રજૂ કરવામાં આવ્યા છે. સુન્ની લોકો યહૂદી તથા ઈસાઈઓને આ મુજબ જવાબ આપી ચૂપ કરી શકે છે. જ્યારે એક ઈસાઈ તથા યહૂદી પોતાના નબીઓની તાકતવાળી શાનને માને છે તો પછી મુસલમાનનો તો ફર્ઝ બને છે કે પોતાના નબી ﷺની ઈખ્તિયારવાળી શાનને માને તથા તેના પર ઈમાન રાખે. અલ્લાહ તઆલા સૌને અક્લે સલીમ (સદ્બુદ્ધિ) આપે. આમીન.

હવે આપ ﷺની શાન, સખાવત, ઈખ્તિયારના ઈમાન અફરોઝ વાકેઆ વાંચો અને તમારા ઈમાનને તાજુ કરો :–

## નબી જન્નત અતા કરી શકે છે !

**(૧)** એક એઅ્રાબી આપ ﷺની ખિદમતમાં હાજર થયો. આપે તેને તેની જરૂરત વિશે પૂછયું કે કાંઈક હાજત હોય તો બોલો ! તેમણે અર્ઝ કરી, હુઝૂર ! મારે સવારી માટે એક ઊંટ અને દૂધ માટે એક બકરીની જરૂરત છે. આપે ફર્માવ્યું, હે શખ્સ ! તું તો બની ઈસરાઈલની વૃદ્ધાથી પણ કમજોર સાબિત થયો ! સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! બની ઈસરાઈલની વૃદ્ધાનો શું વાકેઓ છે ?!

આપે ઈર્શાદ ફર્માવ્યો કે હઝરત મૂસા عليه السلام જ્યારે મિસ્રથી બની ઈસ્રાઈલને લઈને ચાલ્યા તો રસ્તો ભૂલી ગયા. બની ઈસ્રાઈલને પૂછયું કે એનું શું કારણ છે ? તો ઈસ્રાઈલી ઉલમાએ અર્ઝ કરી કે વાત એવી છે કે જ્યારે હઝરત યૂસુફ عليه السلامના વિસાલનો સમય થયો તો અમારાથી અલ્લાહ તઆલા તરફથી આ અહદ (વાયદો) લેવામાં આવ્યો કે મિસ્ર જતી વખતે મારો તાબૂત સાથે લેતા જશો. હઝરત મૂસા عليه السلام એ ફર્માવ્યું કે તમારામાં કોઈ હઝરત યૂસુફની કબ્રને જાણે છે કે ક્યાં છે ? તેમણે અર્ઝ કરી કે એક વૃદ્ધા સ્ત્રી હઝરત યૂસુફ عليه السلامની કબ્રના સ્થળને જાણે છે. તે સ્ત્રીને બોલાવવામાં આવી. તેણીએ કહ્યું, હું આપની કબ્ર એક શર્તે બતાવું ! હઝરત મૂસા عليه السلامએ ફર્માવ્યું, તે શર્ત શું છે ? વૃદ્ધ સ્ત્રીએ અર્ઝ કરી કે, મારી શર્ત એ છે કે, "જન્નતમાં હું તમારા સાથે રહું." આ સાંભળીને હઝરત મૂસા عليه السلام નારાજ થયા અને જલાલમાં આવી ગયા. હુકમ થયો કે તેણીની શર્ત મંઝૂર કરો. આપે શર્ત કબૂલ કરી તો તે ઔરતે આપને હઝરત યૂસુફ عليه السلامની કબ્રની જગ્યા બતાવી કે આ જગ્યાએ છે. હઝરત મૂસા عليه السلام તાબૂતને કાઢી પોતાની સાથે લઈ ગયા.

આ વાક્યો લખવાનો મક્સદ એ છે કે તે ઔરતે તો હઝરત મૂસા عليه السلامથી જન્નત માંગી અને હે એઅ્રાબી ! તું મારાથી ઊંટ અને બકરીઓ જ માંગે છે ! અર્થાત તારાથી તો એ વૃદ્ધ સ્ત્રી અક્કલમંદ સાબિત થઈ. આ છે ઈખ્તિયારે મુસ્તફા ﷺ.

## શરઈ અહકામમાં આપનો ઈખ્તિયાર

**(૨)** હઝરત અબૂ હુરૈરહ્ رضى الله عنهની રિવાયત છે કે એક શખ્સે આપ ﷺની બારગાહમાં આવીને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ હું તો હલાક (બરબાદ) થઈ ગયો ! આપે ફર્માવ્યું, શું થયું ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ રમઝાનમાં રોઝાની હાલતમાં મેં મારી બીવી સાથે હમબિસ્તરી કરી છે ! આપે ફર્માવ્યું, શું તું ગુલામ આઝાદ કરી શકે છે ? અર્ઝ કરી, નહીં ! યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફર્માવ્યું, શું તું બે મહિનાના લગાતાર રોઝા રાખી શકે છે ? અર્ઝ કરી, નહીં ! યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફર્માવ્યું, શું તું ૬૦ ફકીરોને ખાણુ ખવડાવી શકે છે ? અર્ઝ કરી, નહીં ! યા રસૂલલ્લાહ ! ﷺ આપે ફર્માવ્યું કે, બેસી જા ! એટલામાં એક ટોપલો ભરીને ખજૂર આપ ﷺની ખિદમતમાં કોઈએ તોહફો નઝર કર્યો. આપે ફર્માવ્યું કે પેલો સવાલ કરનાર ક્યાં

છે ? તે શખ્સ લબ્બયક કહીને ઉભો થયો. આપે ફર્માવ્યું કે આ ટોપલો લઈ જાવ અને મોહતાજ લોકોને ખયરાત કરી આપો. તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ખુદાની સોગંદ ! મદીના શરીફના બંનેવ પહાડોની વચ્ચે મારા ઘરવાળાઓથી વધારે કોઈ ગરીબ મોહતાજ નહીં હોય ! આ સાંભળીને આપ ﷺ મુસ્કુરાયા એટલે સુધી કે આપના દાંત મુબારક પણ દેખાવા લાગ્યા, પછી ફર્માવ્યું કે, જા ! આ ખજૂરોને તું તારા ઘરના લોકોને ખવડાવી દે. (મિશ્કાત) આ છે આપ ﷺનો ઈખ્તિયાર કે તે સહાબાને સ્પેશ્યલ છૂટ મળી !

## હુઝૂરના કરમથી ખજૂરોમાં બરકત !

**(૩)** હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે મારા વાલિદ સાહબનો વિસાલ થયો. અને એમના ઉપર ઘણુ કર્ઝ હતું. મેં બધા કર્ઝદારોને કહ્યું કે તમો મારો ખજૂરોનો બાગ લઈ લો અને કર્ઝ ખતમ કરી આપો. પરંતુ તે માન્યા નહીં. મેં (હઝરત જાબિરે) આપ ﷺની ખિદમતમાં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ આપ જાણો છો કે મારા વાલિદ ઉહદની જંગમાં શહીદ થઈ ગયા છે અને એમના ઉપર ઘણુ કર્ઝ છે એટલે યા રસૂલલ્લાહ ! ﷺ તમે મારી સાથે આવો જેથી તેઓ જરા છૂટછાટ કરે. આપે ફર્માવ્યું કે તમો જઈને ખજૂરોનો ઢગલો લગાડો. મેં જઈને ઢગલો લગાડયો. પછી આપ ﷺને બોલાવી લાવ્યો. જ્યારે આપ ﷺ આવ્યા તો કરજ માંગનારા નારાજ થવા લાગ્યા. આપ ﷺએ ખજૂરોના મોટા ઢગલાની આજુબાજુ ચાર ચક્કર લગાડયા અને તે ઢગલા પર બેસી ગયા. પછી ફર્માવ્યું, કે તે લોકોને બોલાવો. આપ ખજૂરોને તોલતા જતા અને કરજ માંગનારાઓને આપતા જતા ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ મારા વાલિદનો કર્ઝ અદા કરી આપ્યો.

હઝરત જાબિર ફર્માવે છે કે હું એ વાતથી જ ખુશ હતો કે મારા વાલિદનું પૂરેપૂરું કર્ઝ ચૂકવાઈ જાય અને હું ઘરુ એક પણ ખજૂર ન લઈ જાઉં. પરંતુ અલ્લાહ તઆલાએ બધા જ ઢગલાઓ બાકી રાખ્યા અને હુઝૂર ﷺની બરકતથી આપ જે ઢગલા ઉપર તશરીફ ફર્માં થયા હતા તેમાંથી એક પણ ખજૂર ઓછુ થયું ન હતું. *(મિશ્કાત શરીફ)* સુબ્હાનલ્લાહ ! તમે જોયું ! આ છે મદની આકા ﷺનો પાકો મજબૂત ઈખ્તિયાર !

**મેરે કરીમસે ગર કતરા કિસીને માંગા**
**દરયા બહા દીએ હૈં દુર બે બહા દીએ હૈં**

**અંતિમ વિનંતિ :** પ્રિય વાંચકો ! જ્યારે તમો આ રોશન બેમિષાલ (અજોડ) દલીલોને વાંચી ચૂક્યા છો, તમે તમારા દિલમાં જરૂર ખુશી અનુભવતા હશો કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને કેટલી અને કેવી કેવી કુદરતો, કમાલો અને ઈખ્તિયારોથી નવાઝયા છે.

આપણા બુઝુર્ગોએ પોતાના ઈલ્મ તથા અમલથી એ વાત સાબિત કરી આપી છે કે હુઝૂર ﷺ અલ્લાહ તઆલાના મુલ્કના માલિક છે. તો જ્યારે આપણે બુઝુર્ગોના બતાવેલ રસ્તા ઉપર ચાલીશું તો કદી ગુમરાહ નહીં થઈશું અને જો એમના રસ્તાથી હટીને ચાલ્યા તો ગલત ફિર્કાઓમાં ફસાઈ જઈશું. એટલે નેક લોકોના રસ્તા પર ચાલી સહીહ અકીદાની હિફાઝત કરો.

**બરકાતે ખ્વાજા (માસિક)ની**
**લેખ હરીફાઈમાં ભાગ લો !**

**લેખ હરીફાઈનો વિષય**

**ઈસ્લામમાં સ્ત્રી અધિકાર તથા માનવ હક્કોનું મહત્વ અને વર્તમાન જગત**

લેખ મોકલવાની છેલ્લી તારીખ : **૧૨-૦૧-૦૮** દારુલ ઉલૂમના તલબાને વિનંતિ કે ઉપરોક્ત વિષય સંબંધે સત્વરે લેખ મોકલવા પ્રયત્ન કરે. દારુલ ઉલૂમના ઉસ્તાદ હઝરાતને વિનંતિ કે માર્ગદર્શન આપી લખવા પ્રોત્સાહિત કરે. -*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## બરકાતે ખ્વાજાની ટપાલ

કાર્યાલય

### જૂનાગઢમાં ઉર્સે અમીરે અહલે સુન્નત

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહ તરફથી તા. ૬–૧૧–૨૦૦૭, મંગળવારે સૌરાષ્ટ્રના મશ્હૂર બુઝુર્ગ અમીરે અહલે સુન્નત ખલીફએ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત પીર મૌલાના નૂર મુહમ્મદ મારફાની સાહબ નૂર રઝવી رحمۃ اللہ علیہના નવમા વાર્ષિક ઉર્સ શરીફનું શાનદાર આયોજન કરવામાં આવેલ. જેમાં ઝોહરની નમાઝ બાદ હઝરતના મઝાર શરીફને ગુસ્લ આપવામાં આવેલ. મગરિબની નમાઝ બાદ મસ્જિદે રઝાથી એક શાનદાર જુલૂસ નીકળી હઝરતના આસ્તાના ઉપર સંદલ તથા ચાદર ચઢાવવામાં આવેલ. અને રાત્રે ઈશાની નમાઝ બાદ મસ્જિદે રઝામાં એક શાનદાર તકરીરનું આયોજન જાનશીને હુઝૂર અમીરે અહલે સુન્નત પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવી સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહની સરપરસ્તીમાં શાનો શૌકતથી કરવામાં આવેલ. જેમાં મુજાહિદે સૌરાષ્ટ્ર હઝરત અલ્લામા મૌલાના ગુલામ ગૌષ અલ્વી સાહબ તથા માહિરે ઉલૂમે શરીઅત હઝરત મૌલાના મુફ્તી હસીબુર્રહમાન સાહબ, ખતીબે ઝીશાન હઝરત મૌલાના નૂરુલઐન સાહબ તથા મૌલાના નઝીર અહમદ સાહબ, મૌલાના હાફિઝ મો. સાબિર રઝા સાહબ વગેરે આલિમોએ હાજરી આપી શાનદાર તક્રીર ફર્માવી હુઝૂર અમીરે અહલે સુન્નતની જદીદ ખિદમાત ઉપર રોશની નાખી હતી. બહોળી સંખ્યામાં હઝરતના મુરીદો તથા અકીદતમંદોએ હાજરી આપી ફયુઝો બરકાત હાંસલ કરેલ. સલાતો સલામ બાદ દુઆએ ખૈર અને આમ ન્યાઝનું આયોજન કરવામાં આવેલ.

*–દારુલ ઉલૂમ અનવારે મુસ્તફા (જૂનાગઢ)*

### મેહફિલે સમાએ નઅત

**હાડગુડ** : (જિ. આણંદ) તા. ૨૮/૧૧/૨૦૦૭ને બુધવારે રાત્રે બાદ નમાઝે ઈશા હાડગુડ ગામના સુન્ની નવજવાનો દ્વારા મૌલાના સૈયદ અમરુલ્લાહ બાપુ અશ્રફી (ખલીફએ શૈખુલ ઈસ્લામ)ની સદારતમાં ગુલશને બગદાદ ચોકમાં મેહફિલે સમાએ નઅતનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સૈયદ અહમદ સાહબ–મુંબઈએ પોતાના અનોખા અંદાજમાં નઅતે પાકના તરાના પેશ કરીને હાજર મજમાને ઈશ્કે રસૂલની મસ્તીમાં મસ્ત બનાવી દીધો હતો. આ મેહફિલમાં નઅતની સાથે સાથે રસૂલે પાક ﷺની પ્યારી પ્યારી સુન્નતો પણ અનોખા અંદાજથી બયાન કરવામાં આવી હતી તેમજ નમાઝ વિશે પણ તાકીદ કરવામાં આવી હતી. આ મેહફિલે પાકમાં હાડગુડ ઉપરાંત આજુબાજુના ઘણા ગામોના આશિકાને રસૂલ હાજર રહ્યા હતા. દુઆ તેમજ સલાતો સલામ બાદ ખૂબ જ કામ્યાબીથી પ્રોગ્રામ ખત્મ થયો હતો.

*–અમજદ એન. સૈયદ (હાડગુડ)*

**સૂરાશામળ** : ખાતે મદરસાએ ગુલશને મદીનાનો જશ્ને ઈફતેતાહ હઝરત સૈયદ મુશ્તાકઅલી બાવા કલ્લાવાળા, હઝરત સૈયદ કમાલુદ્દીનબાવા (તીલકવાડા) સૈયદ મજલેસાબ (સલાદરા) સૈયદ વાહિદઅલી (કલ્લા શરીફ), હાજી મુહમ્મદભાઈ સરનારીયા (સાંસરોદ) તથા હાજી ઈસ્લાયસભાઈ ભીખા (વલણ) તથા પુષ્કળ સુન્ની અવામની હાજરીમાં તા. ૨૫–૧૧–૦૭ સવારે નવ વાગ્યે યોજાયો જેમાં હાફિઝ ક઼ારી મૌલાના હસન અલી અશરફી હલદરવાવાળા સાહબે નૂરાની બયાન કર્યું. *–રજૂ. હાફિઝ અબ્દુલ્લાહ મુહમ્મદ અશરફી*

### શાદી મુબારક હો !

જનાબ હાફેઝ ક઼ારી આદમ ઈસા કંબોલીવાળાની નેક દુખ્તર સાયમાબાનુની શાદી કંબોલીના હાજી ઈસ્માઈલ હાજી ઈસાના નેક ફરઝંદ ઈરફાન સાથે તા. ૯–૧૨–૨૦૦૭ના રોજ મદીના પાર્ક (ભરૂચ) ખાતે શાનો શૌકતથી થઈ. એના નિમિત્તે તા. ૭–૧૨–૦૭ ઝહોરથી અસર સુધી બહેનો માટે ઈજતેમા થયો જેમાં સલ્મા આપા મુંબઈથી તશરીફ લાવેલાં તેમજ સ્થાનિક આલિમા મુબલ્લિગા બહેનોએ બયાનો કર્યા હતાં ઉપરાંત રાત્રે ઈશા બાદ મદીના પાર્ક ભરૂચ ખાતે 'મેહફિલે સમાએ નઅતે પાક'નો શાનદાર ઈજતેમા પીરે તરીક઼ત હઝરત મૌલાના સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી સાહબ તથા પીરે તરીક઼ત હઝરત સૈયદ યૂસુફબાવા નૂરાની પેટલાદી, હઝરત સૈયદ શૌકત અલી બાવા

જંબુસરી, મૌલાના ઉષ્માનગની બાપુ (ધ્રોલ), હાફેઝ આદમ વોરાસમનીવાળા (ધ્રોલ) તેમજ વિવિધ સુન્ની દારુલ ઉલૂમોના ઉલમા–હુફ્ફાઝની મૌજૂદગીમાં યોજાયો. જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે મુંબઈથી તશરીફ લાવી નઅતેપાકના ગુલદસ્તા પેશ કરી મજમાને રૂહાની ખુશીઓથી તર કરી દીધો હતો.

**બોડેલી** : જનાબ સાજિદ અ. મજીદ ખત્રી હજ્જો ઝિયારત હરમૈન શરીફૈન માટે તશરીફ લઈ ગયા છે તેની ખુશીમાં રૂા. ૨૫૦/– બરકાતે ખ્વાજા (માસિક)ને લિલ્લાહ આપ્યા છે. **વાગરા** : થી તેમજ જનાબ મુશ્તાકભાઈ ટોપીવાળા (વાગરા) પણ ફેમેલી સાથે હજ્જની સફરે ગયા છે. અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદકામાં તેમની સફરને આસાન ફર્માવે અને તેમની હજ્જને કૂબૂલ ફર્માવે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ઈન્તેકાલ પુરમલાલ !**

ઝીલ હજ્જ હિ.સ. ૧૪૨૮ના ગયા મહિનામાં કછોછા શરીફ ખાતે ગાઝીએ મિલ્લત હઝરત મૌલાના સૈયદ હાશમીમિયાં કછોછવીનાં અહલિયા મોહતરમા મખ્દૂમા પીરાણી અમ્મા તા. ૨૨/૧૧/૦૭ના રોજ તેમજ અમદાવાદ ખાતે શૈખુલ ઈસ્લામ હઝરત અલ્લામા મૌલાના સૈયદ મુહમ્મદ મદનીમિયાં અશરફી કછોછવીનાં અહલિયા મોહતરમા મખ્દૂમા આપા તા. ૪/૧૨/૦૭ના રોજ ઈન્તેકાલ ફર્માવી ગયાં છે. તેમનુ ચેહલૂમ અનુક્રમે કછોછા મુકામે તા. ૨૯–૧૨–૨૦૦૭ અને અમદાવાદ મુકામે તા. ૧૦–૧–૨૦૦૭ના રોજ રાખવામાં આવેલ છે. તે ઉપરાંત મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન સાહબ રઝવી બરકાતી (સદર મુફતી જામિઆ અશરફિયહ : મુબારકપુર)નાં વાલિદા મોહતરમા સુહૈબુન્નિસા તા. ૨૭–૧૧–૨૦૦૭ના રોજ બુજૈલી મુકામે ઈન્તેકાલ કરી ગયાં. મૌલા તઆલા સર્વે મર્હૂમોની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા ફર્માવે અને કુટુંબીજનોને તથા અકીદતમંદોને સબ્રે જમીલ અતા ફર્માવે. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ) ખાતે કુર્આન ખ્વાની કરાવી ઈસાલે સવાબ સર્વના માટે કરવામાં આવ્યો હતો. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હિંમતનગર** : મૌ. અ. ગની રાજેભાઈનાં વાલિદા મર્હૂમા હજીયાણી અઝીઝા બીબી અહમદ રાજેભાઈનો ૭૦ વરસની વયે તા. ૨૭–૧૧–૦૭ના રોજ ઈન્તેકાલ થયો છે તેમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૧૦૧ બરકાતે ખ્વાજા (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના મહબૂબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે જન્નતમાં આલા મકામ અતા કરે. (આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૦૧. પઠાણ યુવાન** : ઉ. ૩૩ વરસ, ઊંચાઈ : ૫.૫', ઘંઉવર્ણો, એજ્યુકેશન : F.Y.B.com સુધી, હાલ : બિઝનેસ (ઘરની ફેકટરી) (જામનગર તરફના)

**૦૨. શેખ યુવાન** : ઉ. ૨૩, નવ પાસ, દીની તાલીમ કારી, મદરસો પઢાવે છે, માસિક આવક રૂા. ૩૦૦૦/– CNG રીક્ષા ભાડે આપેલ છે. દીનદાર, પર્દાની પાબંદ છોકરી પસંદગીને પાત્ર. (અમદાવાદ તરફ)

**૦૩. મલેક યુવાન** : ઉમર : ૨૨ વર્ષ, ઊંચાઈ : ૫.૧૦', વજન : 60kg., ૮ પાસ, પઢાઈ : આલિમ–કારી, હાલ દુકાન ચલાવે છે. (ભરૂચ તરફ)

**૦૪. સૈયદ યુવતી** : જ.તા. ૨૦–૯–૧૯૮૭, ઊંચાઈ : ૫.૫', ઘંઉવર્ણ, દેખાવ સામાન્ય, ૧૨ પાસ (અમદાવાદ તરફ)

**૦૫. મલેક યુવતી** : ઉમર : ૨૩ વર્ષ, ઊંચાઈ : ૫.૪', વજન : 48kg, દસ પાસ, રંગ ગોરો–દેખાવડી, સિલાઈકામ, રસોઈકામ જાણનાર. (ભરૂચ તરફ)

**૦૬. બેગ (મિર્ઝા) યુવતી** : ઉમર : ૨૧ વર્ષ, એજ્યુ. B.A. Economics, સિલાઈ–મેંદી, પેઈન્ટીંગ જાણકાર, દીનદાર (પેટલાદ તરફ)

**૦૭. મેમણ યુવતી** : ઉમર : ૨૩ વર્ષ, ઊંચાઈ : ૫.૬', એજ્યુ. B.P.N.A. નર્સિંગ કોર્સ, કલર ઘંઉવર્ણ, સર્વિસ ચાલુ છે, સુન્ની એજ્યુકેટેડ છોકરો પસંદગી પાત્ર (ખેડા તરફ)